શ્રી પ. પ. શ્રી વાસુદેવાનન્દસરસ્વતી
સ્વામીમહારાજશ્રી વિરચિત

# સ્તોત્રપંચક

## સંક્ષિપ્ત અભ્યાસ

: વિવરણકાર :

પ્રા. ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે

**પ્રેરક** : શ્રી સુધીરભાઈ સોની
શ્રી રંગપરિવાર
સુરત
(૦૨૬૧-૨૭૬૭૪૧૧)

**પ્રકાશક** : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ

**ગ્રાફિક્સ** : ચંદ્રકાન્ત પટેલ
(મો.) ૯૭૨૭૨૪૪૦૬૨

**મુદ્રક** : શ્રી ગણેશ પ્રિન્ટર્સ
(મો.) ૯૮૨૫૬૧૫૧૬૧

**આવૃત્તિ** : પ્રથમ,
શનિવાર, માગસર સુદ ૧૨ને તા. ૧૪-૧૨-૨૦૧૩

**પ્રત** : **૫૦૦**

**૩૦ રૂપિયા**

**સ્વામી મહારાજ સમાધિ શતાબ્દી વર્ષ**

# મંગલાચરણ

## કેમ કરીને કરું કવિતા...

કેમ કરીને કરું કવિતા વાસુદેવાનન્દ તમારી
તમે સત્ય નિર્ભેળ અને હું બારખડી નિઃસ્પન્દ બિચારી !

ચક્રનાભિ સમ વિશ્વકાવ્યના
તમે દિવ્ય ઉદ્‌ગાતા
કાવ્ય-પુરુષ હે ! લહું કાવ્યમય
કાવ્ય અહર્નિશ ગાતાં

નામ-સુધારસસિક્ત સદ્‌ગુરુ વાસુદેવાનંદ તમારી
કેમ કરીને કરું સ્તુતિ હું નિર્બલ ખલ અવિચારી !
કેમ કરીને કરું કવિતા... !

આલમ્બન અવિવેક અસારે
ઉદ્દીપન સંસારે
કામ-ક્રોધ વ્યભિચારી ભાવે
હું અનુતપ્ત વિભાવે

કેમ કરીને કરું અર્ચના વાસુદેવાનન્દ તમારી
રંગ-રૂપ અવધૂત દ્વાર પર હું નિર્ધન ભિખારી !
કેમ કરીને કરું કવિતા... !

**ભાદ્રકૃષ્ણ-૧૨**
**મંગળવાર**
૧-૧૦-૨૦૧૩

**શાસ્ત્રી જ્યેન્દ્ર દવે**
જી-૧, શિવ
શિવ-સાગર એપાર્ટમેન્ટ્સ
નાના બજાર
વલ્લભવિદ્યાનગર - ૩૮૮૧૨૦

## લેખકનું મનોગત

ઈ.સ. ૧૯૬૮ના શ્રાવણ માસની વદ આઠમની (કોઈક માસની કોઈક તારીખે) સાંજે ઘરે જતાં રસ્તામાં પૂજનીય શ્રી અવધૂત મહારાજશ્રીને નજરે જોવાનો યોગ બન્યો. ત્યાર પછી કોઈક અગમ્ય રીતે તેમને પામવાનો ક્રમ ચાલ્યો. એ દરમિયાન તા. ૨૫-૮-૧૯૭૮ના રોજ પુણેના શ્રી ગોવિંદ ગોખલે દ્વારા પ્રકાશિત પૂજનીય સ્વામી મહારાજશ્રીના ત્રણ ગ્રંથ શ્રી દત્તપુરાણ, શ્રી ગુરુચરિતમ્ (દ્વિસાહસ્રી) તથા સ્તોત્રાદિ સંગ્રહ પ્રાપ્ત થતાં અભ્યાસ વધુ ઘનીષ્ટ અને વેગવાન બન્યો. એ ક્રમમાં ઈ.સ. ૧૯૯૬-૯૭ના ઓગસ્ટ માસમાં શ્રી વાસુદેવ નિવાસ, પુણે ખાતે સ્તોત્રાદિ સંગ્રહ પર ત્રણ દિવસમાં ત્રણ વ્યાખ્યાન (સાંજે ૫-૦૦ થી ૬-૪૫) માટે આશ્ચર્યકારક આમંત્રણ પ્રાપ્ત થયું. એ ત્રણ દિવસોમાં શ્રી વાસુદેવ નિવાસના અધ્યક્ષ પૂજનીય (દિવંગત) શ્રી કવીશ્વર શાસ્ત્રી મહારાજશ્રીનાં દર્શનનો તથા ખાસ તો એમના જેવા એક બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સદ્‌ગુરુ દ્વારા થતી રાત્રીસંધ્યાનું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું ત્યારથી પૂજનીય સ્વામી મહારાજશ્રીના ગ્રન્થોના અધ્યયન-અનુશીલનનો ક્રમ સતત ચાલતો જ રહ્યો. પરિણામે તેમના વરદ ગ્રંથ દ્વિસાહસ્રી (શ્લોકાનુવાદ) તથા શ્રી દત્તપુરાણ, શ્રી દત્તચમ્પૂ, શ્રી કૃષ્ણાલહરી તથા પંચપાક્ષિક ગ્રંથોના સ્વોપજ્ઞ ટીકાના અનુવાદ કરતાં કરતાં તન્મયતાના અનુભવમાં નિમગ્ન રહેવાનું બનતું રહ્યું. આજે તેમના સમાધિ શતાબ્દિના પાવન વર્ષે તેમના થોડાંક સ્તોત્રોનો સંક્ષિપ્ત અભ્યાસ અહીં રજૂ કરતાં ધન્યતા અનુભવું છું. આવા પુસ્તકના પ્રકાશન માટે તત્પર થયેલા સર્વ ગુરુભક્ત જનોનો ગુરુભક્તિભાવ પરમ સંતર્પક છે સૌને ધન્યવાદ.

માનનીય શ્રી સુધીરભાઈ સોની તથા સૂરતના શ્રીરંગ-પરિવારે આ લખાણનાં પ્રકાશન માટે તત્પરતા દર્શાવ્યા પછી કોઈક અગમ્ય



રીતે તેનું પ્રકાશન શ્રી પ્રેમજયંતી સમિતિના ઉપક્રમે થવાનું ગોઠવાયું. તે માટે માનનીય પ્રા. શ્રી કુલીનભાઈએ જે સન્નિષ્ઠ શ્રમ લીધો તે ખરેખર પૂજનીય સદ્‌ગુરુ ભગવાન અને પૂજનીય શ્રીપ્રેમઅવધૂત બાપુજીની અહૈતુકી કૃપાનું સ્વરૂપ અને મારું સદ્‌ભાગ્ય છે. મારું લખેલું આ ત્રીજું પુસ્તક શ્રીપ્રેમજયંતી સમિતિના આશ્રયે પ્રકટ થાય છે; શ્રી ગુરુદેવ દત્ત !!

અહીં આ સ્તોત્રોના શબ્દાર્થ અને શ્લોકાર્થ સાથે તદનુરૂપ વિવરણ આપવાનો પ્રયત્ન વાચક ભક્તોને સહાયક થશે એવી શ્રદ્ધા છે. પૂજનીય સ્વામી મહારાજ જેવા ઉત્કૃષ્ટ દેવ-પુરુષોની વાણીને પામવાનું મારા જેવા પામર માણસ માટે શક્ય નથી જ; છતાંય અનુશીલનરૂપે આવું લખવામાં કશો વાંધો નથી એમ માની યથામતિ જે કાંઈ લખ્યું છે અને જેવું લખ્યું છે તેનાથી સદ્‌ગુરુ ભગવાન પ્રસન્ન થાય એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

**॥ इति ॥ प्रीयतां अनेन सद्गुरु भगवान श्री रङ्गावधूतः इति ॥**

**વિનીત**

**શાસ્ત્રી જયેન્દ્ર દવે**

જી-૧, શિવ,
શિવ-સાગર એપાર્ટમેન્ટ્સ
નાના બજાર,
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

ભાદ્ર વદ ૧૨
તા. ૧-૧૦-૨૦૧૩

# અર્ધ્ય

સુરત પરિવારના બધા રંગભક્તોને સાથે રાખીને રંગભક્તિના અવનવા કાર્યક્રમો રજૂ કરવા માટે સુધીરભાઈ સોની જાણીતા છે. સ્વામીમહારાજ સમાધિ શતાબ્દી વર્ષ નિમિત્તે એમણે પાંચ દિવસનો સુંદર કાર્યક્રમ કર્યો હતો. વિવિધ વિષયો પર વિવિધ વક્તાને બોલાવીને પ.પૂ. રંગ અવધૂત મહારાજ વિષે પરિવારને માહિતગાર કરવાની એમની ઈચ્છા અંતર્ગત આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે.

પરિવારના વિદ્વદ્વર્ય ડૉ. શાસ્ત્રી જયેન્દ્રભાઈ દવેને પોતાની આગવી હથોટી છે. સ્વામી મહારાજના પાંચ સ્તોત્રનું વિવરણ તો ખરું જ પરંતુ દરેક શબ્દનો અર્થ અને શ્લોકનો સળંગ અર્થ આપીને એમણે પરિવાર ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. ભક્ત દરેક શબ્દનો અર્થ જાણે, સળંગ અર્થ જાણે અને એની પાછળનું ચિંતન સમજે તો સ્તોત્ર કરતી વખતે એને વધુ ભાવ થાય.

આવા સત્કાર્યમાં સાથે રહેવાના આશયથી - પ્રેમજ્યંતી સમિતિ તરફથી પ્રકાશનની સઘળી જવાબદારી ઊઠાવવાની મારી વિનંતી એમણે સ્વીકારી તે એમનું સૌજન્ય છે એમ માનું છું.

વલસાડના મુ. ધનસુખભાઈ પટેલ પણ આ કાર્યમાં સલાહ-સૂચન આપીને પોતાનો સાથ અને સાદ પુરાવે છે.

પ.પ. સ્વામી મહારાજના અને પ.પૂ. રંગબાપજીના આશીર્વાદ બધા પર ઉતરો એવી મંગલ મનોકામના.

આ કાર્યનું સમગ્ર પ્રેસકાર્ય કરી આપવા બદલ હું અક્ષર ગ્રાફિક્સના શ્રી નૈમેષભાઈનો આભારી છું.

**અમદાવાદ** **કુલીન ઉપાધ્યાય**

**(૯૮૨૪૫૦૪૨૦૬)**



# આચમન

પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજની સમાધિ શતાબ્દીના ઉપક્રમે સુરત રંગ પરિવારે પાંચ દિવસનો કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમના ઉપક્રમે - સ્વામીમહારાજના બે સ્તોત્રને સમજાવવા માટે પરિવારના-વિદ્વદ્વર્ય મુ. ડૉ. શ્રી જયેન્દ્રભાઈ દવેને આમંત્રિત કર્યા હતા. એમના વિદ્વત્તાસભર પ્રવચન સાંભળીને એનું પ્રકાશન કરવાની ઈચ્છા થઈ. આ બે સ્તોત્રો ઉપરાંત બીજા ત્રણ સ્તોત્ર અંગે પણ વિવરણ થાય એવી ઈચ્છા જાગી. અમારી વિનંતીને એમણે સ્વીકારી. એમણે સ્તોત્રના શબ્દાર્થ, સળંગાર્થ અને વિવરણ ઉપરાંત 'સ્તોત્ર' વિશેની સાહિત્યિક વિશદ્ ચર્ચા પણ વિગતે તૈયાર કરી. આ માટે હું અને સુરત પરિવાર એમનો આભાર માનીએ છીએ. સામાન્ય ભક્ત માટે સાહિત્યવિષયક વિશદ ચર્ચા સમજવાનું કદાચ કાઠું પણ પડે પરંતુ આવી તાલીમની જરૂર છે એવું જણાતા એ પણ સાથે મૂક્યું છે. આશા છે કે વાચક વર્ગ આ પ્રયોગને આવકારશે.

પ્રકાશનની સઘળી જવાબદારી મારા વડીલ મિત્ર પ્રા. કુલીનભાઈ ઉપાધ્યાયે સ્વીકારી એનો મને આનંદ છે, ગર્વ છે અને ગૌરવ છે. એમનો આભાર માનીને સંબંધની ગરિમા ઓછી નહિ કરું.

આ પુસ્તક ગોરખટેકરીના ઋષિસમા રંગભક્ત પૂ. હરિ ૐ (હીરાકાકા)ને અર્પણ કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું. આ સ્તોત્રપંચકનો લાભ ભક્તો પૂરેપૂરો ઊઠાવે એવી પ.પૂ. રંગબાપજી અને પૂ. હીરાકાકા કૃપાવર્ષા કરે એવી પ્રાર્થના.

આ સમગ્ર કાર્યને સરળ બનાવવા માટેના સૂચનો આપનાર વડીલમિત્ર શ્રી ધનસુખભાઈ પટેલનો પણ આભારી છું.

મુ. જયેન્દ્રભાઈ દવેનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. સમગ્ર કાર્યક્રમમાં સહાયક બની સેવા આપનારનો આભારી છું.

**સુરત** **સુધીરભાઈ સોની**



# વિવરણકારનો પરિચય

**(અ) વ્યક્તિગત માહિતી :**

| | | |
|---|---|---|
| **નામ** | : | દવે જયેન્દ્ર કાકુભાઈ |
| **લેખક/કવિ નામ** | : | (૧) શાસ્ત્રી જ્યોતિન્દ્ર દવે<br>(૨) યયાતિ નામે કાવ્યો પ્રકાશિત કર્યાં હતાં. |
| **જન્મતારીખ** | : | ૩૦-૬-૧૯૪૦ |
| **જન્મસ્થળ** | : | મોરબી |
| **વ્યવસાય** | : | અધ્યાપક (૪૧ વર્ષ - ટ્યુટરથી પ્રોફેસર સુધી) |
| **નિવૃત્ત** | : | પ્રોફેસર - અધ્યક્ષ - ડીન<br>અનુસ્નાતક શિક્ષણ શાસ્ત્ર વિભાગ<br>સરદાર પટેલ યુનિવર્સિટી<br>વલ્લભ વિદ્યાનગર |
| **સરનામું** | : | જી-૧, શિવ, શિવ-સાગર એપાર્ટમેન્ટ્સ<br>નાના બજાર પાસે,<br>વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ |
| **દૂરભાષ** | : | ૦૨૬૯૨-૨૩૪૬૨૬ |
| **ભ્રમણભાષ** | : | ૯૮૭૯૨૪૫૪૦૩ |

**પીએચ.ડી. માર્ગદર્શન :** ૨૭ વિદ્યાર્થી શિક્ષણશાસ્ત્રમાં પીએચ.ડી.

**(આ) પ્રકાશન :**

**(૧) સાહિત્યિક પ્રકાશન**

| | **શીર્ષક** | **પ્રકાશન** | **વર્ષ** |
|---|---|---|---|
| ૧. | હવે એવો દિવસ આવે ! (કાવ્યસંગ્રહ) | સ્વયં (ગુજરાત સરકારશ્રીની સહાયથી પ્રકાશિત) | ૧૯૮૧ |



**(૨) શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો :**

| | **શીર્ષક** | **પ્રકાશન** | **વર્ષ** |
|---|---|---|---|
| ૨. | શિક્ષણ-દર્શન પરિભાષા કોષ | સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર | ૧૯૭૮ |
| ૩. | કલ્પના અને તેનો શૈક્ષણિક ફલિતાર્થ | સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર | ૧૯૮૨ |
| ૪. | કવિતાનું શિક્ષણ | સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર | ૧૯૮૨ |
| ૫. | સર્જનશીલતા અને તેનો શૈક્ષણિક ફલિતાર્થ | બાલગોવિંદ અમદાવાદ | ૧૯૭૬ |
| ૬. | વિચાર | બાલગોવિંદ, અમદાવાદ | ૧૯૮૨ |
| ૭. | સંસ્કૃત અધ્યયનની શાસ્ત્રીય પદ્ધતિઓ | ગુજરાત સાહિત્ય અકાદમી<br>સંસ્કૃત સાહિત્ય અકાદમી | ૧૯૮૭<br>૨૦૦૦ |
| ૮. | કેળવણીના તાત્ત્વિક આધારો | યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ | ૧૯૮૩<br>૧૯૮૫<br>૨૦૧૩ |
| ૯. | ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન | યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ | ૧૯૮૬<br>૨૦૦૪<br>૨૦૧૩ |

**(૩) વિવરણાત્મક/અભ્યાસગ્રંથ**

**(અ) શ્રીરંગઅવધૂત મહારાજ વિષયક**

| | | | |
|---|---|---|---|
| ૧૦. | સદ્બોધ શતક (શ્રી રંગ અવધૂત મહારાજની સંસ્કૃત ટીકાનો અનુવાદ) | સસ્તું સાહિત્ય વ. કાર્યાલય અમદાવાદ | ૧૯૮૪<br>૨૦૧૩-૨૦૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | શ્રી રંગઅવધૂત પ્રશ્નોત્તરમાલા - એક વિવરણ | અવધૂત સા.પ્ર. નારેશ્વર ટ્રસ્ટ, નારેશ્વર | ૨૦૦૦ |
| ૧૨. | શ્રી દત્તનામ સ્મરણ સ્તોત્રમ્ - એક વિવરણ | શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | ૨૦૦૮ |
| ૧૩. | મન્ત્રગર્ભો હનુમત્સ્વઃ - એક વિવરણ | શ્રી રંગ સેવાસંઘ, નારેશ્વર | ૨૦૦૯ |
| ૧૪. | શ્રી વાસુદેવનામ સુધા - એક વિવરણ (ગુજરાતી) | શ્રી પ્રેમ જયંતી સમિતિ, અમદાવાદ | ૨૦૦૩ |
| ૧૫. | શ્રી વાસુદેવનામ સુધા - એક વિવરણ (હિન્દી) | નારેશ્વર | ૨૦૦૬ |
| ૧૬. | કર્મોપાસન માર્ગ : સિદ્ધાંત-વિશ્લેષણ | શ્રી પ્રેમ જયંતી સમિતિ અમદાવાદ | ૨૦૦૭ |

**(આ) શ્રી વાસુદેવાનંદ સ્વામીજીનાં પુસ્તકો (ટીકાસહિત અનુવાદ)**

| | | | |
|---|---|---|---|
| ૧૭. | શ્રીમદ્ દત્ત પુરાણ | સસ્તું સા.વ. કાર્યાલય | ૨૦૦૮<br>૨૦૧૩ |
| ૧૮. | શ્રી દત્ત ચમ્પુ. | શ્રી અવધૂત સા.પ્ર. ટ્રસ્ટ, નારેશ્વર | ૨૦૦૪ |
| ૧૯. | શ્રી કૃષ્ણાલહરી | શ્રી અવધૂત સા.પ્ર. ટ્રસ્ટ, નારેશ્વર | ૨૦૦૪ |
| ૨૦. | પઞ્ચપાક્ષિક | શ્રી અવધૂત સા.પ્ર. ટ્રસ્ટ, નારેશ્વર | ૨૦૦૫ |

**(ઇ) અન્ય ગ્રંથ**

| | | | |
|---|---|---|---|
| ૨૧. | ષોડશ ગ્રંથ (શ્રી વલ્લભાચાર્યજી) | સસ્તું સા.વ. કાર્યાલય, અમદાવાદ | ૨૦૦૪<br>૨૦૧૨ |
| ૨૨. | ભક્ત પ્રવર કાક ભુશુણ્ડિજી | સસ્તું સા.વ. કાર્યાલય, અમદાવાદ | ૨૦૦૬<br>૨૦૧૩ |
| ૨૩. | પાતઞ્જલ યોગદર્શન | સસ્તું સા.વ. કાર્યાલય, અમદાવાદ | ૨૦૦૬ |



## ❖ પારિતોષિકની માહિતી

| | પુસ્તક | પારિતોષિક | વર્ષ |
|---|---|---|---|
| ૧. | સર્જનશીલતા અને તેનો શૈક્ષણિક ફલિતાર્થ | ૧. ગુજ.સા.પરિ.નું શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક | ૧૯૭૮ |
| | | ૨. ગુજ. સરકારનું શ્રેષ્ઠ પુસ્તક માટે | ૧૯૭૮ |
| ૨. | શિક્ષણદર્શન પરિભાષા કોષ | ૧. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક ગુજ.સા. પરિષદ | ૧૯૮૦ |
| | | ૨. ગુજ.સા.અકાદમીનું દ્વિતીય પારિતોષિક | ૧૯૮૦ |
| ૩. | શ્રી રંગ પ્રશ્નોત્તર માલા - એક વિવરણ | ૧. શ્રી અરવિંદ સુવર્ણ ચંદ્રક પારિતોષિક ગુજ.સા. પરિષદ | ૨૦૦૨ |

| | સંશોધનપત્ર | પારિતોષિક | વર્ષ |
|---|---|---|---|
| ૧. | મૂલ્ય શિક્ષણ | શ્રી હરિ ૐ આશ્રમ ઈન્ટર યુનિ. પારિતોષિક | ૧૯૯૪ |
| ૨. | આદિ શંકરાચાર્યનું સંશ્લેષણાત્મક અને વિશ્લેષણાત્મક પદ્ધિશાસ્ત્ર | ,, | ૧૯૯૮ |
| ૩. | પૂર્વમીમાંસા અને શિક્ષક | ,, | ૨૦૦૦ |
| ૪. | ભગવદ્ગીતામાં નિર્દિષ્ટ જ્ઞાન અને શિક્ષા | ,, | ૨૦૦૦ |
| ૫. | શ્રી ગિજુભાઈ બધેકાનું કેળવણીમાં પ્રદાન | ગુજ.સા. અકાદમી ગાંધીનગર | ૧૯૮૭ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્રમ્ | ૧ થી ૧૬ |
| ૨. | શ્રી દત્તસ્તવસ્તોત્રમ્ (શાન્તિસ્તોત્રમ્) | ૧૭ થી ૩૦ |
| ૩. | ચિત્તસ્થિરીકરણસ્તોત્રમ્ | ૩૧ થી ૪૨ |
| ૪. | શ્રી દત્તાત્રેયાપરાધક્ષમાપનસ્તોત્રમ્ | ૪૩ થી ૫૮ |
| ૫. | શ્રી દત્તઉત્થાપનસ્તોત્રમ્ (દત્તપ્રબોધસ્તવ) | ૫૯ થી ૬૯ |
| ૬. | સ્તોત્ર કાવ્ય : સંકલ્પના, સ્વરૂપ, રચના | ૭૦ થી ૮૨ |
| ૭. | સ્વામી મહારાજશ્રીની સ્તોત્ર રચના : અવલોકનાત્મક ભૂમિકા | ૮૩ થી ૯૨ |




**નોંધ :**

**નોંધ :**

# 1 श्री दत्तात्रेयप्रार्थनास्तोत्रम्
# (घोरकष्टोद्धरणस्तोत्रम्)

**સ્તોત્ર પ્રસ્તાવના :**

અહીં, પ્રથમ પૂજનીય સ્વામી મહારાજશ્રી વિરચિત **श्री दत्तात्रेय प्रार्थना स्तोत्र**નો વિવરણાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. પ.પ.શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજશ્રી કર્ણાટકનાં શ્રીક્ષેત્ર કુરવપુર (કુરુગુડ્ડી)માં રોકાયા હતા ત્યારે અન્તઃપ્રેરણાથી પ્રસ્તુત સ્તોત્રની રચના કરી, શ્રી નરસોબાવાડી સ્થિત, પોતાના પટ્ટ શિષ્ય પ.પ. શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી (શ્રી દીક્ષિત સ્વામી) મહારાજશ્રીને ટપાલ દ્વારા મોકલ્યું હતું.

પ્રસ્તુત **શ્રી દત્તાત્રેય પ્રાર્થના સ્તોત્ર**નો કેન્દ્રવર્તી વિચારદર્શક શબ્દ **घोरकष्ट उद्धार** હોઈ, આ સ્તોત્ર મહદંશે **कष्टोद्धरण** યા **घोरकष्टोद्धरण** સ્તોત્ર તરીકે પણ પ્રખ્યાત છે. આ સ્તોત્ર અઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્રના નામે પણ જાણીતું છે.

પ્રસ્તુત સ્તોત્રમાંનાં નિરૂપણનો મૂળ આધાર શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીવાસુદેવકૃષ્ણ પ્રબોધિત નિમ્ન શ્લોક હોવાનું સમજાય છે :

**उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥५।५॥**

અર્થાત્ મનુષ્ય પોતે જ સંસાર સમુદ્રમાંથી પોતાનો ઉદ્ધાર કરે. પોતે થઈને પોતાને અધોગતિમાં ધકેલે નહીં. કારણ કે મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર (બન્ધુ) અને પોતે જ પોતાનો શત્રુ છે.

અહીં પરમપદની પ્રાપ્તિમાં કારણરૂપ યોગારૂઢ અવસ્થાએ પહોંચવા માટે શ્રીકૃષ્ણ પરમાત્માએ મનુષ્યને જે બોધ આપ્યો છે તેના આધારે શ્રી સ્વામી મહારાજશ્રીએ પ્રસ્તુત સ્તોત્રનો વિચારતન્તુ વિકસાવ્યો હોવાનું સમજાય છે.

અનાદિકાળથી જીવ અજ્ઞાનવશ આ દુઃખમય સંસાર સાગરમાં ડૂબકીઓ ખાતાં ખાતાં, અનેક પ્રકારની યોનીઓમાં અથડાતાં કૂટાતાં, અનેક પ્રકારનાં કષ્ટો સહન કર્યે જ જાય છે. જીવમાત્રની આ દયનીય દશા જોઈને દયામય સદ્‌ગુરુ ભગવાન તેને સાધન ઉપયોગી દેવ-દુર્લભ મનુષ્ય શરીર આપીને એક તક આપે છે; જેથી તે ઈચ્છે તો સાધના દ્વારા એક જ જન્મમાં સંસાર સમુદ્રમાંથી નીકળી સહજ રીતે પરમાનન્દ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરી શકે. તેથી માણસ પોતાને પ્રાપ્ત આ માનવજીવનરૂપ દુર્લભ તકને હાથમાંથી જવા ન દેતાં, જ્ઞાન, કર્મ તથા સવિશેષ ભક્તિ-ઉપાસના, કર્મ-ઉપાસનાની કોઈક સાધનામાં લાગી જાય, અર્થાત્ પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો. એનાથી ઊલટું રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ-મોહમાં સતત રમમાણ રહી, જાત-જાતનાં દુષ્કર્મ-કુકર્મ કરતા રહેવું અને પરિણામે મનુષ્ય શરીરથી સહજ રીતે લભ્ય ભગવત્પ્રાપ્તિથી વંચિત રહી કાગડા-કૂતરાની યોનીઓમાં ધકેલાવું એ જ પોતે થઈ પોતાને પતનની ગર્તામાં નાખવી.

ગીતાજીમાં નિર્દિષ્ટ આ વિચાર તન્તુના આધારે સદ્‌ગુરુ ભગવાનશ્રી વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામીશ્રીએ પ્રાર્થનાનો એક માર્ગ અહીં પ્રસ્તુત સ્તોત્રમાં બતાવ્યો છે.

ભક્ત પોતાના ઈષ્ટ દેવને કરબદ્ધ પ્રાર્થે છે : **घोरात्कष्टादुद्धर...** હે પ્રભુ, આપ અમને ઘોર કષ્ટમાંથી ઉગારો... અમારો ઉદ્ધાર કરો... એ શું કહેવા માગે છે તે આપણે સમજવા પ્રયત્ન કરીએ.

**श्रीपादश्रीवल्लभ त्वं सदैव ।**
**श्रीदत्तास्मान्पाहि देवाधिदेव ॥**
**भावग्राह्य क्लेशहारिन्सुकीर्ते ।**
**धोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥१॥**



**त्वं नो माता त्वं पिताऽऽप्तोधिपस्त्वं ।**
**त्राता योगक्षेमकृत्सद्‌गुरुस्त्वम् ॥**
**त्वं सर्वस्वं नोऽप्रभो विश्वमूर्ते ।**
**धोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥२॥**

**पापं तापं व्याधिमाधिं च दैन्यं ।**
**भीतिं क्लेशं त्वं हराऽशु त्वदन्यं ।**
**त्रातारं नो वीक्ष ईशास्तजूर्ते ।**
**धोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥३॥**

**नान्यस्त्राता नापि दाता न भर्ता ।**
**त्वत्तो देव त्वं शरण्योऽकहर्ता ।**
**कुर्वात्रेयानुग्रहं पूर्णराते ।**
**घोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥४॥**

**धर्मे प्रीतिं सन्मतिं देवभक्तिं ।**
**सत्संगाप्तिं देहि भुक्तिं च मुक्तिम् ।**
**भावासक्तिं चाखिलानन्दमूर्ते ।**
**घोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥५॥**

**श्लोक पंचकमेतद्यो लोकमङ्गलवर्धनम् ।**
**प्रपठेन्नियतो भक्त्या स श्रीदत्तप्रियो भवेत् ॥६॥**

**॥ इति प.प. श्री वासुदेवानन्द सरस्वती विरचितं**
**श्रीदत्तात्रेयप्रार्थना (घोरकष्टोद्धरण) स्तोत्रम् संपूर्णम् ॥**

**શ્રીપાદશ્રી વલ્લભ ત્વં સદૈવ ।**
**શ્રી દત્તાસ્માન્ પાહિ દેવાધિદેવ ॥**
**ભાવગ્રાહ્ય ક્લેશહારિન્સુકીર્તે ।**
**ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૧॥**

**શબ્દાર્થ : श्रीपाद** - જેમના ચરણમાં શ્રીલક્ષ્મીનો નિવાસ છે; **श्री वल्लभ-**જેઓ શ્રીલક્ષ્મીજીના વલ્લભ-નાથ છે. **त्वम्** = તમે (આપ). **सदैव-सदा-एव** = હંમેશાં જ (**एव**નો પ્રયોગ નિશ્ચયાર્થક છે.) **श्रीदत्ताऽस्मान्** = **श्री दत्त-अस्मान्** = હે શ્રી દત્ત અમને, **पाहि -** (પા. ધાતુ ૨.૫.૫) રક્ષણ કરો, **देवाधिदेव - देव-अधितेव** = (હે) દેવોના દેવ, **भावग्राह्य** (ભક્તના) ભક્તિ-ભાવને વશ, **क्लेशहारिन्** (ભક્તના) ક્લેશ હરનારા, **सुकीर्ते** = હે સુન્દર કીર્તિ વાળા, **घोरात्-कष्टात्** = ઘોર કષ્ટમાંથી, **उद्धर-अस्मान्-नमस्ते** = **नमः ते** અમારો ઉદ્ધાર કરો. આપને નમસ્કાર.. !! ॥૧॥

**શ્લોકાર્થ :** હે દેવાધિ દેવ, શ્રીપાદશ્રીવલ્લભસ્વરૂપ શ્રીદત્તાત્રેય ! (ભક્તના ભક્તિ) ભાવને વશ, (ભક્તના) ક્લેશ હરનાર, હે સુકીર્તે-શોભના કીર્તિ-યશવાળા, તું (આપ) હંમેશાં અમારું રક્ષણ કર. (કરો.) અમારો ઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કરો. આપને નમસ્કાર !! ॥૧॥

**વિવરણ :** સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય દેવોના પણ અધિદેવ એટલે મનુષ્યમાત્રના હૃદયમાં વિરાજમાન આત્મદેવના પણ દેવ = પરમાત્મા સ્વરૂપ, બધાં જ ઐશ્વર્યોથી સમ્પન્ન એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ તથા તેમની વિભૂતિ સ્વરૂપ ઈન્દ્ર, વરુણ, વાયુ, યમ જેવા અનન્ત કોટી દેવોને જે ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે તે તેમના જ ઐશ્વર્યના અંશરૂપ છે. તેથી બધા (અન્ય) દેવોની સ્તુતિ ન કરતાં હું આપની-આપના શ્રી ચરણની સ્તુતિ કરું છું. આપનું **શ્રી દત્ત** નામ અન્વર્થક-અર્થાનુસારી છે; કારણ કે આપે ભગવતી અનસૂયા અને મહર્ષિ અત્રિને આત્મદાન આપ્યું તથા આપના અનન્ય ભક્તો સહસ્રાર્જુન, અલર્ક, આયુ, યદુરાજ આદિને ઐહિક રાજ્ય, લક્ષ્મી, સ્વર્ગ જેવી પારલૌકિક સંપદા, પરમ નિઃશ્રેય એવા મોક્ષ આદિ વિના સંકોચ આપ્યું.

હે શ્રી દત્ત પ્રભુ ! આપ **આપ્તકામ**, **પૂર્ણકામ**, **નિષ્કામ** હોવાનાં પ્રમાણો શ્રુત-સ્મૃતિમાં સંગ્રહિત છે. આપનાં ચરણકમળ સકલ



સદ્‌ગુણોના ધામરૂપ છે. તેથી ભગવતી લક્ષ્મીજીએ આપનાં ચરણનો આશ્રય કરેલો છે. સમ્પૂર્ણ જગતમાં આપનાથી શ્રેષ્ઠ કોઈ જ નથી. આપ શ્રી-લક્ષ્મીની બાબતમાં નિતાન્ત વિરક્ત છો તેથી જ તો લક્ષ્મીજી આપને વરેલાં છે. એટલે કે શ્રી આપના ચરણના આશ્રયે રહેતાં હોવાથી જ આપનું **શ્રીપાદ** એવું નામાભિધાન છે. આમ, ભક્તને શ્રીનું દાન કરવું આપને માટે ઘણું સરળ છે એમ સમજી અમે આપનાં ચરણ-શરણે આવ્યાં છીએ.

આપનો વિરહ થાય જ નહિ તે માટે ભગવતી લક્ષ્મી માતાએ આપનાં ચરણનો આશ્રય લીધો છે. એ લક્ષ્મીજીની સાથે પ્રભુ આપ મને આપનાં ચરણમાં સ્થાન આપો જેથી મારે પણ કયારેય આપનો વિરહ થાય જ નહીં, તેમજ લક્ષ્મીજીની કૃપા પણ અમને સતત પ્રાપ્ત થયા જ કરે. આપ **શ્રીવલ્લભ** છો, લક્ષ્મીજી આપની આજ્ઞા પ્રમાણે મારા પર હંમેશાં કૃપા કરતાં રહે.

સદાચારનાં પાલન દ્વારા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે; આમ છતાંય કલિકાલમાં શુદ્ધ આચારનું નિતાન્ત પાલન કઠિન હોવાથી ભગવત્સ્વરૂપ સાધુ-સન્તોએ ભક્તિમાર્ગનો પ્રચાર-પ્રસાર કર્યો છે; કારણ કે પ્રભુ, આપને વસ્તુતઃ જાતિ, આચાર, વય, રૂપ, શીલ, કુલ કરતાં ભક્તિ વિશેષ પ્રિય છે. આપ **ભાવગ્રાહ** = એકમાત્ર ભક્તિ ભાવવશ છો. અજામિલ, ગણિકા, વ્યાધ જેવા દુરાચારી-અનાચારી- લોકોના ભક્તિભાવની ઉત્કટતા જોઈ તેમના પર આપે અનુગ્રહ કર્યો છે. તેથી પ્રભુ, આપ મારા આચાર દોષને ક્ષમા કરી મને આપનાં ચરણમાં સ્થાન આપો.

પ્રભુ-સદ્‌ગુરુ ભગવાન ! આપ ભક્તોનાં ક્લેશહારિન્ – ક્લેશોને હરનારા છો; અર્થાત્ -

(1) **અવિદ્યા :** દેહ-શરીરમાં અહંભાવ તથા શરીર તેમજ સ્ત્રી-પુત્ર આદિ પ્રત્યે મમતારૂપ જે મિથ્યા જ્ઞાન – અજ્ઞાન છે તે અવિદ્યા નામનો ક્લેશ.

(2) **અસ્મિતા :** મિથ્યા ગર્વ.

(3) **રાગ** - વિષયોમાં આસક્તિ.

(4) **દ્વેષ** - શત્રુ છે એવું માની તેમના પ્રત્યે થતો ક્રોધ.

(5) **અભિનિવેશ** - કુલ-શીલ વગેરે પ્રત્યે લગાવથી થતું અભિમાન.

આમ, અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ પાંચ **ક્લેશ** મારામાં રહેલા જ છે; તેથી ખરેખર હું આપની કૃપાને પાત્ર નથી. છતાંય ભક્તના આવા ક્લેશ હરનાર તરીકે આપનું બિરુદ **ક્લેશહારિન્** છે; એ જાણીને હું આપના શરણે આવ્યો છું. આપ મારા જેવા શરણાગતની ઉપેક્ષા નહીં જ કરો એવી શ્રદ્ધાથી આપને પ્રાર્થું છું.

હે સદ્‌ગુરુ ભગવાન, અઘટિત ઘટના પટીય લીલાઓનું ગાન કરવા સ્વયં શેષ ભગવાન પણ સમર્થ નથી; પછી મારી શ્રી વિસાત !! પ્રભુ આપે :

(1) માહૂરની સતી (સાવિત્રી)ના મૃત પતિને સજીવ કર્યો.

(2) તદ્દન છેવાડાનું જીવન જીવતા દીન-હીન માણસને તેનાં પૂર્વજન્મોની સ્મૃતિ કરાવી તેનાં મુખે વેદ ભણાવ્યા.

(3) સાઠ વર્ષની વંધ્યા સ્ત્રીને કન્યા-પુત્ર આપ્યાં.

(4) શિરોળ ગામની દ્વિજ સ્ત્રીને પિશાચ પીડામાંથી મુક્ત કરાવી પુત્ર આપ્યા; પછી તેના એક પુત્રનું અવસાન થતાં તેનો ભક્તિભાવ પિછાણી મૃત પુત્રને જીવન્ત કર્યો.

(5) ચોરોથી હત થયેલા વલ્લભેશને જીવન્ત કર્યો.

(6) કુષ્ઠ રોગ પીડિત વિપ્રનાં અંગને સુવર્ણ જેવાં કાન્તિમય બનાવ્યાં.

(7) ત્રિવિક્રમને વિશ્વરૂપ દર્શન કરાવ્યું.

(8) શુષ્ક ઔદુમ્બર કાષ્ઠ (ઠૂંઠા)ને નવપલ્લવિત વૃક્ષ બનાવી આપ્યું.



(9) દીવાળીમાં આઠ રૂપ ધારણ કરી ભક્તોની મનોકામના પૂર્ણ કરી.

(10) ગરીબ ખેડૂતનાં ખેતરમાં લણી લીધેલા પાકને ફરીથી લહેરાતો કર્યો.

(11) અમરાપુરના દ્વિજનું દારિદ્રય હરી તેને અર્થપૂર્ણ સુવર્ણઘટ આપ્યો.

(12) તન્તુકને એક જ ક્ષણમાં શ્રીશૈલની તીર્થયાત્રા કરાવી પરત લાવી દીધો.

(13) નરકેસરીને સર્વદેવરૂપનું દર્શન કરાવ્યું.

પ્રભુ, આપની આવી સુકીર્તિ છે. આ સૌ ભક્ત પર આપે જેવી કૃપા કરી તેવી જ મારા પર પણ કૃપા કરી, મારી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સર્વે પ્રકારની સમસ્યાઓ - સર્વ કષ્ટોમાંથી મારો ઉદ્ધાર કરો. હું આપને નમસ્કાર કરું છું. આપ મારા નમસ્કારથી પ્રસન્ન થાઓ.

**ત્વં નો માતા ત્વં પિતાઽઽપ્તોઽધિપસ્ત્વમ્**
**ત્રાતા યોગક્ષેમકૃત્સદ્‌ગુરુસ્ત્વમ્ ॥**
**ત્વં સર્વસ્વ નોઽપ્રભો વિશ્વમૂર્તે ।**
**ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૨॥**

**શબ્દાર્થ : त्वम्** = તમે (આપ) **नो-नः** (**अस्माकम्-नः**) = અમારા **माता** = મા, **त्वम्** = તમે, **पिता-आप्त-अधिपः** = પિતા, સ્વજન, માલિક **त्वम्** = આપ. **त्राता** = તારનાર, **योगक्षेमकृत्** = યોગક્ષેમ (ભરણ-પોષણ) કરનાર. **सद्गुरुः-त्वम्** = આપ જ સદ્‌ગુરુ, **त्वम्** = આપ **सर्वस्व = सर्वस्व नोऽप्रभो = नः अप्रभो -** અમારા - અપ્રભો અર્થાત્ જેનો બીજો કોઈ પ્રભુ નથી તેવા, વિશ્વમૂર્તે **विश्वमूर्ते** = હે વિશ્વ મૂર્તિ.

**घोरात्** = અત્યન્ત ભીષણ એવા, **कष्टात्** = કષ્ટમાંથી, **उद्धर** = ઉદ્ધાર કરો, **अस्मान्** = અમારો **नमस्ते-नमः ते** = તમને નમસ્કાર. ।।૨।।

**શ્લોકાર્થ :** હે અપ્રભો = સર્વના પ્રભો ! હે વિશ્વમૂર્તે ! આપજ અમારી (મારી) માતા, પિતા, આપ્ત = સ્વજન, માલિક = પાલનકર્તા, તારનાર, યોગક્ષેમ કરનારા આપ જ સદ્‌ગુરુ આપ જ સર્વસ્વ છો, આપ મને (અમને) ઘોર કષ્ટમાંથી ઊગારો, આપને નમસ્કાર. ।।૨।।

**વિવરણ :** શ્લોકમાં પ્રયુક્ત **नोऽप्रभो** શબ્દ સમજવા જેવો છે. **नः - अप्रभो = नः** = અમારા, **अप्रभु = नास्ति प्रभुः यस्य** = જેનો કોઈ બીજો પ્રભુ નથી, તેના સંબોધન રૂપ અપ્રભો = હે અપ્રભુ. અર્થાત આપ સર્વેશ્વર છો, આ સમસ્ત ચરાચર વિશ્વ આપની જ મૂર્તિ હોવાથી આપ જ વિશ્વમૂર્તિ છો. વર્તમાન, ભૂત, ભવિષ્યરૂપ આ સમસ્ત બ્રહ્માંડ આપનું જ સગુણ સ્વરૂપ એટલે કે શ્રુતિના ઉલ્લેખ પ્રમાણે : ‘‘**सर्वंखल्विदं ब्रह्म**’’ આ બધું જ બ્રહ્મ સ્વરૂપ જ છે. હે સર્વેશ્વર, વિશ્વમૂર્તિ, માતાપિતા, આપ્ત = ઈષ્ટ-સ્વજન, રાજા, રક્ષક, યોગ-ક્ષેમ (અર્થાત્ અપ્રાપ્યની પ્રાપ્તિ = જે નથી તે મળવું તેનું નામ યોગ તથા પ્રાપ્તનું રક્ષણ તે ક્ષેમ) કરનાર, સદ્‌ગુરુ આપ જ છો. એટલે સમસ્ત વિશ્વનું પાલન કરતા આપ જ છો; વસ્તુતઃ માતા-પિતા, આપ્ત-ઈષ્ટ વગેરે તો નિમિત્ત માત્ર છે. આપના સિવાય જગતનું કોઈ જ કાર્ય થઈ શકે જ નહીં. જો ભગવદ્ કૃપાથી વરસાદ થાય તો જ પ્રજાનું પોષણ શક્ય બને. માતાના સ્તનમાં ભગવાન દૂધની ઉત્પત્તિ કરે જ નહીં તો માતા બાળકોને પોષણ કેવી રીતે આપી શકે! રક્ષકમાં ઈશ્વરીય સામર્થ્યના અભાવે તે અન્યનું રક્ષણ કેવી રીતે કરે? શિક્ષક શિક્ષણ કેવી રીતે આપે? તેથી સદ્‌ગુરુ ભગવાન જ આપણા સાચા માતા-પિતા છે, એ જગન્નાટકીનું આ નાટક છે. તેના સૂત્રધાર સદ્‌ગુરુ ભગવાન છે; પૂજનીય શ્રી અવધૂતજી કહે છે :



વદું વદાવે જેમ તું, ગાઉં ગવાડે તેમ;
કાષ્ઠ નર્તકી હું વિભો, સૂત્રધાર તું એમ ।। ગુ.લી. ૧૦૬/૩ ।।

તેથી હે સદ્‌ગુરુ ભગવાન હું આપના શરણે આવ્યો છું. આપ, આ ઘોર સંકટમાંથી મારું રક્ષણ કરો, મારો ઉદ્ધાર કરો; આપનાં ચરણમાં મારા નમસ્કાર. ।।૨।।

**પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં ।**
**ભીતિં ક્લેશં ત્વં હરાઽશુ ત્વદન્યં ।।**
**ત્રાતારં નો વીક્ષ ઈશાસ્તજૂર્તે ।**
**ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૩।।**

**શબ્દાર્થ : पापम्** = પાપ, **तापम् = त्रिताप**, **व्याधिम्** = શારીરિક વ્યાધિ, **आधिम्** = માનસિક દુઃખ, **च** = અને **दैन्यम्** = દારિદ્રય, **भीतिं** = ભય, **क्लेशम्** = પાંચ પ્રકારના ક્લેશ, **त्वम्** = તમે (આપ) **हराऽशु = हर-आशु** = સત્વરે હરી લો. **त्वदन्यम् = त्वत् - अन्यम्** = આપનાથી અન્ય (બીજા કોઈ) **त्रातारम्** = તારક **नो-नः** = ન **वीक्ष** = જોતો **ईशास्तजूर्ते** = હે પીડાનાશક, **घोरात्** - ઘોર, **कष्टात्** = કષ્ટમાંથી, **उद्धर** = ઉદ્ધાર કરો. **अस्मान्** = અમને (મને) **नमस्ते = नमः ते** - આપને નમસ્કાર ।।૩।।

**શ્લોકાર્થ :** હે પ્રભુ, આપ અમારાં (મારાં) પાપ, તાપ, શારીરિક, વ્યાધિ, માનસિક આધિ, દારિદ્રય, ભય, ક્લેશને સત્વરે હરી લો. આપના સિવાય હું અન્ય કોઈ ત્રાતા જોતો નથી. તેથી અમારો આ ઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કરો. ।।૩।।

**વિવરણ :** હે પ્રભુ, સદ્‌ગુરુ ભગવાન આ જન્મે થતાં મારાં (અમારાં) પાપ-કાયિક, વાચિક, માનસિક, સાંસર્ગિક, જ્ઞાત, અજ્ઞાત એવાં બધાં જ પાપ આપ સત્વરે હરી લો. એ જ રીતે આ પહેલાંના

અનેક પૂર્વ જન્મોમાં કરેલાં-થયેલાં કાયિક વગેરે પાપોનું સર્વથા હરણ કરો. તો વળી, આ પંચભૌતિક શરીરને વેઠવા પડતાં તાપ, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ વગેરેથી અનુભવાતાં આધિદૈવિક તાપ, શારીરિક વ્યાધિ = રોગ, માનસિક આધિ = ચિન્તા રૂપે પીડા પહોંચાડતા તાપનો સમૂળ નાશ કરો. બધા સદ્ગુણોને દબાવી દેતી દરિદ્રતા, હિંસક પશુ, આતંકવાદી, દુશ્મનો, મૃત્યુ વગેરેથી ઉદ્ભવતી ભીતિ = ભય તથા પાંચ પ્રકારના ક્લેશ (શ્લોક-૧માં નિર્દિષ્ટ) મને (અમને) ખૂબ જ પીડા પહોંચાડે છે. એ બધાં આપ દૂર કરો. પૂર્વે પ્રજા જ્યારે રોગથી પીડાતી હતી ત્યારે મહર્ષિ અત્રિ આદિ ઋષિઓએ ઔષધ-ઉપચારનું શાસ્ત્ર રચી આપ્યું હતું. એ પ્રભુ આપનું જ સ્વરૂપ હતું. ભૂત-પ્રેત વગેરેથી ઉદ્ભવતી માનસિક, શારીરિક આધિ-વ્યાધિ પ્રભુ આપે જે રીતે નિવારી છે તે શિરોળ ગામની દ્વિજસ્ત્રીની કથા (ગુરુલીલામૃત અ.૭૪-૭૫) પ્રત્યક્ષ પ્રમાણ રૂપ છે. એ જ રીતે ભૂત-પ્રેતથી પીડાતા લોકોને ગાણગાપુર આદિ શ્રીક્ષેત્રમાં આરતી સમયે જોઈને આપની કૃપાનો અહેસાસ થાય છે. વળી, જેમના દ્વારા જૂર્તિ = (તાવ આદિની) પીડા નષ્ટ થાય તેવા = અસ્તજૂર્તિ પ્રભુ આપ જ છો એવી દૃઢ પ્રતીતિ થતાં હું આપનાં શરણે આવ્યો છું. આપના સિવાય બીજા કોઈ તારણહાર-તારક હું કયાંય જોતો નથી. તેથી હે અસ્તજૂર્ત (તાવ જેવી પીડાનો અસ્ત = નાશ કરનાર) આપ આ ઘોર કષ્ટમાંથી મારો (અમારો) ઉદ્ધાર કરો. ॥૩॥

**નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા ।**
**ત્વત્તોદેવ ત્વં શરણ્યોઽકહર્તા ।**
**કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતે ।**
**ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૪॥**

**શબ્દાર્થ : नान्यस्त्राता - न - अन्यः त्राता** = અન્ય કોઈ ત્રાતા નથી, **नापि = न-अपि दाता न भर्ता** = તો વળી કોઈ દાતા



કે ભર્તા (ભરણપોષણ કરનાર) પણ નથી, **त्वत्तो = त्वत्तः** = આપના સિવાય, **देव** = હે દેવ, **त्वम्** = તમે (આપ) **शरण्योऽकहर्ता = शरणः-अकहर्ता** = શરણે આવવા (જવા) યોગ્ય, દુઃખ હરનાર, **कुर्वात्रेयानुग्रहम् = कुरु-आत्रेय-अनुग्रहम्** = હે આત્રેય અનુગ્રહ કરો. **पूर्णराते** = હે પૂર્ણકામ, **घोरात्** = ઘોર, **कष्टात्** = કષ્ટમાંથી, **उद्धर** = ઉદ્ધાર કર, **अस्मन्** = અમને **नमस्ते = नमः ते** = આપને નમસ્કાર. ॥૪॥

**શ્લોકાર્થ :** હે ભગવાન, આપના સિવાય મારે (અમારે) કોઈ ત્રાતા-તારનાર નથી. તો વળી કોઈ દાતા = અભયદાન આદિ કરનાર કે ભર્તા - પોષણ કરનાર નથી. આપ શરણાગતનું રક્ષણ કરનાર તથા દુઃખ હરનાર છો, હે આત્રેય = અત્રિ પુત્ર શ્રી દત્તાત્રેય અમારા પર અનુગ્રહ કરો. હે પૂર્ણકામ ઘોર કષ્ટમાંથી અમારો ઉદ્ધાર કરો. ॥૪॥

**વિવરણ :** હે સદ્ગુરુ ભગવાન, આમ તો માતા-પિતા, ભાઈ-બહેન અને બીજા ઘણાં મદદ કરનારા તો હોય છે પણ એમાંથી કોઈ તારનાર = તારક નથી; પ્રભુ, તારક આપ જ છો. આપના સિવાય કોઈ અન્ય = બીજો ત્રાતા નથી. પૂજ્યશ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે :

આજ હમારી જીવન નૌકા ડૂબું ડૂબું ભરદરિયે કરે.
તું વિણ નાથ ન તારક દૂજો જે ભવસાગર પાર કરે
(અવધૂતી આનન્દ પૃ. ૪૨)

આપના સિવાય અન્ય કોઈ આ ભવસાગરમાંથી તારનાર નથી; તો વળી બીજો કોઈ દાતા - જેમણે પોતે જ પોતાનું દાન કર્યું તેથી : ''કરે નિજ દાન જો સોઈ, દિગમ્બર હો તો ઐસા હો...'' (અ.આ. પૃ. ૪૩) એમના જેવો દાતા બીજો છે જ નહીં કે એમના જેવો બીજો કોઈ ભર્તા - ભરણપોષણ કરનાર નથી, માટે **''દાતા**

**દત્ત દિગમ્બર તવ શરણમ્''** આપ જ અમારું શરણ છો. આપ શરણ્ય = શરણ લેવા યોગ્ય અને શરણે આવનારનાં દુ:ખ હરનાર છો.

પ્રભુ,આપ પૂર્ણરાત એટલે કે પૂર્ણકામ છો - સદાય તૃપ્ત-નિત્ય તૃપ્ત છો. માત્ર ઝાલર (શાક)નો આહાર લઈને, **વંધ્યા ભેંશને દૂધ આપતી કરી એ** દૂધના આહાર માત્રથી તૃપ્ત થનાર છો. આપે અત્રિ-અનસૂયાના ભક્તિભાવથી એમના પર જેવી કૃપા કરી, પ્રહલાદ્, યદુ કાર્તવીર્ય, આયુ, અલર્ક આદિના ભાવને આપે જે રીતે સ્વીકાર્યો તે રીતે અમારા (મારા) પર અનુગ્રહ કરી અમને (મને) આ ઘોર કષ્ટમાંથી ઊગારો, પ્રભુ, મારો ઉદ્ધાર કરો. ।।૪।।

**ધર્મે પ્રીતિં સન્મતિં દેવભક્તિમ્ ।**
**સત્સંગાપ્તિં દેહિ ભુક્તિં ચ મુક્તિમ્ ।**
**ભાવાસક્તિં ચાખિલાનન્દમૂર્તે**
**ઘોરત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૫।।**

**શબ્દાર્થ : धर्मे** = ધર્મમાં, **प्रीतिं** = પ્રેમ, **सन्मतिं** = સદ્બુદ્ધિ. **देवभक्तिं** = ભગવાનની ભક્તિ, **सत्संगाप्तिं** = સત્સંગની પ્રાપ્તિ, **देहि** = આપો. **भुक्तिं** = ભોગ, **मुक्तिं** = મુક્તિ મોક્ષ. **भावासक्तिं** = ભાવમયી આસક્તિ. **चाखिलानन्दमूर्ते** = **च-अखिल-आनन्दमूर्ते** તથા હે અખિલ આનન્દ મૂર્તિ. **घोरात्** = ઘોર, **कष्टात्** = કષ્ટમાંથી, **उद्धर** = ઉદ્ધાર કર. **अस्मान्** = અમને (મને) **नमस्ते - नमः ते** = આપને નમસ્કાર ।।૫।।

**શ્લોકાર્થ :** હે અખિલ આનન્દ સ્વરૂપ સદ્ગુરુ ભગવાન ! આપ મને (અમને) ધર્મમાં પ્રેમ, સન્મતિ – સદ્બુદ્ધિ, દેવ – ગુરુદેવમાં ભક્તિ, સત્સંગ = સજ્જનોના સંગ-સત્‌ના સંગની પ્રાપ્તિ તથા ભુક્તિ = આવશ્યક ભોગ તથા મુક્તિ = મોક્ષ આપો. એ જ રીતે ભાવપૂર્વકની



(પ્રભુસેવા - પૂજા, ભજનમાં) આસક્તિ આપો. અમને (મને) આ ઘોર કષ્ટમાંથી ઊગારો. ।।૫।।

**વિવરણ :** હે પ્રભુ, સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય ! આપનું સ્વરૂપ **આનન્દમય**-અખિલ-આનન્દ = અખિલાઈનો આનન્દ જેમાં સમાવિષ્ટ છે એવું આપનું મૂર્તિસ્વરૂપ છે, જેને જોતાં જ જોનાર માત્રને પરમાનન્દની અનુભૂતિ થઈ જાય છે. આનન્દ એટલે જ બ્રહ્મ-પરમાત્મા-પરમેશ્વર કેમ કે તે આનન્દ સ્વરૂપ છે તથા તે બધા જ પવિત્ર માણસોને આનન્દ આપે છે. પરમાત્મા સ્વરૂપતઃ સુખ, મનનો હર્ષ, ઉલ્લાસ અને આનન્દમૂર્તિ હોવાથી તે અખિલાનન્દ સ્વરૂપ છે. હર્ષ, પ્રસન્નતા, મઝા, ખુશી, મારે કંઈ જ જોઈતું નથી, હું પરિપૂર્ણ છું એવી સંતોષાત્મક ચિત્તવૃત્તિ એટલે આનન્દ. અન્તઃકરણની પ્રસન્ન સ્થિતિ. આનન્દના પાંચ પ્રકાર છે : વિષયાનન્દ, વિદ્યાનન્દ, યોગાનન્દ, આત્માનન્દ, બ્રહ્માનન્દ. સૌથી શ્રેષ્ઠ બ્રહ્માનન્દ એટલે બ્રહ્મ સાથે અભેદનું સુખ. બ્રહ્માનન્દને નિજાનન્દ, યોગાનન્દ, મુખ્યાનન્દ અદ્વૈતાનન્દ, આત્માનન્દ કહે છે. આમ, હે પ્રભુ આપના આ આનન્દમય સ્વરૂપને અનુભવી શકાય તે માટે આપ અમને (મને) **देहि** = આપો... શું ? હે પ્રભુ પ્રથમ તો **धर्मे प्रीतिं** = ધર્મમાં-ધર્મનાં આચરણમાં પ્રેમ કારણ કે **धारणात् धर्म उच्यते** = જે ધારણ કરે તે ધર્મ છે. એ ધર્મ માટે પ્રભુ કૃપાથી પ્રેમ થાય તો **सन्मति** = સુમતિ. મતિ એ બુદ્ધિનું જ એક સ્વરૂપ છે - **मतिर्नाम वेदविहित मार्गेषु श्रद्धा (शाण्डिल्य उपनिषद)** = વેદવિહિત માર્ગમાં સાત્ત્વિક શ્રદ્ધા એ જ સુમતિ = સન્મતિ; પ્રભુ અમને એવી સન્મતિ આપો.

**દેવભક્તિ :** પરમકૃપાળુ પરમેશ્વર = ઈષ્ટ દેવની ભક્તિ = સેવાની ક્ષમતા આપો. ભુક્તિ અને મુક્તિ આપો. ભુક્તિ એટલે ભોગ - સુખ સગવડ - ઉપભોગ જ્યારે મુક્તિ એટલે અવિદ્યા, કામ અને

કર્મની પરતંત્રતામાંથી છૂટકારો. આ શબ્દ ઘણો વ્યાપક હોઈ તેનો અર્થવિસ્તાર ખૂબ જ સૂક્ષ્મ-અતિ વિસ્તૃત છે. દુઃખમય સંસાર અને તેનાં બન્ધનોમાંથી મુક્તિ - જીવનમુક્તિ, વિદેહમુક્તિ આદિ તેનાં સ્વરૂપ છે. હે પ્રભુ ! આપ અમને ભાવાસક્તિ - ભાવ-આસક્તિ આપો. આસક્તિનો રૂઢ અર્થ વિષયોમાં મનુષ્યનું રમમાણ રહેવું; જે છે, પ્રાપ્ત છે તેનાથી અનેકગણું વધારે મેળવવાની, સતત તેને જાળવી રાખવાની અનન્ય લાલસા એટલે આસક્તિ. એ આસક્તિમાંથી મુક્ત થઈ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : -**मय्यासक्त मनाः पार्थ** (ગીતા ६/१) અર્થાત પાર્થ તું અનન્ય ભાવે મારામાં આસક્ત ચિત્ત, અનન્ય ભાવે મારામાં પરાયણ થા. ...એટલે કે આ લોક અને પરલોકના કોઈ પણ પ્રકારના ભોગ-ઉપભોગ માટે જેનાં મનમાં લેશમાત્ર આસક્તિ નથી - રહી જ નથી તથા જેનું મન બધેથી ખસીને એક માત્ર પરમ પ્રેમાસ્પદ સર્વગુણ સમ્પન્ન પરમેશ્વર ગુરુ મહારાજમાં એવું આસક્ત થઈ ગયું છે કે જળના લેશમાત્ર વિયોગથી તરફડી ઊઠતી માછલીની જેમ જે ભગવાનનો વિયોગ-વિસ્મરણ સહન કરી શકતો નથી એવો માણસ એટલે ''**मय्यासक्तमनाः**'' = મારામાં (ભગવાનમાં) આસક્ત મનવાળો માણસ એ **ભાવાસક્તિ** યુક્ત છે એમ સમજાય છે. ભાવાસક્તિનું સીધું પરિણામ ''**मदाश्रयः - मत् - आश्रय**'' મને (ભગવાનને) આશ્રિત. આને જ મહર્ષિ નારદજી આસક્તિ-ભક્તિ કહે છે. (જુઓ ૬.૮.૨)

આ બધું આપ આપો તેનાં મૂળ સ્વરૂપ હે પ્રભુ ! અમને **सत्संगाप्ति** = સત્સંગ પ્રાપ્ત કરાવો એવી પ્રાર્થના. સત્સંગ પ્રાપ્તિનું પ્રથમ કામ મહર્ષિ નારદ કહે છે તેમ **दुःसङ्गः सर्वथैव त्याज्यः ॥ना.भ.सू. ८३॥** દુઃસંગ સર્વથા ત્યાજ્ય છે. ભક્તિનું ગમે તે સ્વરૂપ હોય તેમાં સંગ અને સવિશેષ દુઃસંગ મોટામાં મોટું વિઘ્ન છે. તેથી ભગવતી મદાલસાએ



અલર્કને જે વાત લખીને આપી હતી તેમાં તેમણે આ સંગનો જ મહિમા સમજાવ્યો હતો -

સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ,
સંત સંગ કરવો સદા તારે સંતો તેમ ॥ ગુ.લી.જ્ઞા. ૩૩/૧૧ ॥

બને તો સંગ કરવો જ નહિ છતાંય સંગ કરવો જ પડે તો સંતોનો સંગ કરવો. કારણ કે **સંત દુઃસંગ ભેષજ** - સંત દુઃસંગ - દોષને દૂર કરનાર વૈદ્યરાજ છે. સંગ માટે ગીતાજીમાં કહ્યું છે : **सङ्गात् सञ्जायते कामः** । કુસંગથી કામ, ક્રોધ, મોહ, સ્મૃતિભ્રંશ અને બુદ્ધિનાશ થતાં છેવટે માણસનો સર્વનાશ થાય છે. સદ્‌ગુરુ ભગવાન, અમારી આવી સમજણ છે. આપ અમારાં ઘોર કષ્ટમાંથી અમારો ઉદ્ધાર કરો. ॥૫॥

**શ્લોક પંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ।**
**પ્રપઠેન્નિયતો ભક્ત્યા સ શ્રી દત્તપ્રિયો ભવેત્ ॥૬॥**

**શબ્દાર્થ : श्लोक पंचकम् - एतत् - यः = एतत्** = આ, **श्लोक पंचकम्** = પાંચ શ્લોકાત્મક (જે) **लोकमङ्गल** = લોકોનું કલ્યાણ **वर्धनम्** = વધારનારું, વૃદ્ધિ કરનારું, **प्रपठेत्** = ભણે = વાંચે. **नियतः** = સંયમિત થઈને, નિત્ય નિયમ **भक्त्या** - ભક્તિભાવપૂર્વક **सः** = તે **दत्तप्रियः भवेत्** = શ્રી દત્તાત્રેયને પ્રિય થાય. ॥૬॥

**શ્લોકાર્થ :** બધાનું કલ્યાણ કરનાર (કલ્યાણની વૃદ્ધિ કરનાર) આ શ્લોક પંચક - પંચ શ્લોકાત્મક સ્તોત્રનું જે નિત્ય ભક્તિભાવથી પઠન કરે તે મનુષ્ય શ્રી દત્તાત્રેય ભગવાનનો અતિ પ્રિય થાય. આવા ભક્તને દત્ત જ સતત પ્રિય થાય. ॥૬॥

**વિવરણ :** આ સ્તોત્ર પંચશ્લોકાત્મક અર્થાત્ સ્તોત્ર સ્વરૂપની દૃષ્ટિએ કુલક પ્રકારનું સ્તોત્ર (જુઓ ૬.૨) હોવાનું સમજાય છે.

આ સ્તોત્ર લોકોનું મંગલ કરનાર - મંગલ - કલ્યાણની વૃદ્ધિ કરનારું છે. તેથી આનો પાઠ ભક્તિભાવપૂર્વક કરવાનો છે. પાઠ કરનારે માત્ર વાંચવા ખાતર, માહિતી મેળવવા ખાતર, પરીક્ષા પાસ કરવા માટે વાંચવાનું નથી. પૂરા ભક્તિભાવથી સ્તોત્રમાંના શબ્દોના અર્થોને મનમાં રાખીને નિત્ય પાઠ કરવાનું મૂળ સ્તોત્રકારે વિધાન કર્યું છે. એ રીતે પાઠ કરવાથી - નિત્ય પાઠનો ક્રમ રાખવાથી યથા સમયે જેમ જેમ પાઠ થતાં જાય તેમ પાઠ કરનાર ભગવાનશ્રી દત્તાત્રેયને પ્રિય થતો જાય અને ભગવાન દત્તાત્રેય પાઠ કરનારને પ્રિય થતાં જાય એ આ સ્તોત્રપાઠનું ફળ છે. ॥૬॥

❒

# 2 श्री दत्तस्तवस्तोत्रम्
# (शान्तिस्तोत्रम्)

**स्तोत्र પ્રસ્તાવના :**

અહીં શીર્ષકમાં **श्री दत्त स्तव** = સ્તવ શબ્દ પ્રયોજ્યો છે. આ શબ્દ પણ **स्तूयते अनेन इति** = જેના વડે સ્તુતિ કરાય છે, અર્થાત્ પ્રશંસા, સ્તુતિ, સ્તવન, સ્તોત્રના અર્થમાં જ છે. શ્રીમત્ દત્તાત્રેયના કલિયુગમાં થયેલા અવતારોમાંના એક અદ્ભૂત અવતાર સ્વરૂપ પૂજનીય પ.પ. શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામી મહારાજશ્રી વિરચિત એક ઉત્તમ સ્તવન અહીં સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. મનુષ્ય જન્મના અનેક નાનાં મોટાં પ્રયોજનોમાંનું એક મહત્ત્વનું પ્રયોજન પોતાના ઈષ્ટ દેવને પિછાણી તેમના થઈ જવું તથા એ દેવ પોતાના જ છે એવી અનુભૂતિ થવી. પૂજ્યશ્રી અવધૂતજીએ ગાયું છે તેમ :

**''દત્ત દિગમ્બર એક અધારા, યહ બિન જગમેં નહિ નિસ્તારા''** (અ.આ.પૃ. ૪) વસ્તુતઃ આ અનુભૂતિ થવા માટે જ જીવને પ્રભુકૃપાથી માનવશરીર પ્રાપ્ત થતું હોય છે. આ હકીકત પ્રસ્તુત સ્તોત્રના નિરન્તર પાઠથી સિદ્ધ થશે જ એવું સ્પષ્ટ વિધાન સ્તોત્રના અન્તિમ શ્લોક (શ્લોક ૦૯)ના ચોથા ચરણમાં થયું છે. તેથી શ્રેયાર્થી ભક્તે ઊઠતાં, બેસતાં, હરતા-ફરતાં આવાં અનુપમ સ્તોત્રનો નિરન્તર પાઠ કરતા રહેવું જોઈએ, અન્યથા પ્રતિક્ષણ જીવન ક્ષીણ થતું જ જાય છે એ વાત સમજવી જ જોઈએ. આ સ્તોત્ર મોટે ભાગે **શાન્તિસ્તોત્ર** તરીકે પણ ઓળખાય છે; કારણ કે આમાં એકથી વધુ વાર **શમન-શાન્ત** થવાનો ભાવ સૂચવાયો છે.

**भूतप्रेतपिशाचाद्या यस्य स्मरणमात्रतः ।**
**दूरादेव पलायन्ते दत्तात्रेयं नमामि तम् ॥१॥**

यन्नाम स्मरणाद्दैन्यं पापं तापश्च नश्यति ।
भीतिग्रहार्तिदुःस्वप्नं दत्तात्रेयं नमामि तम् ॥२॥

दद्रुस्फोटक कुष्ठादि महामारी विषूचिका ।
नश्यन्त्यन्येपि रोगाश्च दत्तात्रेयं नमामि तम् ॥३॥

संगजा देशकालोत्था अपि सांक्रामिका गदाः ।
शाम्यन्ति यत्स्मरणतो दत्तात्रेयं नमामि तम् ॥४॥

सर्पवृश्चिकदष्टानां विषार्तानां शरीरिणाम् ।
यन्नाम शांतिदं शीघ्रं दत्तात्रेय नमामि तम् ॥५॥

त्रिविधोत्पात शमनं विविधारिष्टनाशनम् ।
यन्नाम क्रूर भीतिघ्नं दत्तात्रेयं नमामि तम् ॥६॥

वैर्यादिकृत मन्त्रादि प्रयोगा यस्य कीर्तनात् ।
नश्यन्ति देवबाधाश्च दत्तात्रेयं नमामि तम् ॥७॥

यच्छिष्य स्मरणात्सद्यो गतनष्टादि लभ्यते ।
य ईशः सर्वतस्त्राता दत्तात्रेयं नमामि तम् ॥८॥

जयलाभयशः कामदातुर्दत्तस्य यः स्तवम् ।
भोगमोक्ष प्रदस्येमं पठेद्दत्त प्रियो भवेत् ॥९॥

॥ इति श्री प.प. श्री वासुदेवानन्द सरस्वती
विरचितं श्री दत्तस्तवस्तोत्रम् सम्पूर्णम् ॥

**ભૂતપ્રેતપિશાચાદ્યા યસ્ય સ્મરણમાત્રતઃ ।**
**દૂરાદેવ પલાયન્તે દત્તાત્રેયં નમામિ તમ્ ॥૧॥**

**શબ્દાર્થ : भूत-प्रेत पिशाच-आद्या** = ભૂતપ્રેત પિશાચ વગેરે. **यस्य** = જેમનાં, **स्मरणमात्रतः** = માત્ર સ્મરણથી જ, **दूरादेव** = **दूरात्-**



**एव** = અતિ દૂર = દૂરથી જ. **पलायन्ते** - ભાગી-નાસી જાય છે. **तम्** = તે **दत्तात्रेयं** = દત્તાત્રેયને, **नमामि** = હું નમન કરું છું.

**શ્લોકાર્થ :** જેમનાં નામનાં સ્મરણ માત્રથી ભૂત-પ્રેત પિશાચ વગેરે દૂરથી જ નાસી જાય છે તે શ્રી દત્તાત્રેયને હું નમું છું = નમસ્કાર કરું છું. ॥૧॥

**વિવરણ :** પ્રસ્તુત શ્લોકમાં **નામસ્મરણ**નું માહાત્મ્ય દર્શાવ્યું છે. માત્ર નામનાં સ્મરણથી જ **ભૂત** - આ શબ્દના બે ત્રણ અર્થ થાય : **૧.** જે થઈ ગયું હોય તે કાળવાચક શબ્દ-ભૂતકાળ **૨.** અવ્યક્તમાંથી સ્થૂળરૂપ સ્થિર થયેલાં તત્ત્વો - આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી - પંચભૂત **3.** મૃત્યુ પછી સૂક્ષ્મ શરીરધારી-પ્રેત આત્મા પણ ભૂત જ કહેવાય. અહીં, શ્લોકમાં આ ત્રીજો અર્થ રહેલો છે. **પ્રેત** = વૈદિક સાહિત્યમાં **प्रेत = प्रकर्षेण इतः** = શરીરમાંથી નીકળી ગયેલો જીવાત્મા અર્થાત્ મૃતક વ્યક્તિ એવો અર્થ થાય. પછીના સાહિત્યમાં આનો અર્થ પ્રેતાત્મા = ભૂત-પ્રેત થાય જે અશરીરી હોવા છતાંય ચારેકોર ભમ્યા કરે અને લોકોને ડરાવે, અહીં એ અર્થ છે. **પિશાચ-** અથર્વ વેદ તથા ત્યાર પછીનાં ગ્રન્થોમાં નિર્દિષ્ટ અસુરોમાંનો એક વર્ગ **પિશાચ** છે. **તૈત્તિરીય સંહિતા** (૨.૪)માં તેનો સમ્બન્ધ રાક્ષસ અને અસુરો સાથે હોવાનો નિર્દેશ છે. એ લોકો મનુષ્યોના વિરોધી તથા ક્રવ્યાદ = કાચું માંસ ખાનારા હોવાનો નિર્દેશ મળે છે. પાછળથી મેલી વિદ્યા તરીકે ઓળખાતી સાધનામાં પણ આ શબ્દનો ઉલ્લેખ થાય છે. આ ત્રણેય માણસને ડરાવનારાં તત્ત્વો છે. માણસને જ્યારે આ પ્રકારનો ડર લાગે ત્યારે ભગવાન શ્રી દત્તાત્રેયનાં નામસ્મરણ માત્રથી એ બધાં તત્ત્વો દૂર ભાગે છે; માટે આ નામ સ્મરણ કરવાનું વિધાન છે; હે પ્રભુ હું આપના એ સ્વરૂપને સ્મરણપૂર્વક નમન કરું છું. ॥૧॥

**યન્નામ સ્મરણા દૈન્યં પાપં તાપશ્ચ નશ્યતિ ।**
**ભીતિ ગ્રહાર્તિ દુઃસ્વપ્નં દત્તાત્રેયં નમામિ તમ્ ॥૨॥**

**શબ્દાર્થ : यन्नाम** = **यत् - नाम** = જે (જેમનાં) નામ, **स्मरणा दैन्यं** = **स्मरणात् - दैन्यं** = સ્મરણથી દૈન્ય = દીનતા, **पापं** = પાપ, **तापश्च** = **तापः - च** = અને તાપ, **नश्यति** - નાશ પામે છે. **भीति** = ભય, **ग्रहार्ति** = **ग्रह - आर्ति** = ગ્રહોની પીડા, **दुःस्वप्नं** = ખરાબ-ભયજનક સ્વપ્ન, **दत्तात्रेयं** = દત્તાત્રેયને **नमामि** = હું નમું છું **तम्** = તે ॥૨॥

**શ્લોકાર્થ :** જેમનાં નામસ્મરણથી દીનતા, પાપ, તાપ નાશ પામે છે તથા ભીતિ ગ્રહાર્તિ - ગ્રહ બાધા અને દુઃસ્વપ્ન નાશ પામે છે તે શ્રી દત્તાત્રેયને હું નમું છું - નમસ્કાર કરું છું. ॥૨॥

**વિવરણ :** પ્રસ્તુત શ્લોક શ્રી દત્તાત્રેયનાં નામસ્મરણનું માહાત્મ્ય દર્શાવે છે. એ નામ સ્મરણથી શું થાય છે તે સમજાવે છે. **नश्यति** = નાશ પામે છે. **नश्यति**નો પ્રયોગ **દહેલી દીપક ન્યાય**થી બન્ને બાજુ થશે. જે રીતે બે કમરાની વચ્ચેના ઉંબરે મૂકેલો દીવો બન્ને બાજુ પ્રકાશ આપે તે રીતે એક જ શબ્દનો બન્ને બાજુ અન્વય કરી શકાય એવા પ્રયોગને દહેલી દીપક ન્યાય કહેવાય.

અહીં **नश्यति** = નાશ પામે છે... શું તો એક બાજુ **દૈન્ય** = દીનતાનો ભાવ = ગરીબાઈના અનુભવનું મુખ પર, વાણીમાં, વર્તનમાં થતું પ્રાકટ્ય એટલે દૈન્ય. **पाप** = અધર્મ, દુષ્કર્મ અર્થાત્ = **अनुष्ठानं निषिद्धस्य त्यागः विहित कर्मणः** = જે કર્મોનો વેદ, ધર્મશાસ્ત્ર, સમાજ વગેરેએ નિષેધ કર્યો એવાં કર્મો સતત કર્યાં જ કરવાં તથા જે કર્મો કરવાં જેવાં = વિહિત છે એ તો ન જ કરવાં એ પાપ. **તાપ** - સંતાપ. તાપના ત્રણ પ્રકાર છે : **૧. આધ્યાત્મિક તાપ** - કામ,



ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, અસૂયા, રાગ, દ્વેષથી જે માનસદુઃખ તથા તાવની પીડા, અતિસાર આદિથી થતાં શારીરિક દુઃખ, **૨. આધિદૈવિક તાપ :** અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, અગ્નિદાહ, જળપ્રલય, વિજળી પડવી વગેરેથી થતો તાપ - દુઃખ, **૩. આધિ-ભૌતિક તાપ** - સાપ, વીંછી, સિંહ, વાઘ, ચોર, લૂંટારા, રાજા, રાજ્યાધિકારી વગેરેથી થતું દુઃખ.

બીજી બાજુ **नश्यति** = નાશ પામે છે... શું ? તો **ભીતિ :** ભય, ભર્તૃહરિના એક શ્લોકમાં ભય બતાવ્યા છે. **भोगे रोग मयं** = ભોગ ભોગવવા જાઓ તો રોગનો ભય. કવિ કહે છે **सर्वं एव भयावहं खलु नृणाम्** = માણસને બધું ડરાવનારું છે. આધુનિક પશ્ચિમના **અસ્તિત્વવાદી** વિચારકો **ભીતિ** માટે **DREAD** શબ્દનો ભયના અર્થમાં પ્રયોગ કરે છે. કોઈ નુકશાન, દુઃખનો ભય. વેદાન્તમાં બીજા મનુષ્યનો ભય હોવાનું પ્રતિપાદન છે. ત્યાર પછી **ગ્રહાર્તિ** - ગ્રહ પીડા - દુષ્ટ ગ્રહોની, ગ્રહ દશાની પીડા જ્યોતિષમાં તેનું વિગતે વર્ણન છે. ખાસ કરીને શનિની પનોતી, રાહુની પીડા, શુભ ગ્રહો પણ દુસ્થાનમાં હોતાં પીડાકારક બની રહે અને **दुःस्वप्न** = ખરાબ સ્વપ્ન આવે. ઊંઘમાં સ્વપ્ન અવસ્થાનું ખૂબ મૂલ્ય છે. ઘણાને સારાં સ્વપ્ન આવે તો ખુશ થઈ જાય પણ ખરાબ, હાનિ, મૃત્યુ, અકસ્માત જેવાં સ્વપ્ન દુઃખદાયી-પીડાદાયી છે.

જેમનાં નામસ્મરણમાત્રથી આ બધું જ નાશ પામે, માણસનું જીવન એકદમ દુઃખ, પીડા, પાપ-તાપ રહિત થઈ જાય એ શ્રીદત્તાત્રેય ભગવાનને હું નમન કરું છું. ॥૨॥

**દદ્રુસ્ફોટક કુષ્ઠાદિ મહામારી વિષૂચિકા ।**
**નશ્યન્ત્યન્યેપિ રોગાશ્ચ દત્તાત્રેયં નમામિ તમ્ ॥૩॥**

**શબ્દાર્થ :** **द्रदु** = દાદર, **स्फोटक** = ગૂમડાં, **कुष्ठ** = કોઢ, **आदि** = વગેરે (તેમાં અન્ય રોગ શારીરિક, આગન્તુક, માનસિક રોગોનો સમાવેશ થાય). **महामारी** = મરકી-પ્લેગ. **विषूचिक** = કોલેરા, કોગળિયું, **नश्यन्ति** = નાશ પામે છે. **अन्ये अपि** = બીજાં પણ, **रोगाः** = રોગ. **दत्तात्रेयं तम् नमामि** = શ્રી દત્તાત્રેય તમને હું નમસ્કાર કરું છું. ॥૩॥

**શ્લોકાર્થ :** (જેમનાં નામનાં સ્મરણ માત્રથી) દાદર, ગૂમડાં, મરકી, કોઢ, કોલેરા તથા બીજા પણ રોગ નાશ પામે છે; તેવા શ્રીદત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ॥૩॥

**વિવરણ :** વસ્તુતઃ બીજો અને ત્રીજો શ્લોક એક સાથે છે. બીજા શ્લોકનો **यन्नाम स्मरणात्** = જેમનાં નામ સ્મરણથી એ અહીં અધ્યાહાર છે. એ રીતે આ શ્લોક ૨-૩ અને યુગ્મક પ્રકારની રચના છે (**જુઓ ૬.૩**). ભગવાનશ્રી દત્તાત્રેયનાં નામસ્મરણથી રોગ નાશ પામે છે. રોગ જનિત પીડા માનવજાત (હવે પશુઓ માટે પણ) બહુ મોટી સમસ્યા છે. રોગ એટલે વ્યાધિ = **विविधा आधयः** = વિવિધ પ્રકારના રોગ. એના મુખ્ય ત્રણ પ્રકાર છે.

(૧) **શારીરિક રોગ :** શરીરમાં કફ, વાત, પિત્તના વિકારથી થતા રોગ. એ રોગનું મૂળ શરીરમાં જ રહેલું છે. એ ત્રણેય એક રીતે શરીર માટે જરૂરી છે; જો તેમાં વિકાર થાય તો તે રોગનું સ્વરૂપ લઈ છે.

(૨) **આગન્તુક રોગ :** બહારથી શરીરમાં દાખલ થનાર રોગ. ઋતુ, વાતાવરણ (વાયરલ ઈન્ફેકશન = ચેપ), દૂષિત ખોરાકથી થતાં રોગ.



(3) **માનસિક રોગ :** માનસિક પ્રતારણા = તનાવથી થતા રક્તચાપ (Blood pressure) જેવા રોગ. મનગમતું ન થવાથી, ઈર્ષા-દ્વેષ, કામ, ક્રોધથી ઉદ્‌ભવતા રોગ-ગ્લાનિ હતાશા જેવા રોગ.

આ બધા રોગ જે સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયનાં નામ સ્મરણ માત્રથી નાશ પામે છે. તે શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ॥૩॥

**સંગજા દેશકાલોત્થા અપિ સાંક્રામિકા ગદાઃ ।**
**શામ્યન્તિ यत्स्मरणतो दत्तात्रेयं નમામિ તમ્ ॥૪॥**

**શબ્દાર્થ :** **संगजा** = સંગ કરવાથી થતા. **देश कालोत्था देश काल उत्था** = દેશ-કાળને કારણે થતા. **अपि** = પણ. **सांक्रामिका** = સંક્રામક, **गदाः** = રોગો. **शाम्यन्ति** = શમન પામે = શમી જાય. **यत्-स्मरणतः** = જેમનાં સ્મરણથી. **दत्तात्रेयं नमामि तम्** = એ શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ॥૪॥

**શ્લોકાર્થ :** જેમનાં સ્મરણથી સંગજન્ય, દેશ-કાળને કારણે ઉદ્‌ભવતા, સંક્રામક રોગ પણ શમી જાય છે. તે શ્રી દત્તાત્રેય પ્રભુને હું નમસ્કાર કરું છું. ॥૪॥

**વિવરણ :** શ્લોક ત્રણમાં **રોગ** શબ્દ પ્રયોજ્યો છે. તેને માટે અહીં **गदः** (**गदाः** બહુવચન છે) એટલે **गद्य ते अनेन इति** - રોગ. રોગ નાનો-મોટો કોઈ પણ માણસનો શત્રુ છે. જેવી રીતે શત્રુ યોગ્ય સ્થાન મળતાં જ પ્રબળ બની જાય તેવી રીતે શરીરમાં રહેલી ધાતુઓ વિકાર પામતાં તેનાથી ઉદ્‌ભવતા રોગ પ્રબળ બની જાય. એ રીતે પ્રબળ બની ગયેલા રોગને માટે **गद** શબ્દ છે. એના કેટલાંક સ્વરૂપો અહીં આપ્યા છે.

**(૧) સંગજા :** સંગથી થતો રોગ - ચેપ લાગે. તેમાંય ખાસ કરીને ગમે તે સ્ત્રી પુરુષોના શારીરિક સંબંધ (સંભોગ)થી થતા સિફીલીસ, ગોનોરિમા, એચઆઈવી, એઈડ્ઝ તથા બીજા રોગ.

**(૨) દેશકાલ-ઉત્થા :** દેશને કારણે થતા રોગ. જેમ કે, ભારત જેવા સમશીતોષ્ણ દેશમાંથી એકદમ ઠંડા કે ગરમ પ્રદેશમાં જવાથી થતા રોગ, કાળ-સમય બદલાય, ઋતુમાં ફેરફાર થતાં રોગ.

**(3) સાંક્રામિક :** ચેપથી ફેલાતા રોગ.

આ બધા રોગનું શમન થાય - શમી જાય તે માટે ભગવાનશ્રી દત્તાત્રેયનાં નામસ્મરણનું વિધાન છે. એમનાં નામસ્મરણથી આવા રોગનું શમન થઈ જાય છે. ।।૪।।

**સર્પવૃશ્ચિકદષ્ટાનાં વિષાર્તાનાં શરીરિણામ્ ।**
**યન્નામ શાંતિદં શીઘ્રં દત્તાત્રેયં નમામિ તમ્ ।।૫।।**

**શબ્દાર્થ : सर्पवृश्चिक** = સાપ અને વીંછી, **दष्टानां** = દંશ થયો હોય તેવા. **विषार्तानां** = **विष-आर्तानाम्** = વિષ = ઝેરથી દુઃખી-પીડિતો, **शरीरिणाम्** = શરીર ધારીઓના, **यन्नाम् - यत्-नाम** = જે નામ. **शांतिदं** = શાંતિ આપનારું, **शीघ्रं** = ત્વરિત. **तम् दत्तात्रेयं नमामि** = એવા શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ।।૫।।

**શ્લોકાર્થ :** સાપ, વીંછીના દંશથી પીડાતા તથા વિષ-ઝેર ચડવાથી આર્ત થયેલા શરીરધારીઓ માટે, જેમનું નામ ત્વરિત શાંતિ આપનારું છે તે શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ।।૫।।

**વિવરણ :** ઝેરી જીવજંતુઓમાં સવિશેષ સાપ અને વીંછીના દંશની પીડા તથા તેનાથી શરીરમાં વ્યાપતા વિષની વાત ખૂબ પ્રખ્યાત



છે. સ્વયં પૂજનીય સ્વામી મહારાજશ્રીને જીવનમાં સર્પદંશ તથા વૃશ્ચિક (વીંછી) દંશનાં અનુભવ થયા હોવાની વાત શ્રી ગુરુલીલામૃત-ઉપાસના કાંડ અધ્યાય ૧૧૬ (દોહરા ૨૨ થી ૪૪) તથા (દોહરા ૪૭થી)માં દ્દષ્ટવ્ય છે. આ બધું સદ્‌ગુરુ ભગવાનનાં નામ સ્મરણથી સત્વરે શાંતિપ્રદ બની રહેલાં હોવાનું તારણ સમજવા જેવું છે. એ જ રીતે વિશ બાધા પણ સદ્‌ગુરુના સ્મરણમાત્રથી નષ્ટ થાય છે. ।।૫।।

**ત્રિવિધોત્પાતશમનં વિવિધારિષ્ટનાશનમ્ ।**
**યન્નામ ક્રૂર ભીતિઘ્નં દત્તાત્રેયં નમામિ તમ્ ।।૬।।**

**શબ્દાર્થ : त्रिविध** = ત્રણ પ્રકારના, **उत्पात** = આપત્તિ, **शमनं** = શમન કરનાર, **विविध** = વિવિધ પ્રકારના, **अरिष्ट** = અમંગલ, **नाशनम्** = નાશ કરનાર, **यन्नाम** = જેમનું નામ **क्रूर** = ભયંકર, **भीतिघ्नं** = ભયનો નાશ કરનારું છે. **तम् दत्तात्रेयं नमामि** = તે શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ।।૬।।

**શ્લોકાર્થ :** ત્રણ પ્રકારની આપત્તિઓ, અનેક પ્રકારનાં અરિષ્ટ = અશુભનો નાશ કરનાર તેમજ જેમનું નામ ભયંકર ભયનો નાશ કરનારું છે તેવા શ્રી દત્તાત્રેયને હું નમું છું. ।।૬।।

**વિવરણ : ત્રિવિધ ઉત્પાત** એટલે અશુભ સૂચક ઉપદ્રવ. ઓચિંતા આવી પડનાર દુઃખારક ભયંકર બનાવ. એના **ત્રણ પ્રકાર** છે : **૧. જમીન :** ધરતીકંપ, પૂર. **૨. આકાશ :** ઉલ્કાપાત, આભ ફાટવું અને **3. દૈવ સંબંધી** જેમ કે આગ લાગવી, રેલવે અકસ્માત, રોગચાળા જેવી દૈવી પ્રકોપ જનિત આપત્તિ. **વિવિધ અરિષ્ટ** એટલે અશુભ-અમંગલ સૂચક યોગ. જેમ કે, જન્માક્ષરમાં પાપગ્રહો, ક્રૂર ગ્રહોની સ્થિતિ; જેમ કે, અષ્ટમ સ્થાનમાં નીચનો (વૃશ્ચિક)નો ચન્દ્ર, ચન્દ્ર રાહુની અશુભ યુતિ, આદિ અનેક પ્રકારના અરિષ્ટ છે જ. આ

નિરૂપણ શ્રી ગુરુલીલામૃત જ્ઞાનકાંડ અધ્યાય ૪૦માં (**અરિષ્ટ**નું નિરૂપણ) દૃષ્ટવ્ય છે. જેમનું નામ **ક્રૂર-ભીતિ** - પૂર્વે શ્લોક બેમાં ભીતિની વાત કરી જ છે. અહીં ફરીથી ભીતિનો ઉલ્લેખ એ પુનરુક્તિ દોષ નથી, ત્યાં જે ભીતિની વાત કરી છે તેનાથી અહીં કંઈક જુદી જ વાત કરવા માટે **ભીતિ**માં **ક્રૂર** વિશેષણ ઊમેર્યું છે. ભીતિ મનોભાવ (State of Mind) છે. ક્રૂર ભીતિ અનુભવજન્ય છે; જેમ કે;

૧. પરચક્ર : બીજા દેશના ક્રૂર માણસો આ દેશ પર ચડાઈ કરે તેનો ભય, યુદ્ધનો ભય, કતલ થવાનો ભય, બળાત્કારનો ભય, લૂંટાઈ જવાનો ભય.

૨. ક્રૂર સ્વભાવના માણસનો શાપ લાગવાનો, દુઃખીની હાય લાગવાનો ભય.

૩. જ્યોતિષની દૃષ્ટિએ (આગળ કહ્યું છે તેમ) સૂર્ય, મંગળ, શનિ, રાહુ, કેતુ એ પાપગ્રહો છે. ક્ષીણ (નીચનો) ચન્દ્રમા ક્રૂર ગ્રહ છે. ભરણી, મઘા જેવાં નક્ષત્રો ક્રૂર ગણાય છે.

આવી બધી પરિસ્થિતિમાં સતત ભયના ઓથાર નીચે જીવતા માણસ માટે સદ્‌ગુરુ ભગવાનનું નામસ્મરણ તારક છે એ અર્થ છે. ।।૬।।

**વૈર્યાદિકૃત મંત્રાદિ પ્રયોગા યસ્ય કીર્તનાત્ ।**
**નશ્યન્તિ દેવબાધાશ્ચ દત્તાત્રેયં નમામિ તમ્ ।।૭।।**

**શબ્દાર્થ : वैर्यादिकृत** = વૈર્ય = વેરનો ભાવ વૈર્ય. આદિ = વગેરે (એટલે વેર ઉપરાંત, દાઝ, ઈર્ષા જેવા ભાવ) **कृत् -** તેનાથી કરેલા **मंत्र आदि** = મન્ત્ર વગેરે (વગેરેમાં મારણ, ઉચ્ચાટન, સંમોહન આવી જાય) **यस्य** = જેમનાં, **कीर्तनात्** = સંકીર્તનથી, **नश्यन्ति** = નાશ પામે છે, **देवबाधाश्च** = અને દેવ દોષ - દેવના રૂઠવાથી થતી



વિપત્તિ. **तम् दत्तात्रेयं नमामि -** તે શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ।।૭।।

**શ્લોકાર્થ :** વેરભાવ (ઝેર-દાઝ ઈર્ષ્યા)થી કરવામાં આવેલા મંત્ર (તન્ત્ર વગેરે) પ્રયોગો તથા દેવના રૂઠવાથી થતી બાધાઓ જેમનાં કીર્તનથી નાશ પામે છે તે શ્રી દત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ।।૭।।

**વિવરણ :** વૈર્ય - વેરભાવ-દુશ્મનાવટ, ઈર્ષા, દ્વેષથી પીડાઈને બીજાનું એટલે વેરીનું બુરું કરવા માટે કરાતા મન્ત્ર પ્રયોગ, સામાન્ય રીતે **મન્ત્ર** શબ્દ ઘણો મહાન છે. **मननात् त्रायते इति** = જેનાં મનનથી માણસ તરી જાય તે મન્ત્ર. આ મન્ત્રોનું શાસ્ત્ર ઘણું વિશાળ અને ગહન છે. તેના અનેક પ્રકારોમાં તન્ત્ર શાસ્ત્રના મન્ત્રો પણ છે. અલબત્ત, તંત્રશાસ્ત્ર ઘણું મહાન છે; તેનું માહાત્મ્ય અજોડ છે; છતાંય તેમાંનો કોઈક અંશ માનવ માટે દુઃખકારક બની શકે એ વાતનો નિર્દેશ મહારાજશ્રીએ **મન્ત્રપ્રયોગ** શબ્દ દ્વારા કર્યો. મન્ત્રના પ્રયોગ કોઈક સંજોગોમાં તાન્ત્રિક એટલે મારણ, ઉચ્ચાટન, સમ્મોહન માટે થાય તો એ દુશ્મનાવટના સંદર્ભમાં થાય એ જ રીતે **દેવબાધા** - દેવ દ્વારા થતી બાધા. સામાન્ય રીતે દેવ મનુષ્યનું કલ્યાણ કરવા માટે જ હોય છતાંય કયારેક પરાપૂર્વથી ચાલી આવતી રૂઢીના સંદર્ભમાં જે તે દેવની અજાણતા, મૂર્ખતા દ્વારા અવગણના થતાં જે તે દેવ રૂઠે એમ બને. જેમ કે :

શ્રી ગુરુલીલામૃત ઉપાસનાકાંડ અધ્યાય **૧૧૧**માં દેવપ્રસાદના ત્યાગથી શિવરામ શાસ્ત્રીની દુર્દશાની વાત તથા એ જ રીતે સાવંતવાડીના સાંગેલી ગામના દિવાકરનું વંશપરંપારગત ફણસ વૃક્ષની અવગણનાનું દૃષ્ટાંત દર્શનીય-વિચારણીય છે. આવા મન્ત્ર પ્રયોગ અને દેવબાધા જનિત આપત્તિ જેમનાં નામનાં સંકીર્તનથી ટળી જાય તે શ્રીદત્તાત્રેયને હું નમસ્કાર કરું છું. ।।૭।।

**યચ્છિષ્ય સ્મરણાત્સદ્યો ગતનષ્ટાદિલભ્યતે ।**
**યઃ ઈશઃ સર્વતસ્ત્રાતા દત્તાત્રેયં નમામિ તમ્ ॥૮॥**

**શબ્દાર્થ : यच्छिष्य** = **यत्-शिष्य** = જેમના શિષ્યના, **स्मरणात्सद्यो** = **स्मरणात् - सद्य** = સ્મરણથી તત્કાલ **गतनष्टादि - गत-नष्ट-आदि** = ખોવાયેલી-ચોરાયેલી - નષ્ટ થયેલી વસ્તુ વગેરે, **लभ्यते** = મળી આવે, **यः**= જે. **इशः** = પ્રભુ, **सर्वत्रस्त्राता** = ચારે બાજુથી (સંકટથી) તારનાર છે. **तम् दत्तात्रेयं नमामि** = તે શ્રી દત્તાત્રેયને નમસ્કાર ॥૮॥

**શ્લોકાર્થ :** જેમના શિષ્યનાં સ્મરણથી ખોવાયેલી, ચોરાયેલી કે નષ્ટ થયેલી વસ્તુ વગેરે મળી આવે, જે પ્રભુ બધી બાજુથી (બધી બાજુના સંકટથી) તારનાર-રક્ષણ કરનાર છે તે શ્રી દત્તાત્રેયને મારા નમસ્કાર. ॥૮॥

**વિવરણ :** એકથી સાત શ્લોકમાં શ્રી દત્તાત્રેયનાં નામ સ્મરણનો મહિમા વિશદ અર્થમાં જણાવ્યા પછી હવે પ્રસ્તુત શ્લોકમાં તેમના શિષ્યનાં સ્મરણનો મહિમા બતાવે છે. ભગવાન શ્રી દત્તાત્રેય પાસેથી સદ્બોધ ઘણાએ ગ્રહણ કર્યો છે. ઘણાએ જુદી જુદી રીતે તેમની ભક્તિ કરી, તેમને પ્રસન્ન કરી, તેમના આશીર્વાદ સાથે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. એ બધાય એટલે કે સાધ્યદેવ, પિંગલ-નાગ, પ્રહલાદ, યદુ, અલર્ક, આયુ, વિષ્ણુદત્ત આદિ અનેકમાં શિષ્યત્વ પ્રાપ્ત કરનાર સહસ્રાર્જુન કાર્તવીર્ય એકમેવ અદ્વિતીય શિષ્ય તથા શ્રી દત્તાત્રેય જેવા જ પ્રભાવશાળી શિષ્ય માટે અહીં **यच्छिष्यः** = જેમના શિષ્ય અર્થાત્ કાર્તવીર્ય અર્જુનનાં સ્મરણથી પણ ખોવાયેલી, ચોરાયેલી, નષ્ટ થયેલી વસ્તુ મળી આવે. આમ, અર્જુનનું સ્મરણ સદા ઈચ્છિત આપે છે. તેથી કાર્તવીર્યનો મન્ત્ર આ પ્રમાણે છે : ॐ **क्लिं कार्तवीर्याय नमः** ।



**कार्तवीर्यार्जुनो नाम राजा बाहु सहस्रवान् ।**
**तस्य स्मरण मात्रेण गतं नष्टं च लभ्यते ॥**

**મન્ત્રાનુવાદ :**

કાર્તવીર્ય અર્જુન નામે રાજા બાહુસહસ્રવાન
તેનાં સ્મરણ માત્રે જ લભે નષ્ટગત ત્વરિત.

કંઈક કશું ખોવાઈ જાય, ચોરાઈ જાય તો આ મંત્રનો જપ કરવાથી તે વસ્તુ મળી આવતી હોવાનો અનેક ભક્તોનો અનુભવ હોવાનું નોંધાયું છે. ॥૮॥

**જય લાભ યશઃ કામ દાતુર્દત્તસ્ય યઃ સ્તવમ્ ।**
**ભોગમોક્ષ પ્રદસ્યેમં પઠેદ્દત્તપ્રિયો ભવેત્ ॥૯॥**

**શબ્દાર્થ : जय** = ઉત્કર્ષ, **लाभ** = લાભ, **यशः** = યશ, **काम** = કામના-ઈચ્છા, **दातुर्दत्तस्य - दातुः दत्तस्य** = આપનાર શ્રી દત્તનું, **यः** = આ, **स्तवम्** = સ્તોત્ર, **भोगमोक्ष प्रदस्य** = ભોગ અને મોક્ષ આપનારા, **इमं** = આ, **पठेत्** = પાઠ કરતાં, **दत्तप्रियः** = દત્તને પ્રિય યા શ્રી દત્ત જેને પ્રિય છે તેવો, **भवेत्** = થાય. ॥૯॥

**શ્લોકાર્થ :** ઉત્કર્ષ, લાભ, યશ, કામના પ્રમાણે આપનાર એવા શ્રી દત્તનું આ સ્તોત્ર યા શ્રી દત્તનું એવું આ સ્તોત્ર ભોગ અને મોક્ષ આપનારું હોઈ આનો પાઠ કરનાર શ્રી દત્તને પ્રિય થાય યા શ્રી દત્ત જેને પ્રિય છે તેવો થાય. ॥૯॥

**વિવરણ :** શ્લોકમાંનો જય શબ્દ વિજય માટે નથી. તેનો અર્થ ઉત્કર્ષ = વિકાસ એવો થાય. આ સ્તોત્રનો પાઠ ફળદાયી છે. એટલે કે આ કોઈ સાધારણ કવિની કવિતા યા ગીત કે ગાયન

નથી કે જેનો પાઠ કર્યા પછી ગાયા કે લલકાર્યા પછી કશું પ્રાપ્ત ન થાય. ગાવાનો કે વાંચવાનો સમય બગાડવાનો થાય. જ્યારે આ સ્તોત્ર સિદ્ધ પુરુષ = દત્તાવતારી શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી દ્વારા સ્વયં શ્રી દત્તાત્રેયની પ્રસાદીસ્વરૂપ હોઈ શીઘ્ર ફળ - શ્લોકમાં કહ્યા છે તેવાં ફળ આપનાર હોઈ તેના યથા શક્ય પાઠ ભક્તે કરવા જોઈએ એવું કહેવાનું પ્રાપ્ત થાય છે. ||૯||

❒

# 3 ચિત્તસ્થિરીકરણસ્તોત્રમ્

**સ્તોત્ર પ્રસ્તાવના :**

આપણાં શાસ્ત્રોમાં તપની વ્યાખ્યાનાં મૂળમાં મન અને ઈન્દ્રિયોની એકાગ્રતાને પ્રાધાન્ય આપ્યું છે : **मनसश्चेन्द्रियाणां च एकाग्रं परमं तपः** - મન અને ઈન્દ્રિયોની એકાગ્રતા જ પરમ તપ છે. મન બધી જ જ્ઞાનકર્મેન્દ્રિયો - દસેદસનો રાજા છે. તો **પંચદશી** નામના ગ્રન્થમાં **मनोदशेंद्रियाध्यक्ष** મન દશે દશ ઈન્દ્રિયોનો અધ્યક્ષ છે એટલે કે મનની આજ્ઞા પ્રમાણે આ ઈન્દ્રિયો પોત પોતાનાં કામ કરે છે. મનના આદેશ વિના માણસની ઈન્દ્રિયો બહાર જઈ શકે જ નહીં, તો વળી ઈન્દ્રિયો બહાર જઈ રૂપ-રસ-ગન્ધને સ્પર્શે નહીં તો મનને તેનો અનુભવ થાય જ નહિ. તેથી મન ઈન્દ્રિયોને અને ઈન્દ્રિયો મનને સહાય કરે, બન્ને પરસ્પર એકાગ્ર થાય એ આવશ્યક છે. મન રાજાની જેમ સ્વતંત્ર છે અને ઈન્દ્રિયો નોકરની જેમ મનને આધીન છે એ વાત તદ્દન સાચી છે. તેમ છતાંય મન અને ઈન્દ્રિયો બન્નેને એકાગ્ર કરી કોઈ એક બાબતે કેન્દ્રિત કરવાં એ મનુષ્યના પક્ષે બહુ મોટી તપસ્યા છે. એ સંદર્ભમાં :

**मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः ।**
**बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥**

**(ब्रह्म बिन्दूपनिषद् - २)**

અર્થાત્ (માણસનું) મન જ બંધન અને મોક્ષનું કારણ છે. મન જ્યારે વિષયાસક્ત થાય ત્યારે તે બન્ધનનું કારણ બને અને એ જ્યારે **निर्विषय** = વિષય વિમુખ બને ત્યારે મોક્ષનું કારણ બને.

આમ, મનનો અધિકાર કેટલો ભવ્ય છે તે જોઈ શકાય છે. બન્ધન એટલે ત્રણ પ્રકારનાં દુઃખ અને તેનાં સાધન તથા મોક્ષ એટલે પરમાનન્દ અને તેનાં સાધન એ બન્ને મનને આધીન છે. જો ત્રણે પ્રકારનાં દુઃખો પ્રાપ્ત કરવાં હોય તો મનને આ દુન્યવી વિષયોમાં રમતું મૂકી દો અને જો પરમાનન્દમય મુક્તિ માણવી હોય, શ્રવણ-મનન-નિદિધ્યાસન સિદ્ધ કરવાં હોય તો મનને નિર્વિષય = વિષયોમાંથી પાછું વાળો, વિષયોના વિચારો મનમાંથી હાંકી કાઢો !! મનમાંથી જેવી વિષયાકાર વૃત્તિ નીકળી જાય કે તરત જ બહાર ઘટ ઘટમાં, સર્વત્ર રમમાણ પ્રભુ મનમાં દાખલ થઈ જશે તેની ખબર પણ નહીં પડે. જેવી રીતે ડબ્બામાં ભરેલું અનાજ જેવું બહાર ઠાલવ્યું કે સર્વત્ર વ્યાપ્ત આકાશ એની મેળે ડબ્બામાં પ્રસરી જશે તેવી રીતે આ મનમાં ભરેલા વિષયો-વિષયાકાર વૃત્તિઓને જેવી બહાર ઠાલવી કે તરત સર્વત્ર વ્યાપ્ત પ્રભુ મનમાં ફેલાઈ જશે. આનું નામ મન અને ઈન્દ્રિયોની એકાગ્રતા ! મનને વિષયાકાર વૃત્તિથી ખાલી કરવાની સાધના એ જ **પરંતપ** !

પ્રસ્તુત સ્તોત્રમાં મનને સ્થિર કરવા માટેની પ્રાર્થના છે. બાહ્ય વિષયોનાં આક્રમણથી પ્રમત્ત ચિત્ત સ્થિર થાય તો તેની વૃત્તિ ઈશ્વરાકાર થઈ શકે. એને માટે માણસ **પરંતપ** કરે તે માટે સદ્‌ગુરુ ભગવાનની અહૈતુકી કૃપા માટેની પ્રાર્થના છે. પ્રભુ-સદ્‌ગુરુ ભગવાન જ પરમધામ છે, તેમની કૃપાથી જ માણસનું મન સ્થિર થઈ ઈશ્વરમય બને છે, એ તત્ત્વનું નિરૂપણ સમજાતાં મન એની મેળે સદ્‌ગુરુમય બનશે જ એમાં શંકા નથી.

**अनसूयात्रि सम्भूत दत्तात्रेय महामते ।**
**सर्वदेवाधिदेव त्वं मम चित्तं स्थिरीकुरु ॥१॥**

**शरणागतदीनार्त तारकाऽखिलकारक ।**
**सर्वचालक देव त्वं मम चित्तं स्थिरीकुरु ॥२॥**



**सर्वमङ्गलमाङ्गल्य सर्वाधिव्याधिभेषज ।**
**सर्व सङ्कटहारिन् त्वं मम चित्तं स्थिरीकुरु ॥३॥**

**स्मर्तृगामी स्वभक्तानां कामदोरिपुनाशनः ।**
**भुक्ति मुक्ति प्रदः स त्वं मम चित्तं स्थिरीकुरु ॥४॥**

**सर्वपापक्षयकर स्तापदैन्य निवारणः ।**
**योऽभीष्टदः प्रभुः स त्वं मम चित्तं स्थिरीकुरु ॥५॥**

**य एतत्प्रयतः श्लोक पञ्चकं प्रपठेत् सुधीः ।**
**स्थिरचित्तः स भगवत्कृपा पात्रं भविष्यति ॥६॥**

**॥ इति प.प. श्री वासुदेवानन्द सरस्वती विरचितं**
**श्री दत्तचित्तस्थिरीकरण स्तोत्रं सम्पूर्णम् ॥**

**અનસૂયાત્રિ સંભૂત દત્તાત્રેય મહામતે ।**
**સર્વ દેવાધિદેવ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ ॥૧॥**

**શબ્દાર્થ : अनसूयात्रि - अनसूया-अत्रि** = અનસૂયા અને અત્રિ (વડે), **सम्भूत** = જન્મેલા (ઉદ્‌ભવેલા), **दत्तात्रेय महामते** = હે શ્રી દત્તાત્રેય મહામતિ, **सर्वदेवाधिदेव** = સર્વ દેવોના અધિદેવ, **त्वम्** = તમે, **मम** = મારું, **चित्तं** = ચિત્ત, **स्थिरी कुरु** = સ્થિર કરો ॥૧॥

**શ્લોકાર્થ :** મહર્ષિ અત્રિ અને મહાસતી અનસૂયાથી સમ્ભૂત = ઉત્પન્ન એવા હે મહામતિ ! દેવોના પણ દેવ એવા શ્રી દત્તાત્રેય ! તમે મારું ચિત્ત સ્થિર કરો. ॥૧॥

**વિવરણ :** ચંચળ ચિત્તને સ્થિર કરવા માટેનું આ સ્તોત્ર છે. સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય એટલે -

(૧) **અનસૂયા** - અસૂયા = ઈર્ષ્યા-દ્વેષનો અભાવ. તેની વ્યાખ્યા - **न गुणान् गुणिनो हन्ति स्तौतिमन्दगुणानपि । नान्यदोषेषु रमते सानसूया प्रकीर्तिता ॥** અર્થાત્ જે ગુણીઓના ગુણનો વિરોધ ન કરે, ઓછા ગુણવાળાની પણ પ્રશંસા કરે તથા બીજાના દોષ ન જોવા એ અનસૂયા છે. તથા અત્રિ = ન ત્રિ = કામ મૂલક ત્રિગુણાત્મક સંસારનો તપ દ્વારા નાશ કરનાર મહર્ષિએ બે દ્વારા સમ્ભૂત એવા શ્રી દત્તાત્રેય.

(૨) **મહામતિ** - ધી, બુદ્ધિ, મતિ, પ્રજ્ઞા આ બધા બુદ્ધિવાચક શબ્દોમાં મતિ આનુવંશિક છે. તેથી અનસૂયા-અત્રિની મતિની આનુવંશિકતાને કારણે તેઓ મહામતિ છે.

(3) **દેવાધિદેવ** - દેવ એટલે **दिव्यति-आनन्देन क्रीडति** જે વિશ્વની પ્રકાશન દિવ્યતામાં આનંદની ક્રીડા કરે તે દેવના પણ દેવ = અધિ દેવ. એવા હે સદ્ગુરુ ભગવાન આપ મારાં ચિત્તને સ્થિર કરો એવી પ્રાર્થના છે.

અહીં **મન** શબ્દનો પ્રયોગ કર્યો નથી; **'ચિત્ત'** શબ્દનો પ્રયોગ કર્યો છે. એ જ પૂજનીય સ્વામી મહારાજશ્રીની પ્રબુદ્ધ સર્ગશક્તિની અનન્યતા સૂચવે છે. **ચિત્ત** એટલે મહર્ષિ પતંજલિ અનુસાર મન-બુદ્ધિ અને અહંકારની સમગ્રતાનો સંકુલ (Complex whole) છે. ચિત્તની પાંચ વૃત્તિઓ છે - પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ તથા ચિત્તની પાંચ ભૂમિકા છે - ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, નિરુદ્ધ અને એકાગ્ર. આરંભની ત્રણ ભૂમિકાએ - ક્ષિપ્ત-મૂઢ-વિક્ષિપ્ત એટલે ચિત્તની ચંચળ વૃત્તિ. એ ભૂમિકાએ માણસ યોગ તો જ ન સાધી શકે, પણ સામાન્ય કામકાજમાં પણ ભલીવાર ન આવે. એ ત્રણ ભૂમિકાએ માણસ **અવ્યવસ્થિત** - **क्षणा तुष्टा क्षणे रुष्टा** - થોડી વારમાં ખુશ અને થોડી વારમાં ઉગ્ર ક્રોધ !!



આ ચિત્તવૃત્તિ = પ્રથમ ત્રણના નિરોધ દ્વારા ચિત્તને **નિરોધ** અને **એકાગ્ર**નાં સ્તરે લઈ જવા માટે સમગ્ર **યોગવિજ્ઞાન** છે. યોગ દ્વારા **ચિત્તનો નિરોધ સાધી** આત્માને સ્વરૂપનું દર્શન કરાવવા માટેનો માર્ગ.

ચિત્તનો એ જ નિરોધ ભગવાન દત્તાત્રેયની કૃપાથી યોગ કર્યા વિના જ સિદ્ધ થઈ શકે એ માર્ગ બતાવવા માટે આ સ્તોત્ર છે. અષ્ટાંગ યોગની સાધના દ્વારા જે નિરુદ્ધ સ્થિતિએ પહોંચી શકાય એ જ સ્થિતિએ આ સ્તોત્રના પાઠ દ્વારા પહોંચી શકાય એ અર્થ છે. ॥૧॥

**શરણાગતદીનાર્તતારકાઽખિલકારક ।**
**સર્વચાલક દેવ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ ॥૨॥**

**શબ્દાર્થ : शरणागत् दीनार्त** = **शरण-आगत** = શરણે આવેલા, **दीन** + **आर्त** - ગરીબ અને દુઃખી, **तारकाऽखिल** = **तारक-अखिल कारक** = તારક અને અખિલના કારક કર્તા, **सर्वचालक** = સકળના ચાલક **देव** - દેવ, **त्वं** = તમે, **ममचित्तं** = મારું ચિત્ત, **स्थिरीकुरु** = સ્થિર કરો ॥૨॥

**શ્લોકાર્થ :** હે શરણે આવેલા દીન-દુખીના તારક = તારનાર, હે અખિલ = અખિલાઈના કારક = કર્તા, હે સર્વના ચાલક, હે દેવ તમે (આપ) મારાં ચિત્તને સ્થિર કરો. ॥૨॥

**વિવરણ :** હે દેવ મારાં ચિત્તને **स्थिरीकुरु** = અર્થાત મારું ચિત્ત અસ્થિર છે જે અસ્થિર છે તેને સ્થિર કરો એ પ્રાર્થના છે. હે સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય! આપના યશસ્વી ગુણાનુવાદમાં આપ શરણે આવેલા દીન-દુઃખીને તારનાર છો. તારક એટલે તારનાર = દુઃખ-દીનતાના સાગરમાં ડૂબતાંને તારનાર હે પ્રભુ આપ આ અખિલાઈના કારક = કર્તા છો તેથી આપ દીનતા અને દુઃખનાં સ્વરૂપને - તેની

પીડાનાં સ્વરૂપને જાણો છો માટે જ આપ તારી શકો તેમ છે. આપ આ જગતના સકલના ચાલકબળ છો - જેવી રીતે કળવાળી ગાડીને ચાવી આપવાથી - ચાવી ચડાવવાથી તેને ચલાવી શકાય તેમ કાષ્ઠ પૂતળી જેવા અમે મનુષ્યો-જીવો આ જગત સ્વયં સંચાલિત નથી; આપના ચલાવવાથી આ જગતનું યન્ત્ર ચાલે છે. આપનાં આ ગુણાનુવાદ રૂપે આપ મારાં અસ્થિર ચિત્તને સ્થિર કરો એવી ભક્તિભાવપૂર્વકની પ્રાર્થના. ।।૨।।

**સર્વ મંગલમાંગલ્ય સર્વાધિવ્યાધિ ભેષજઃ ।**
**સર્વસંકટહારિન્ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ ।।૩।।**

**શબ્દાર્થ : सर्व मङ्गल माङ्गल्य** = બધાં જ મંગલનું પણ માંગલ્ય કરનારા, **सर्वाधिव्याधिभेषज** = સર્વ = બધી, આધિ-વ્યાધિ = માનસિક વ્યથા અને શારીરિક વ્યથાનાં, **भेषज** = ઔષધરૂપ. **सर्वसंकटहारिन्** = બધાં જ સંકટ હરી લેનારા, **त्वम्** = આપ, **मम** = મારું, **चित्तं** = ચિત્ત, **स्थिरीकुरु** = સ્થિર કરો. ।।૩।।

**શ્લોકાર્થ :** હે બધાં જ મંગલ = કલ્યાણનું પણ મંગલ = કલ્યાણ કરનારા, હે બધી જ આધિ = માનસિક પીડા-દુઃખ તથા વ્યાધિ = શારીરિક પીડાના ઔષધ સ્વરૂપ, બધા જ સંકટો હરી લેનારા હે સદ્ગુરુ ભગવાન આપ મારાં ચિત્તને સ્થિર કરો. ।।૩।।

**વિવરણ :** મંગલ એટલે કલ્યાણ-શુભ-ઈષ્ટ તથા તેના સંદર્ભ મંગલવસ્તુ - દૂધ, દહીં, સુવર્ણ, આદિ, પવિત્ર-ત્યાગી મનુષ્ય, કાર્ય-વિવાહ-શુભપ્રસંગ, કલ્યાણકારી કર્મ આવા વેદશાસ્ત્ર વગેરે દ્વારા નિર્દિષ્ટ મંગલનું પણ મંગલ કરનારા સદ્ગુરુ ભગવાન છે, મંગલ કરનાર અને મંગલનું પણ મંગલ એટલે જે કાંઈ કલ્યાણકારી છે તેને તેનું સત્ત્વ આપનારા સદ્ગુરુ ભગવાન છે; તેમને ઉદ્દેશીને કહ્યું છે - હે સર્વ મંગલ માંગલ્ય! આધિ માનસિક પીડા-સંકટ, વ્યાધિ



= શારીરિક પીડા આ બન્ને પીડાના ભેષજ = ઔષધ સ્વરૂપ ગુરુ મહારાજ શ્રી દત્તાત્રેય છે.

(અ) શ્રી ગુરુલીલામૃતમાં **"પેટ પીડથી તાર્યો વિપ્ર"** એ કથા સ્મરણીય છે. પેટની પીડાથી આત્મહત્યા કરવા તૈયાર થયેલા માણસને ભારે ભોજન જમાડીને તેની વ્યાધિ સદ્ગુરુ ભગવાન શ્રીનરસિંહ સરસ્વતી મહારાજશ્રીએ મટાડી.

(બ) શ્રુતિમાં ભગવાન શ્રી દત્તાત્રેયના અંશભૂત ભગવાન શ્રી સદાશિવજીને ઉદ્દેશીને કહે છે - **भेषजमसि** । (**यजु रुद्राष्टाध्यायी** અ. ૬, મં. ૪) અર્થાત્ હે રુદ્ર આપ ભેષજ - ઔષધરૂપ સર્વ ઉપદ્રવ નિવારક, સર્વ પ્રાણીના હિતકારી છો... આદિ. હે સદ્ગુરુ ભગવાન આપ સર્વ પ્રકારનાં સંકટોનું હરણ કરનારા = નરહરિ-નર રૂપ હરિ = દુઃખોનું હરણ કરનારા છો. આ તથ્યનું નિરૂપણ "**घोरकष्टोद्धरण स्तोत्र**"માં થયું હોઈ તે સ્તોત્ર પરનું વિવરણ જોવું. માટે હે સદ્ગુરુ મારાં આ ચિત્તને આપ સ્થિર = ચંચળતા રહિત = એકાગ્ર કરો. ।।૩।।

**સ્મર્તૃગામી સ્વભક્તાનાં કામદોરિપુનાશનઃ ।**
**ભુક્તિમુક્તિપ્રદઃ સ ત્વં મમ ચિત્તં સ્થિરી કુરુ ।।૪।।**

**શબ્દાર્થ : स्मर्तृगामी** = સ્મરણ કરતાંની સાથે સ્મરણ કરનાર પાસે પહોંચી જનાર, **स्वभक्तानां** = પોતાના ભક્તોના, **कामदो** = **कामदः** = કામ-કામના ઈચ્છા પ્રમાણે આપનાર. **रिपुनाशन** = શત્રુઓનો નાશ કરનાર **भुक्ति मुक्ति प्रदः** = ભુક્તિ = ઉપભોગ અને મુક્તિ = મોક્ષ આપનાર, **स त्वं** = તે તમે, **मम** = મારું, **चित्तं** = ચિત્તને, **स्थिरी** = સ્થિર, **कुरु** = કરો. ।।૪।।

**શ્લોકાર્થ :** હે સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય ! આપ સ્મર્તૃગામી-સ્મરણ કરતાં જ સ્મરણ કરનારની પાસે પહોંચી જનારા છો. પોતાનાં ભક્તોની કામના-ઈચ્છા પ્રમાણે તેને આપનાર-કામના પૂર્તિ કરનાર છો. તથા ભક્તોના રિપુ = શત્રુઓ = એક તો કામ-ક્રોધ જેવા આંતરિક ષડ્‌રિપુ = છ શત્રુઓ તથા બીજા બાહ્ય શત્રુનો નાશ કરનાર, ભક્તોને ભુક્તિ = ભોગ અને મુક્તિ = મોક્ષ બન્ને પ્રદાયક = સારી રીતે આપનાર છો. એવા તમે મારાં આ ચિત્તને સ્થિર કરો. ।।૪।।

**વિવરણ :** ભગવાન શ્રી દત્તાત્રેયની પ્રમુખ વિલક્ષણતા તેમનું સ્મર્તૃગામીપણું છે. તેમને પામવા માટે કોઈ મોટા જપ-તપ-અનુષ્ઠાનની જરૂર નથી. ભક્ત સાચા દિલથી માત્ર તેમનું સ્મરણ જ કરે, યાદ કરે કે તરત જ તેઓ તેની સામે હાજર થઈ જાય. **શ્રી દલાદન** નામના એક મહાન ઋષિ હતા. એમણે ભગવાન શ્રી દત્તાત્રેયના યશની આ વાત સાંભળી; એટલે એમને ભારે આશ્ચર્ય થયું ! એમણે વિચાર્યું - આવું તે હોતું હશે? યોગીઓ વર્ષોનાં જપ-તપ યોગ સાધના છતાંય જેમની ઝલક પામી શકતા નથી એ એકદમ યાદ કરતાં જ આવી ઊભે એવું બને ખરું ? એમણે આ વાતની ખાતરી કરવા સ્નાન સંધ્યાથી નિવૃત્ત થઈ, ધ્યાન ધરી ભગવાનશ્રી દત્તાત્રેયનું જેવું સ્મરણ કર્યું કે તરત જ તેઓ નજર સામે પ્રગટ થયા. દલાદન મુનિ તો આભા જ બની ગયા; એમણે ગુરુ મહારાજની ક્ષમા માગી, પોતે ખાતરી કરવા જ આમ કર્યું હતું એમ કહી પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો ત્યારે શ્રી દત્ત પ્રભુએ કહ્યું કે મહારાજ, તમે યાદ કર્યો ને હું આવી ગયો - હવે તમે માગો તે આપું. મુનિ કહે હું શું માગું? મારે તો અહીં કશાની જરૂર નથી, છતાંય આપને જે આપવું હોય તે આપો એટલે ભગવાનશ્રી દત્તાત્રેયે તેમને **"श्री दत्तात्रेय वज्रकवच"** આપ્યું. મુનિએ તે સ્વીકારી લખી લીધું. આજે પણ ભક્તો તેના નિત્ય પાઠ કરે છે. પૂજનીય શ્રી રંગઅવધૂત મહારાજશ્રીએ તેને



આધારે - તેના જેવું જ **"श्री दत्तरक्षास्तोत्र"** સંસ્કૃત-ગુજરાતીમાં રચ્યું છે.

ભગવાનશ્રી દત્તાત્રેય પોતાના ભક્તોની કામના પ્રમાણે આપનાર જેમ કે, શ્રીપાદશ્રી વલ્લભ સ્વરૂપે રજકને સાર્વભૌમ રાજ્યસુખ, આયુને પુત્ર, અલર્કને મુક્તિ, સહસ્રાર્જુનને અનેક ઉપભોગ આપ્યા, એ જ રીતે ભક્તોના રિપુ = શત્રુઓ - આંતરિક - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા તથા બાહ્ય શત્રુઓનો નાશ કર્યો છે અને કરે છે.

ભગવાનશ્રી દત્તાત્રેયે ભુક્તિ = ભોગ રજકને આપ્યા તો સહસ્રાર્જુન, અલર્ક, યદુ, પ્રહ્લાદને મુક્તિ મોક્ષ આપ્યો. આ બધી દૃષ્ટાંત કથાઓ શ્રી ગુરુલીલામૃત જેવા ગ્રન્થોમાં સુપેરે નિરૂપિત છે.

આવા સમર્થ પ્રભુની પાસે આમાંનું કશું જ નહીં, માત્ર ચંચળ-અસ્થિર-ચિત્તના સ્થિરીકરણની માગણી - હે દત્ત પ્રભુ આપ મારાં ચિત્તને સ્થિર કરો. ચિત્તની અસ્થિરતા એ મહાદુઃખ છે; આપ તેનો નાશ કરો એવી પ્રાર્થના છે. ।।૪।।

**સર્વપાપક્ષયકરસ્તાપ દૈન્ય નિવારણઃ ।**
**યોऽભીષ્ટદઃ પ્રભુઃ સ ત્વં મમ ચિત્તં સ્થિરી કુરુ ।।૫।।**

**શબ્દાર્થ : सर्वपाप क्षयकरः** = બધા જ પ્રકારનાં પાપોના ક્ષય કરનાર, **तापदैन्यनिवारणः** = તાપ અને દીનતાનું નિવારણ કરનાર, **योऽभीष्टदः** = **यः अभीष्ट** दः જે ઈચ્છિત-મનગમતું આપનાર એવા પ્રભુ = સમર્થ છે. **स त्वं** = એ તમે **मम चित्तं स्थिरीकुरु** = મારું ચિત્ત સ્થિર કરો. ।।૫।।

**શ્લોકાર્થ :** બધાં જ પાપનો ક્ષય કરનાર, તાપ અને દૈન્યનું નિવારણ કરનાર, ભક્તને ઈચ્છિત = મનગમતું આપવામાં પ્રભુ = સમર્થ એવા તમે મારું ચિત્ત સ્થિર કરો. ।।૫।।

**વિવરણ :** મનુષ્ય દ્વારા પાપ થાય છે. મહાત્મા વિભીષણે શ્રીરામની પાસે જઈ પોતાનો પરિચય આપતા કહ્યું **"सहज पाप प्रिय तामस देहा"** - મારો આ તામસી દેહ સહજ રીતે પાપ કરવામાં પ્રેમ ધરાવનારો છે. માણસ જાણ્યે-અજાણ્યે પાપ કરે જ છે. પાપ એટલે મનુષ્ય દ્વારા થતું અધમ, નિન્દ્ય કર્મ. મહાભારતમાં પાપની વ્યાખ્યા કરતાં કહ્યું છે :

(૧) **अनुष्ठानं निषिद्धस्य** : શાસ્ત્રમાં જે કંઈ કરવાનો નિષેધ કર્યો હોય તે સતત કર્યા જ કરવું - જેમ કે શરીરથી થતાં ત્રણ પાપ - કોકનું ખૂન કરવું, ચોરી, પરસ્ત્રીગમન - વાણીથી થતાં પાપ - ખોટું બોલવું, બિનજરૂરી કઠોરતા - નિર્દયતા, ચાડી-ચૂગલી, અસત બોલી તે પ્રમાણે આચરવું. માનસિક પાપ - કોઈકનું બુરું જ ઈચ્છવું, ષડયન્ત્ર રચવું, માનસિક વ્યભિચાર આદિ પાપના ઘણા પ્રકાર છે.

(૨) **त्यागः विहितकर्मणः** = જે કર્મ કરવા યોગ્ય છે - સત્ય બોલવું, અહિંસા, બ્રહ્મચર્ય, સ્વકષ્ટાર્જિત જ ખાવું, શુદ્ધિ જેવાં કર્મો ન કરવાં એ પાપ છે.

આ બે પ્રકારનાં અસંખ્ય પાપનો ક્ષય સદ્‌ગુરુ ભગવાનની કૃપાથી થાય છે. ભગવાન માણસને સત્કર્મ-પુણ્ય કરવા પ્રેરે છે અને એ રીતે તેણે કરેલાં પાપ નષ્ટ થાય છે.

એ જ રીતે સદ્‌ગુરુ ભગવાન ભક્તના તાપ-ત્રિવિધ તાપ - આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક - તેમાં (૧) કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, અસૂયા, રાગ-દ્વેષથી જે માનસિક દુઃખ તથા તાવની પીડા, અતિસાર જેવી શારીરિક પીડા થાય તે **આધ્યાત્મિક તાપ**, (૨) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, અગ્નિદાહ, જલપ્લાવન,



વીજળી પડવી, વગેરેથી જે પીડા થાય તે **આધિદૈવિકતાપ** તથા (૩) સાપ, વીંછી, સિંહ, વાઘ, ચોર, લૂંટારા, રાજા, રાજ્ય અધિકારી વગેરેથી જે દુઃખ થાય તે **આધિભૌતિક તાપ**. આ ત્રણ તાપ તથા દૈન્ય = દીનતા-આર્થિક, માનસિક જેવી ગરીબાઈ-અભાવગ્રસ્ત જીવન આ બન્નેનું નિવારણ કરનાર સદ્‌ગુરુ ભગવાન આપ ભક્તને તેનું અભીષ્ટ = મનપસંદ વરદાન આપવા માટે પ્રભુ = સમર્થ છો. એવા હે દત્ત પ્રભુ આપ મારાં ચંચળ ચિત્તને સ્થિરતા બક્ષો. ।।૫।।

**ય એતત્પ્રયતઃ શ્લોક પંચકં પ્રપઠેત્સુધીઃ ।**
**સ્થિર ચિત્તઃ સ ભગવત્કૃપાપાત્રં ભવિષ્યતિ ।।૬।।**

**શબ્દાર્થ :** **यः** = જે, **एतत्** = આ, **प्रयतः** = સંયમ પૂર્વક પ્રયત્નવાન થઈને, **श्लोक पञ्चकम्** = પાંચ શ્લોકવાળું સ્તોત્ર, **प्रपठेत्** = ખૂબ સારી રીતે ભણે = બોલે = પાઠ કરે, **सुधीः** = શોભના બુદ્ધિવાળા = ઊંડી સમજણ ધરાવનાર, **स्थिरचित्तः** = સ્થિરચિત્ત વાળો, **सः** = તે, **भगवत्कृपा** = **भगवत्-कृपा** = ભગવાનની કૃપા, **पात्र** = ભાજન, **भविष्यति** = થશે. ।।૬।।

**શ્લોકાર્થ :** આ પાંચ શ્લોકવાળું = પંચશ્લોકાત્મક સ્તોત્ર જે સુધી = સુબુદ્ધિવાળો, સંયમપૂર્વક-પ્રયત્નપૂર્વક સારી રીતે પાઠ કરશે તે સ્થિર ચિત્તવાળો ભગવાનની કૃપાને પાત્ર થશે. ।।૬।।

**વિવરણ :** આમ, જે સુધી = ડાહ્યો બુદ્ધિમાન માણસ નિત્ય પ્રયત્નપૂર્વક એટલે કે શબ્દોના શુદ્ધ ઉચ્ચારણ તથા અનુષ્ટુપ છંદના યોગ્ય લય સાથે એકાગ્ર ચિત્તે આ માત્ર પાંચ જ શ્લોકવાળા સંક્ષિપ્ત સ્તોત્રનો નિત્ય નિયમ પ્રમાણે પાઠ કરશે તેને જે ફળ પ્રાપ્ત થશે તે એ કે તેનું ચિત્ત સ્થિર = એકાગ્ર થતાં તેને ભગવાનની અહૈતુથી કૃપાનો અનુભવ થશે.

આમ, કોઈ પણ યુગમાં અને સવિશેષ આજના આ યાન્ત્રિક યુગમાં માણસની યાતનાઓ, માનસિક પ્રતારણાઓ વધતાં તેનું મન સતત તનાવગ્રસ્ત રહે છે એ હકીકત છે. તેને કારણે રક્તચાપ, હૃદયરોગ, માનસરોગ જેવાં અનેક દુઃખોને કારણે માણસનું મન સ્થિર થઈ શકતું નથી. માનસ ચિકિત્સકો (સાઈકિયાટ્રીસ્ટ) દવાઓ આપે છે પણ તે ચિત્તને સ્થિર કરનારી ન હોતાં મનને શાંત કરીને ઊંઘાડી દેનારી હોય છે; પરિણામે એની અસર છ કે આઠ કલાકે પૂરી થતાં વળી માથું ભમવા માંડે છે. એ વાસ્તવની સામે પરમ પૂજનીય સ્વામી મહારાજશ્રીનું આ સ્તોત્ર એક અમોઘ ઓસડ સમાન હોઈ તેનો પ્રયોગ કરવા જેવો છે. ।।૬।।

❐

# 4 श्री दत्तात्रेयापराधक्षमापनस्तोत्रम्

**स्तोत्र प्रस्तावना :**

પરમપૂજ્ય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમદ્ વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામી મહારાજશ્રીએ સદ્‌ગુરુ ભગવાન શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજશ્રીની આજ્ઞાથી **द्विसाहस्री (श्रीगुरुचरितम्)** નામના સંસ્કૃત ગ્રન્થની રચના કરી છે. ગ્રન્થના આરંભ પૂર્વે વક્તા અને શ્રોતાના મંગલ માટે ૧૧૨ (એક સો બાર) શ્લોકાત્મક "શ્રી ગુરુસ્તુતિ"ની રચના કરી છે. ત્યાર પછી ગુરુચરિત્ર ગ્રન્થનો પ્રારમ્ભ કર્યો છે. ગ્રન્થની રચના કર્યા પછી દસ વર્ષે તેઓ જ્યારે પોતાની પદયાત્રામાં ચાતુર્માસ દરમિયાન શ્રી દ્વારકા અને શ્રી પ્રભાસક્ષેત્રમાં હતા ત્યારે ગુરુમહારાજશ્રીની આજ્ઞાથી ગ્રન્થ પર સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકાની રચના કરી ત્યારે મૂળ ગ્રન્થ તો વાડીમાં હતો.

પ્રસ્તુત ગ્રન્થ જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડના ક્રમે રચાયેલો છે. તેમાં ગુરુસ્તુતિ અન્તર્ગત પ્રસ્તુત **अपराध क्षमामन** સ્તોત્ર સમાવિષ્ટ છે. લગભગ બધાં જ શ્રી દત્તસ્થાનોમાં આ સ્તોત્રનો નિત્યપાઠ થાય છે. દ્વિસાહસ્રીનાં સપ્તાહ પારાયણ દરમિયાન પ્રત્યેક દિવસના પાઠના અન્તે પ્રસ્તુત સ્તોત્રનો પાઠ કરવામાં આવે છે. સ્તોત્રમાં જન્મથી માંડીને મૃત્યુ પર્યન્ત આ મનુષ્ય દેહે મેં આપના નામનું સ્મરણ કર્યું નથી એ અપરાધની હે પ્રભો, ક્ષમા કરો એવી પ્રાર્થના કરવામાં આવી છે.

ગ્રન્થમાં માણસે એ જ્યાં હોય ત્યાં સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયની માનસપૂજા કરવી અને તે કઈ રીતે કરવી તેનું નિરૂપણ કર્યા પછી પ્રસ્તુત સ્તોત્રનો પાઠ આપેલો છે. ગુરુભક્તે પ્રસ્તુત સ્તોત્રનો

પોતાના પૂજા પાઠના નિત્યક્રમ પછી યા દિવસ દરમિયાન ગમે ત્યારે એકવાર પાઠ કરવો હિતાવહ છે, એમ કરવાથી સ્તોત્ર આત્મસાત્ થતાં પરમ આનન્દનો અનુભવ થાય છે. એમ સમજી અહીં તેના વિશે વિવરણાત્મક સ્પષ્ટીકરણ કર્યું છે.

रसज्ञा वशा तारकं स्वादु लभ्यं
गृहीतं कदाचिन्न ते नाम दत्त ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥१॥

वियोन्यन्तरे दैवदाढ्र्याद्विभो प्राग्-
गृहीतं कदाचिन्न ते नाम दत्त ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥२॥

मया मातृगर्भस्थिति प्राप्त-कष्टात्
गृहितं कदाचिन्न ते नाम दत्त ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥३॥

मया जातमात्रेण सम्मोहितेन
गृहीतं कदाचिन्न ते नाम दत्त ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥४॥

मया क्रीडनासक्त चित्तेन बाल्ये
गृहीतं कदाचिन्न ते नाम दत्त ॥
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥५॥



मया यौवनेऽज्ञानतो भोगतोषाद्
गृहीतं कदाचिन्न ते नाम दत्त ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥६॥

मया स्थाविरेऽनिघ्न सर्वेन्द्रियेण
गृहीतं कदाचिन्न ते नाम दत्त ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥७॥

हृषीकेश मे वाङ् मनः कायजातं
हरेऽज्ञानतो ज्ञानतो विश्वसाक्षिन् ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥८॥

स्मृतोध्यात आवाहितोस्यर्चितो वा
न गीतः स्तुतो वंदितो वा न जप्तः ।
क्षमस्वापराधं क्षमस्वापराधं
क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥९॥

दयाब्धिर्भवादृङ् न सागाश्च मादृक्
भवत्याप्तमन्तोर्भवान्मे शरण्यः ।
यथाऽऽलम्बनं भूर्हि भूनिस्सृतांध्रे
रिति प्रार्थितं दत्तशिष्येण सारम् ॥१०॥

॥ इति श्री प.प. श्री वासुदेवानन्द सरस्वती विरचितं
श्री दत्तात्रेयपराधक्षमापनस्तोत्रम् ॥

**રસજ્ઞાવશા તારકં સ્વાદુલભ્યં**
**ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્ન ચિત્ત ॥૧॥**

**શબ્દાર્થ : रसज्ञा** = રસના સ્વાદને જાણનારી જીભ, **वशा** = વશમાં છે; **तारकं** = તારનારું, **स्वादु** = સ્વાદિષ્ટ, **लभ्यं** = સરળતાથી પ્રાપ્ત, **गृहीतं** = ગ્રહણ કર્યું, **कदाचित् - न** કયારેય નથી (કર્યું), **ते** = **तव** (તવ) તમારું, **नाम** = નામ, **दत्त** = હે શ્રીદત્ત, **क्षमस्वापराधं** = **क्षमस्व अपराधं, क्षमस्व-अपराधं, क्षमस्व अपराधं** = એ અપરાધ આપ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. **प्रभु -** હે પ્રભુ, **क्लिन्न चित्त** = આર્દ્ર ચિત્ત વાળા.

**શ્લોકાર્થ :** હે આર્દ્ર ચિત્ત પ્રભુ શ્રી દત્તાત્રેય, મારી આ જીભ રસજ્ઞા-રસની પારખુ છે અને તે મારા વશમાં છે છતાંય અત્યન્ત સ્વાદિષ્ટ અને સરળતાથી પ્રાપ્ત એવું આપનું નામ મેં કયારેય લીધું નથી. નામ સ્મરણ કર્યું નથી, (હે પ્રભુ આર્દ્ર ચિત્ત) આપ મારો એ અપરાધ (કાયિક, વાચિક, માનસિક) ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો.

**વિવરણ :** સમગ્ર પ્રાર્થના-સ્તુતિ સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયનાં **પ્રભુ** સ્વરૂપને ઉદ્દેશીને થઈ છે. દસ શ્લોકનાં સ્તોત્રમાં **પ્રભો** શબ્દનો પ્રયોગ નવ વાર થયો છે. પ્રભુ એટલે સમ્પૂર્ણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનાર સર્વશક્તિમાન પરમેશ્વર. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં પરમેશ્વરની સૃષ્ટિ રચનાની વાત થાય ત્યાં ત્યાં સગુણ પરમેશ્વરને કર્તા સ્વરૂપે દર્શાવવામાં આવ્યા છે; એ સ્વરૂપ જ પ્રભુનું છે. પ્રભુના અનેક ગુણોમાં પ્રમુખ ગુણ તેઓ દયાસાગર, કૃપાસાગર છે. પૌરાણિક નિરૂપણ પ્રમાણે સપ્તમહાસાગર - ક્ષાર, ઈક્ષુ, સુરા, ઘૃત, ક્ષીર,



દધિ અને શુદ્ધોદક નામના સપ્તમહાસાગરથી વિલક્ષણ એવું ગુરુમહારાજનું દયા-કૃપાસાગર સ્વરૂપ છે. તેથી સદ્‌ગુરુ ભગવાન ક્ષમા કરવા સમર્થ છે.

અહીં પ્રથમ શ્લોકમાં ભક્ત પોતાના અપરાધની રજૂઆત કરે છે. અપરાધ છે - મેં કયારેય આપનું નામ લીધું નથી - નામ સ્મરણ કર્યું નથી; અલબત્ત નામ સ્મરણ કરવા માટે અનુકૂળતા છે. નામ સ્મરણ જીભથી થાય. જીભ સ્વાદની શોખીન છે અને ભગવાનનું નામ પરમ સ્વાદુ-સ્વાદિષ્ટ છે. આ રસને જાણનારી = રસજ્ઞા જીભ વશમાં હોવા છતાંય અને પ્રભુ આપનું નામ સરળતાથી લભ્ય = પ્રાપ્ય હોવા છતાંય મેં એ નામનું સ્મરણ કર્યું નથી; જો એ નામનું સ્મરણ થાય તો પૂજ્યશ્રી અવધૂતજી કહે છે - “નામ સુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે...” (અ.આ. પૃ. ૧૩૧) આ જીવન ધન્ય થઈ જાય. પ્રભુ આપ ક્લિન્ન ચિત્ત - દયાથી આર્દ્ર ચિત્તવાળા છો. આપ મારા આ અપરાધને ક્ષમા કરો; ક્ષમા કરો, ક્ષમા કરો. ક્ષમાની ત્રણ વાર વિનંતીની પાછળનો હેતુ તીવ્ર પશ્ચાત્તાપનો છે. અપરાધનાં ત્રણ સ્વરૂપ છે :

**(૧) કાયિક અપરાધ :** કાયા-શરીરની આળસને કારણે, નામ સ્મરણ ન થાય.

**(૨) વાચિક અપરાધ :** જીભને નામ ઉચ્ચારણની ટેવ જ ન પડી હોય તેને ઉચ્ચારણ આવડતું જ ન હોય.

**(3) માનસિક અપરાધ :** મનથી પ્રભુનાં સ્મરણનો સંકલ્પ થાય તો જીભ નામ રટે, કાયા પણ તૈયાર થાય.

સદ્‌ગુરુ ભગવાનનું નામ **તારક** = તારી દેનારું. સંસારના લવણ = ખારા સમુદ્રમાં = ભવસાગરમાં ડૂબકી ખાનારને એ નામ તારનારું છે તેથી પૂજ્યશ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે - “તું વિણ નાથ ન તારક દૂજો, જે ભવસાગર પાર કરે” (અ.આ.પૃ. ૪૨)

આવું તારક નામ ઉક્ત ત્રણ પ્રકારના અપરાધને કારણે નથી લઈ શકાયું એ વાતનું અહીં ખૂબ જ આર્તસ્વરે ગાન થયું છે. (રસજ્ઞાવશાત્ તારકં એવો પાઠ પણ છે.) ॥૧॥

**वियोन्यन्तरे दैवदाढर्याद्विभो प्राक्**
**गृहीतं कदाचिन्न ते नाम दत्त ।**
**क्षमस्वापराधं क्षमस्वापराधं**
**क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥२॥**

**શબ્દાર્થ : वियोन्यन्तरे - वियोनि अन्तरे -** અન્ય યોનિમાં (અન્ય જન્મમાં) **दैवदाढर्यात्** = દુર્દૈવ = દુર્ભાગ્ય વશ, **विभो** = હે વિભુ = પ્રભુ. **प्राक्** = પૂર્વે, **गृहीतं** = લીધું, **कदाचित्** = કયારેય, **न** = નહીં, **ते नाम** = તમારું નામ, **दत्त -** હે શ્રી દત્ત, **क्षमस्व अपराधं** = અપરાધને ક્ષમા કરો. (ત્રણ વાર), **प्रभो** = હે પ્રભુ, **क्लिन्नचित्त** = દયાર્દ્ર ચિત્ત વાળા. ॥૨॥

**શ્લોકાર્થ :** અન્ય યોનિમાં (જન્મ-જીવન મળતાં) પણ દૈવવશ-દુર્દૈવ-દુર્ભાગ્યવશ પૂર્વે કયારેય હે શ્રી દત્ત પ્રભુ ! મેં આપનું નામ લીધું નથી. હે વિભુ-સમર્થ પ્રભુ, હે દયાર્દ્રચિત્ત પ્રભુ ! આપ મારો એ અપરાધ ક્ષમા કરો. ॥૨॥

**વિવરણ :** અહીં, સદ્‌ગુરુ ભગવાનને **વિભુ** શબ્દ દ્વારા સંબોધન છે. વિભુ એટલે સર્વજ્ઞ - હે વિભુ એટલે હે **સર્વજ્ઞ** સદ્‌ગુરુ અત્યારે તો મારો આ મનુષ્ય જન્મ છે. માણસના સત્કર્મ-દુષ્કર્મના પ્રભાવે તેને આ **ભવાટવી** = ભવ-અટવી = ભવમાં ભમવું પડે છે. લાખો યોનિમાં ભટકતાં ભટકતાં અનેક સુકૃતોનાં પરિણામે મુક્તિના પરમ સાધન સમાન માનવદેહની પ્રાપ્તિ થાય છે; જ્યારે પાપ જેવાં દુષ્કર્મોનાં પરિણામે અન્ય **वियोनि** = મનુષ્ય સિવાયની જીવ-જંતુની યોનિઓમાં



ભવોભવ ભટકવાનું થાય છે, આમ પ્રાક્ = પૂર્વે મનુષ્ય સિવાયની યોનિઓમાં ભટકતાં મેં કયારેય આપનાં નામનું સ્મરણ કર્યું નથી, જો આ મનુષ્ય યોનિમાં કે જ્યાં નામસ્મરણ, પ્રભુ પરાયણ જીવન શક્ય છે ત્યાં નામ સ્મરણ ના કર્યું તો અન્ય યોનિમાં તો કયાંથી જ કર્યું હોય !! એ સત્યના સન્દર્ભે હવે હું આપને પાર્થું છું - હે દયાર્દ્ર પ્રભુ ! આપ મારા અપરાધ-કાયિક, વાચિક, માનસિક અપરાધની ક્ષમા કરો. ॥૨॥

**मया मातृगर्भस्थिति प्राप्तकष्टात्**
**गृहीतं कदाचिन्न ते नाम दत्त ।**
**क्षमस्वापराधं क्षमस्वापराधं**
**क्षमस्वापराधं प्रभो क्लिन्न चित्त ॥३॥**

**શબ્દાર્થ : मया** = મેં (મારાથી), **मातृगर्भस्थिति** = માતાના ગર્ભમાં વાસ દરમિયાન, **प्राप्त** = મળેલા, **कष्टात्** = દુઃખોથી, **गृहीतं** = લીધું, **कदाचित्** = કયારેક, **न** = નહીં, **ते** = તમારું, **नाम** = નામ, **दत्त** = હે શ્રી દત્ત પ્રભુ, **क्षमस्वापराधं** પૂર્વવત્ ॥૩॥

**શ્લોકાર્થ :** મેં (જન્મોજન્મે) માતાના ગર્ભવાસ દરમિયાન પ્રાપ્ત કરેલા-ભોગવેલા કષ્ટોને કારણે કયારેય આપનું દત્ત નામ લીધું નથી. હે દયાર્દ્ર ચિત્ત પ્રભુ દત્તાત્રેય ! આપ મારો એ અપરાધ ક્ષમા કરો... ત્રણ વાર ॥૩॥

**વિવરણ :** હે દયા સાગર સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્ત, આજ સુધી અનેક યોનિઓમાં મેં અનેક માતાઓનાં ગર્ભમાં વાસ કર્યો અને એ ગર્ભમાં અનેક કષ્ટો સહન કર્યાં છતાંય મેં કયારેય આપનું નામ લીધું નથી - નામ સ્મરણ કર્યું નથી. એ બધા જ ગર્ભવાસમાં અન્તે યોનિમાંથી કીડો બહાર પડે તેમ હું કીડાની જેમ જન્મ્યો અને જન્મતાં

જ ગર્ભવાસની પીડાઓ ભૂલી ગયો. ગર્ભવાસ દરમિયાન જ્યારે અનેક કષ્ટો વેઠતો હતો ત્યારે એ ગર્ભવાસની તથા પૂર્વેના ગર્ભવાસના કષ્ટોની સ્મૃતિ રહેતી હતી. તેથી હું આપને ગર્ભવાસ દરમિયાન સતત પ્રાર્થના કરતો - હે પ્રભુ, મને આ યાતનાઓમાંથી છોડાવો, હું આપને શરણે છું, મને બહાર કાઢો. હું આપનાં ભજન સિવાય બીજું કશું જ નહીં કરું એવી અંતરની પ્રાર્થના સાંભળી આપે મને ગર્ભની યાતનામાંથી મુક્ત કર્યો - કેટલી વાર મુક્ત કર્યો છતાંય હું દૈવી માયાવશ એ ભૂલી ગયો અને આપનું દિવ્ય અને પુણ્યકારી નામસ્મરણ કર્યું નહીં. હે દયાર્દ્ર ચિત્ત દત્ત પ્રભુ, આપ મારો એ અપરાધ ક્ષમા કરો. ।।૩।।

**મયા જાતમાત્રેણ સંમોહિતેન**
**ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્ન ચિત્ત ।।૪।।**

**શબ્દાર્થ :** **मया** = મેં, **जातमात्रेण** = જન્મતાની સાથે જ, **संमोहितेन** = મોહને કારણે, **गृहीतं** = ગ્રહણ કર્યું, **कदाचित् न** = ક્યારેય નહીં, **ते** = તારું, **नाम** = નામ, **दत्त** = હે શ્રી દત્ત પ્રભુ, **क्षमस्वापराधं**... પૂર્વવત. ।।૪।।

**શ્લોકાર્થ :** જન્મતાની સાથે સંમોહનવશ = મોહમાં પડી જવાથી મેં હે પ્રભુ શ્રીદત્ત! આપનું નામ ક્યારેય લીધું જ નહીં. હે દયાર્દ્ર ચિત્ત પ્રભુ દત્ત! આપ મારો આ અપરાધ ક્ષમા કરો... (ત્રણ વાર) ।।૪।।

**વિવરણ :** શ્લોક ત્રીજાના સંદર્ભે પ્રસ્તુત શ્લોક સમજવાનો છે. બાળક-જીવાત્મા જ્યારે માતાના ગર્ભમાં હોય છે ત્યારે તેને પૂર્વના



અનેક જન્મોની સ્મૃતિ હોય છે : પૂર્વે કઈ કઈ યોનિમાં જન્મ્યા, તે તે યોનિમાં માતા-પિતા કોણ કોણ હતા, ક્યાં ક્યાં જન્મો લીધા, ક્યારે ક્યારે જન્મો થયા, તે તે જન્મોમાં પોતે કેવાં કેવાં કર્મો કર્યાં આ બધાની સ્મૃતિ હોય છે; એ જન્મોમાં પુનર્જન્મ ન થાય તે માટે - જન્મ મરણના ચકરાવામાંથી છૂટવા માટે ઈશ્વરનું ભજન કર્યું નથી એ વાતનું પણ સ્મરણ હતું એ પરિસ્થિતિમાં ગર્ભમાં રહ્યો રહ્યો મેં જીવાત્મા સ્વરૂપે ''પ્રભુ, મને આ ગર્ભની યાતના-કષ્ટમાંથી બચાવ-છોડાવ'' એવી પ્રાર્થના કરતાં કરતાં નવ-નવ માસ ત્યાં કાઢ્યા. પરમકૃપાળુ પ્રભુની અસીમ કૃપાથી માતાના ગર્ભમાંથી બહાર આવતાં જ મારા દુર્ભાગ્યે હું મારાં આત્મા સ્વરૂપ ''સોઽહમ્''ને ભૂલી **''कोऽहम्''** થઈ ગયો - અર્થાત્ આત્મ સ્વરૂપ હું કોણ છું એવા ભ્રમમાં પડી ગયો. આમ, જન્મતાની સાથે શરીરના, માતા-પિતાના તથા અન્ય અનેક મોહમાં પડવાથી ભ્રમિત દશામાં ભગવાન મેં આપનું સ્મરણ કર્યું નથી, મારો એ અપરાધ હે આર્દ્રચિત્ત ભગવાન શ્રી દત્તાત્રેય ! આપ ક્ષમા કરો... ત્રણ વાર... ।।૪।।

**મયા ક્રીડનાસક્તચિત્તેન બાલ્યે**
**ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો નિતન્ન ચિત્ત ।।૫।।**

**શબ્દાર્થ :** **मचा** = મેં, **क्रीडन-आसक्त -चित्तेन** = રમતમાં રમમાણ ચિત્ત = મનને કારણે, **बाल्ये** = બાળપણમાં, **ग्रहीतं**... (પૂર્વવત્) ।।૫।।

**શ્લોકાર્થ :** બાળપણમાં રમતમાં રમી ગયેલાં ચિત્તને કારણે હે પ્રભુ મેં આપનું નામ ક્યારેય લીધું - ઉચ્ચાર્યું નહીં, હે આર્દ્ર ચિત્ત ભગવાન આપ મારો એ અપરાધ ક્ષમા કરો... (ત્રણ વાર) ।।૫।।

**વિવરણ :** હે સદ્ગુરુ ભગવાન, આપની અસીમ કૃપાથી હું માતાના ગર્ભમાંથી બહાર આવ્યો; પણ ગર્ભાવસ્થામાં મને જે જ્ઞાન હતું તે નષ્ટ થયું અર્થાત્ મને હું **सोऽहम् = सः अहम्** = તે પરમાત્મ સ્વરૂપ હું જ છું સમજતો હતો તે સમજ નષ્ટ થતાં જ **कोऽहम्** = **હું કોણ છું** ? એવો ભ્રમ-વિભ્રમ થતાં મને મારાં સ્વનું જ વિસ્મરણ થતાં જન્મતાં જ મારું બાળપણ રમત-ગમતમાં પસાર થવા લાગ્યું. માનવશરીરની અવસ્થામાં શિશુ, બાલ્યાવસ્થા, કુમારઅવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધવસ્થામાં શિશુથી માંડી યુવાવસ્થા સુધીનો કાળ બાલ્યાવસ્થા જ ગણાય. આમ, જન્મથી લગભગ વીસ વર્ષની વય સુધી રમત-ગમત જેવી પ્રવૃત્તિઓમાં આસક્તિ થતાં ભગવત પાદ શ્રી શંકરાચાર્યજીએ કહ્યું છે તેમ - **बालस्तावत्क्रीडासक्तः** = બાલ્યકાળ ક્રીડામાં વ્યર્થ પસાર થતાં તે દરમિયાન પ્રભુ આપનાં નામનું સ્મરણ થયું જ નહીં. મારાં દુર્ભાગ્યમય જીવનમાં આપનાં નામનું સ્મરણ ન થયું તે અપરાધ હે દયાર્દ્રચિત્ત પ્રભુશ્રી દત્ત ગુરુદેવ આપ ક્ષમા કરો; ક્ષમા કરો, ક્ષમા કરો એવી મારી આપનાં શ્રી ચરણે પ્રાર્થના છે. ॥૫॥

**મયા યૌવનેઽજ્ઞાનતો ભોગતોષાત્**
**ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્ન ચિત્ત ॥૬॥**

**શબ્દાર્થ : मया** = મેં, **यौवने - अज्ञानतः** = યુવાનીમાં અજ્ઞાનવશ, **भोगतोषात्** = ઉપભોગજન્ય સંતોષને કારણે, **गृहीतं** = ગ્રહણ કર્યું; **कदाचित् - न** = કયારેય નહીં, **ते नाम** = આપનું નામ, **क्षमस्वापराधः** - અપરાધ ક્ષમા કરો. (પૂર્વવત્) ॥૬॥



**શ્લોકાર્થ :** હે પ્રભુ દત્ત, યુવાવસ્થામાં અજ્ઞાનવશ ઉપભોગથી પ્રાપ્ત થતા સંતોષથી પ્રેરાઈને આપનું નામ કયારેય લીધું નથી. હે દયાર્દ્રચિત્ત પ્રભુ આપ મારા એ અપરાધ ક્ષમા કરો... ॥૬॥

**વિવરણ :** બાળપણની જેમ યુવાવસ્થા ઉપભોગ અર્થાત્ સ્ત્રી વગેરે વિષયભોગ - કામ અને તેનાં સાધન-ધન-સંપત્તિ-પુરુષાર્થમાં વીતી, યૌવન એટલે યુવાવય. નાનપણથી જ જો માણસને સત્સંગ પ્રાપ્ત થાય તો યુવા અને વૃદ્ધાવસ્થા ભગવદ્ ભક્તિમાં વીતે. યુવાવસ્થામાં જો સદ્ભાગ્યવશ - ગુરુકૃપાથી કોઈક સન્ત સદ્ગુરુનો સતસંગ પ્રાપ્ત થાય તો જ જીવન સફળ થાય. તેથી જ મહાસતી મદાલસાએ પોતાના પુત્ર અલર્કને બે મહત્ત્વપૂર્ણ શિક્ષા (શિક્ષણ) આપી :

❒ **"कामः सर्वात्मना त्याज्यः-"**

કામ સર્વથા ત્યાગવો, બને એમ ના જાણ,
મોક્ષ કામ વરવો સદા કેવળ સૌખ્યનિધાન

(ગુ.લી. ૩૩/૧૨)

❒ **"सङ्गः सर्वात्मना त्याज्यः-"**

સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ;
સંત સંગ કરવો સદા, તારે સંતો તેમ.

(ગુ.લી. ૩૩/૧૧)

આમ છતાંય, મેં યૌવનમાં કામ, રાગ, મોહગ્રસ્ત થઈ, શરીર જ્યારે તંદુરસ્ત હતું, ભક્તિ થઈ શકે તેવી શક્તિ હતી ત્યારે આપનાં નામનું સ્મરણ ન કર્યું; તેનો હવે મને પશ્ચાત્તાપ થાય છે; મારા આ ઘોર અપરાધ બદલ આપ મને ક્ષમા કરો એવી પ્રાર્થના કરું છું. ॥૬॥

**મયા સ્થાવિરેઽનિઘ્નસર્વેન્દ્રિયેણ**
**ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્ન ચિત્ત ॥૭॥**

**શબ્દાર્થ : मया** = મેં, **स्थाविरे** = સ્થવિર = વૃદ્ધાવસ્થામાં, **अनिघ्न** = અધીન - તાબેદાર નહીં તેવી, **सर्व-इन्द्रियेण** = બધી જ ઈન્દ્રિયોના કારણે, **गृहीतं** = લીધું, **कदाचित्** = કયારેય, **न** - નહીં, **ते नाम** = આપનું નામ, **दत्त** = હે શ્રી દત્ત પ્રભુ. **क्षमस्व-अपराधं** = અપરાધ ક્ષમા કરો... **प्रभो क्लिन्न चित्त** = પ્રભુ, દયાર્દ્ર ચિત્ત ! ॥૭॥

**શ્લોકાર્થ :** હે દયાળુ પ્રભુશ્રી દત્ત, આ વૃદ્ધાવસ્થામાં જ્યારે બધી જ ઈન્દ્રિયો મને અધીન = સ્વાધીન રહી નથી ત્યારે મેં કયારેય આપનું નામ લીધું નથી, હે પ્રભુ આપ મારો અપરાધ ક્ષમા કરો... ॥૭॥

**વિવરણ :** સંસ્કૃતમાં વૃદ્ધાવસ્થા માટેનો **स्थविर** - શબ્દ અર્થ ગમ્ભીર છે - તેની અર્થ છાયા - **तिष्ठति सुचिरम्** = જે લાંબો કાળ રહે તે. અર્થાત્ બાકીની બધી અવસ્થાઓ સીમિત છે - વૃદ્ધાવસ્થા બહુ લાંબી છે. એક વખત એ અવસ્થા આવતાં આવી ગઈ પછી બહુ લાંબી ૮૦, ૯૦, ૯૫ વર્ષ સુધી લંબાયા જ કરે. **ડોસો (ડોસી) મરેય નહિ ને માચો મૂકેય નહિ.** આ વૃદ્ધાવસ્થાની મુખ્ય લાક્ષણિકતા એ છે કે તેમાં બધી જ ઈન્દ્રિયો - પાંચ જ્ઞાનેન્દ્રિય - પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન આ બધું **अनिघ्न** માણસના અખત્યાર-તાબામાંથી બહાર થઈ જાય. એક પણ ઈન્દ્રિય પર માણસનો અધિકાર રહે જ નહીં; તે માણસની ઈચ્છા પ્રમાણે કામ કરે જ નહીં. ન બેસી શકાય; ન યાદ રહે; ન પૂજા, ન પાઠ, કશું જ થઈ શકે નહીં. મનમાં કાલ્પનિક ચિન્તા, ભય, અધીરાઈ આવી જાય. એ પરિસ્થિતિ



સર્જાતાં હે દયાર્દ્ર પ્રભુ મેં આપના તારક નામનું કયારેય સ્મરણ કર્યું નથી. હવે, આપ મને ક્ષમા કરો એટલી માત્ર પ્રાર્થના સિવાય મારાથી કશું થઈ શકે તેમ નથી. ॥૭॥

**હૃષીકેશ મે વાઙ્ મનઃ કાયજાતં**
**હરેઽજ્ઞાનતો જ્ઞાનતો વિશ્વસાક્ષિન્ ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્ન ચિત્ત ॥૮॥**

**શબ્દાર્થ : हे हृषीकेश** = હે ઈન્દ્રિયો (હૃષિક)ના ઈશ, **मे** = મારા, **वाङ्** = વાણી, **मनः** = મન, **कायजातं** = કાયાથી થયેલાં, **हरे** = હે હરિ, **अज्ञानतः** = અજાણતા, **ज्ञानतः** = જાણી જોઈને, **विश्वसाक्षिन्** = હે વિશ્વસાક્ષી, **क्षमस्व - अपराधं** = અપરાધ ક્ષમા કરો... (પૂર્વવત્) ॥૮॥

**શ્લોકાર્થ :** હે હૃષીકેશ, હે વિશ્વસાક્ષી, હે ક્લિન્ન ચિત્ત = દયાર્દ્ર ચિત્ત, હે હરિ, હે પ્રભુ, મારાં વાણી, મન અને શરીરથી જાણ્યે અજાણ્યે થયેલા અપરાધ આપ ક્ષમા કરો. ॥૮॥

**વિવરણ : हृषीकेश** = ઈન્દ્રિયોના ઈશ = સદ્‌ગુરુ ભગવાન જગતમાં ઈન્દ્રિયો નામના સર્વ પદાર્થ - પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન મળી અગિયાર, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ બધાયના ઈશ - પ્રભુ, આપ જ છો. તેથી જ હું આપને મન, વાણી, શરીર આ ત્રણેય દ્વારા થતા અપરાધની ક્ષમા પ્રાર્થું છું. પ્રભુ આપ વિશ્વસાક્ષી છો અર્થાત્ ગમે ત્યાં ગમે ત્યારે જ કાંઈ થાય, થતું હોય આપ તેના સર્વદ્રષ્ટા સાક્ષી છો. તેવા માણસ દ્વારા થતા અપરાધના પ્રભુ પ્રત્યક્ષ દૃષ્ટા-સાક્ષી છે.

માણસ દ્વારા પાપ અપરાધ જાણીને તેમ જ અજાણતાં થાય - થઈ જાય છે. માણસ શાસ્ત્રાજ્ઞા જાણતો હોવા છતાં નિષિદ્ધ કર્મો

કરે તે જાણીને કરેલા અપરાધ તથા કશુંક પાપ અજાણતા - અજ્ઞાનવશ થઈ જાય. પ્રભુ આપ શ્રી હરિ = મનુષ્યનાં પાપ, તાપ, દુઃખના, હરનારા છો. આ જન્મે અને પૂર્વનાં જન્મોમાં મેં જાણીને કે અજાણતા કરેલા અપરાધ ક્ષમા કરો. એવી હે શ્રી દત્ત ગુરુ આપનાં શ્રી ચરણે મારી અનન્ય ભાવે પ્રાર્થના છે. ॥૯॥

**સ્મૃતો ધ્યાત આવાહિતોઽસ્યર્ચિતો વા**
**ન ગીતઃ સ્તુતો વન્દિતો વા ન જપ્તઃ ।**
**ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં**
**ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્ન ચિત્ત ॥૯॥**

**શબ્દાર્થ :** **स्मृत** = સ્મરણ કર્યું, **ध्यातः** = ધ્યાન કર્યું, **आवाहितः** = આવાહન આપ્યું, **असि** = આપને, **अर्चित** = પૂજા-અર્ચના કરી, **वा** અથવા **गीतः** = ગુણગાન કર્યું, **स्तुतः** = સ્તુતિ કરી, **वन्दितः** = વંદન કર્યા, **वा** = અથવા, **न** = નથી, **जप्तः** = જપ કર્યા, **क्षमस्वापराधम्** = અપરાધ ક્ષમા કરો... (પૂર્વવત્) ॥૯॥

**શ્લોકાર્થ :** હે દયાર્દ્ર ચિત્ત પ્રભુ ! મેં કયારેય આપનું સ્મરણ કર્યું નથી, આપનું ધ્યાન ધર્યું નથી, આપનું આવાહ્ન કર્યું નથી, આપની અર્ચના કરી નથી, આપનો ગુણાનુવાદ કર્યો નથી, આપની સ્તુતિ કરી નથી, આપને વંદન કર્યા નથી યા આપનાં નામના જપ કર્યા નથી. આપ મારો આ અપરાધ ક્ષમા કરો. ॥૯॥

**વિવરણ :** સચ્ચિદાનંદ સ્વરૂપ, ભક્તોના પ્રેમને વશ સગુણ સ્વરૂપ ભગવાન શ્રી વિષ્ણુની શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને સખ્ય તથા આત્મનિવેદન રૂપ નવ પ્રકારની નવધા ભક્તિનો મહિમા પરમ ભાગવત પ્રહ્લાદજીએ ચરિતાર્થ કર્યો છે. એ નવધા ભક્તિનાં મૂળ સ્વરૂપ સ્મરણ ભક્તિ છે; **न स्मृतः** = મેં આપનું સ્મરણ કર્યું નથી એ અપરાધ સૌથી પાયાનો અને પ્રથમ



છે. શ્રવણ, કીર્તન આદિ આઠ પ્રકારની ભક્તિનાં મૂળમાં છે - સ્મરણ. સ્મરણ વિના બીજા કોઈ પણ પ્રકારની ભક્તિ થઈ શકે નહીં. હે પ્રભુ ! મારાથી એ સ્મરણ ભક્તિ જ થઈ શકી નથી. તેથી સ્મરણથી જ સિદ્ધ થનારા ધ્યાન-ગાન, આવાહન અર્થાત્ પૂજા કરવા માટે પ્રભુ આપને આવાહ્ન આપ્યું, અર્ચન એટલે પ્રભુની પ્રતીક પૂજા, આપના અજોડ સ્વરૂપ, ગુણ, કૃપાનું ગુણગાન, સ્તુતિ, વંદન. આમ, બીજું બધું છોડી પ્રભુ આપનું જ ચિંતન કરવું, આપનાં જ નામનું વારંવાર ઉચ્ચારણ, તેના જ જપ = નામજપ કશું મારાથી થઈ શક્યું જ નથી. મેં એમાંનું કશું જ કર્યું નથી. માટે હે પ્રભુ આપ મારા અપરાધને ક્ષમા કરો. ॥૯॥

**દયાબ્ધિર્ભવાદૃઙ્ ન સાગાશ્ચ માદૃક્**
**ભવત્યાપ્તમન્તોર્ભવાન્મે શરણ્યઃ ।**
**યથાઽઽલમ્બનં ભૂર્હિભૂનિસ્સૃતાંઘ્રે**
**રિતિ પ્રાર્થિતં દત્ત શિષ્યેણ સારમ્ ॥૧૦॥**

**શબ્દાર્થ :** **दयाब्धिः** = દયા સાગર, **भवांदृक्** = આપના જેવા, **मादृक्** = મારા જેવા, **सागाः च** = અપરાધી, **न** = નથી, **भवत्** = આપ, **आप्त** = આપ્ત, **मन्तः** = માન્યા છે, **भवान्** = આપ, **मे** = મારા, **शरण्य** - શરણ, **यथा आलम्बनं** = જેમ આલંબન. **भूर्हिं भूः हि** = જમીન જ, **भूनिः सृंत अंघ्रे** = ભૂમિ પર પડેલાના, **इति** = તેમ, **प्रार्थितं** = પ્રાર્થના કરી છે, **दत्त शिष्येण** = દત્ત શિષ્ય દ્વારા, **सारम्** = સારભૂત. ॥૧૦॥

**શ્લોકાર્થ :** આપના જેવા દયા સાગર જો ન હોત તો મારા જેવા અપરાધી કયાંથી હોત !! આપનામાંથી અવતરેલા મારા જેવા અપરાધીનું આપ જ શરણ છે. જેમ ભૂમિ પર ડગમગતા પગ ભૂમિ પર જ સ્થિર

થાય છે તેમ આપ પણ મારા જેવાનું આલંબન છો. એટલા માટે હે દત્ત પ્રભુ ! હું આપનો શિષ્ય આ પ્રાર્થના કરું છું. ।। ૧૦ ।।

**વિવરણ :** અન્તે પ્રાર્થનાનો ઉપસંહાર કરતાં પૂજનીય સ્વામી મહારાજશ્રી કહે છે - હે સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેય ! આ સમગ્ર બ્રહ્માણ્ડમાં આપના જેવા દયા સાગર બીજા કોઈ નથી. આપ દયા સાગર સ્વરૂપે અદ્વિતીય છો. આપ જેવા દયાસાગર છો તેમ મારા જેવો અપરાધી આ બ્રહ્માંડમાં બીજો કોઈ નથી. એટલે કે આપ જેવા અદ્વિતીય દયા સાગર છો એવો જ હું અદ્વિતીય અપરાધી છું. આમ, આપણી વચ્ચે **અદ્વિતીયપણાની સમાનતા** છે. આપે જગતને નવધા ભક્તિનો બોધ આપ્યો છે. તેમાંની એક પણ ભક્તિ મેં કરી નથી એ તો ઠીક પણ આપનું **નામસ્મરણ** પણ મેં કર્યું નથી. આ જ સૌથી મોટો અપરાધ છે. જેવી રીતે જમીન પર પડેલા પગ ડગમગે ને પડું પડું થાય તો જમીન જ તેને ટકાવી શકે તેમ આપનો અપરાધ કરી અધોગતિ પામનારનો આધાર પણ પ્રભુ આપ જ છો. **અધોગતિ-ઊર્ધ્વગતિ** અને તિર્યક્ ગતિ (ત્રાંસી ગતિ) એ બધી જ ગતિ આપને આધીન છે. આ જે કાંઈ છે તે બધું આપનું જ સ્વરૂપ છે. આમ, આ નવ શ્લોક સ્વરૂપ સર્વશાસ્ત્રનાં સારરૂપ આ **અપરાધક્ષમાપન** સ્તોત્ર આપના આજ્ઞાપાલક શિષ્ય શ્રી વાસુદેવાનન્દ સરસ્વતીએ રચ્યું છે. તે પ્રમાણે આપ મારા અપરાધ ક્ષમા કરી આપની કૃપાનો વરસાદ વરસાવો એવી અમારી સર્વની આપના ચરણમાં પ્રાર્થના છે.

❐

# 5 શ્રી દત્તઉત્થાપનસ્તોત્ર (દત્તપ્રબોધસ્તવ)

**સ્તોત્ર પ્રસ્તાવના :**

સામાન્ય રીતે મૂર્તિપૂજા-પ્રતીક પૂજાના પ્રમુખ ષોડશ યા તેથી વધુ ઉપચારોમાં ભગવાનને વહેલી સવારે નિદ્રામાંથી જગાડવાના સ્તોત્રથી પૂજાક્રમ આરંભાતો હોઈ, એ દેવ-પ્રબોધ સ્તોત્ર પણ કાવ્ય સ્વરૂપે અત્યન્ત રસમય હોય છે. ભક્ત અને ભગવાનના અતિ ગાઢ સમ્બન્ધ સ્વરૂપે આ ઉપચારોનું વિધાન છે. પૂજનીય સ્વામી મહારાજશ્રીએ દ્વિસાહસ્રી (શ્રી ગુરુચરિતમ્)માં "માનસપૂજા"નું વિધાન કર્યું છે. પોતાની સ્તોત્ર રચનાઓમાં એમણે "આત્મપૂજા"નું રચના વિધાન કર્યું છે. "આત્મપૂજા"માં બધા મળીને ૨૦ ઉપચારો તથા તે સમગ્ર પર એમની "દીપિકા" નામની સ્વોપજ્ઞ ટીકા છે. અહીં એ આત્મપૂજાના પ્રથમ ઉપચાર શ્લોક **"अथ प्रबोध"**થી સ્તોત્રની શરૂઆત થાય છે. પ્રથમ શ્લોક પર એમની વિસ્તૃત અને અર્થગંભીર દીપિકા ટીકા છે. બાકીના શ્લોકોવાળું સમગ્ર સ્તોત્ર અહીં વિવરણ સાથે રજૂ કર્યું છે.

**नित्यो हि यस्य महिमा न हि मानमेति**
**स त्वं महेश भगवन्मघवन्मुखेडय ।**
**उत्तिष्ठ तिष्ठदमृतैरमृतैरिवोक्तै-**
**र्गीतागमैश्च पुरुधा पुरुधाम शालीन् ॥१॥**

**भक्तेषु जागृहि मुदा हि मुदारभावं**
**तल्पं विहाय सविशेष विशेष हेतो ।**
**यः शेष एष सकलः सकलस्वर्गीतै-**
**स्त्वं जागृहि श्रितपते तपते नमस्ते ॥२॥**

दृष्ट्वा जनान् विविधकष्टवशान्दयालु
स्त्र्यात्मा बभूव सकलार्तिहरोऽत्र दत्तः ।
अत्रेर्मुनेः सुतपसोऽपि फलं च दातुं
बुध्यस्व स त्वमिह यन्महिमा नियत्तः ॥३॥

आयात्यशेषविनुतोऽप्यवगाहनाय
दत्तोऽधुनेति सुरसिन्धुरपेक्षते त्वाम् ।
क्षेत्रे तथैव कुरुसंज्ञक एत्यसिद्धा
स्तस्थुस्तवाचमनदेश इनोदयात्प्राक् ॥४॥

सन्ध्यामुपासितुमजोऽप्यधुना गमिष्य
त्याकाङ्क्षते कृतिजनः प्रतिवीक्षते त्वाम् ।
कृष्णातटेऽपि नरसिंहसुवाटिकायां
सारार्तिकः कृतिजनः प्रतिवीक्षते त्वाम् ॥५॥

गन्धर्वसंज्ञक पुरेपि सुभाविकास्ते
ध्यानार्थमत्र भगवान्समुपैष्यतीति ।
मत्वास्थुराचरित संनियताप्लवाद्या
उत्तिष्ठ देव भगवन्नत एव शीघ्रम् ॥६॥

पुत्री दिवः खगगणान् सुचिरंप्रसुप्ता-
नुत्पाययत्यरुणगा अधिरुह्य तूषाः ।
काषाय वस्त्रमपिधान मयावृणूद्यन्
तार्क्ष्याग्रजोऽयमवलोकय तं पुरस्तात् ॥७॥

शाटीनीभाभ्रपटलानि तवेन्द्रकाष्ठा
भागं यतीन्द्र रूरुधुर्गरुडाग्रजोऽतः ।
अस्माभिरीशविदितोह्युदितोऽयमेवं
चन्द्रोपि ते मुखरुचिं चिरगां जहाति ॥८॥



द्वारेऽर्जुनस्तव च तिष्ठति कार्तवीर्यः
प्रह्लाद एष यदुरेष मदालसाजः ।
त्वां द्रष्टुकाम इतरे मुनयोऽपि चाह-
मुत्तिष्ठ दर्शय निजं सुमुखं प्रसीद ॥९॥

एवं प्रबुद्ध इव संस्तवनादभूत्स
मालां कमण्डलुमधो डमरुं त्रिशूलम् ।
चक्रं च शंखमुपरिस्थकरैर्दधानो
नित्यं स मामवतु भावित वासुदेवः ॥१०॥

॥ इति ॥ प. प. श्री वासुदेवानन्द सरस्वती
विरचितं (देव) दत्त प्रबोध स्तोत्रम् सम्पूर्ण ॥

**नोंध :** અહીં પ્રથમ શ્લોક આપ્યો છે તે મૂળ સ્તોત્રમાં નથી; પરન્તુ **आत्मपूजा**નો **अथप्रबोध** = ભગવાનને જગાડવાના ઉપચાર રૂપે છે. ગુજરાતમાં આ સ્તોત્રના પ્રારમ્ભે એ શ્લોક ગવાતો હોઈ અહીં પ્રથમ તે આપ્યો છે. પછી **नित्यो हि यस्य...** થી સ્તોત્રનો પ્રારંભ થાય છે.

**અજિતામૃત યોગનિદ્રિતા**
**ચ્યુત શકતેઃ સ્વકૃતાતિ મોહિત ।**
**દ્યુમુખે શ્રુતિ બન્દિગીતતો**
**ભગવન્ જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥=॥**

**શબ્દાર્થ : अजित -** અજિત = કોઈથી પરાજિત ન થનાર, **अमृत -** તેથી અમૃત સ્વરૂપ, **योगनिद्रित - अच्युत शक्तेः** = યોગ નિદ્રામાં પડેલા - અચ્યુત જ્ઞાન શક્તિવાળા, **स्वकृत अति मोहित** = પોતાનાં કર્મથી મોહમાં પડેલા, **द्युमुखे श्रुतिबन्दि -** ઉષઃકાળના બન્દીજનોના, **गीततो** = ગીતથી, **भगवन त्र्यधिट्** = દેહત્રયના અધિપતિ

ભગવાન. આપ **जागृहि जागृहि** = જાગૃત થાઓ, જાગૃત થાઓ. ||=||

**શ્લોકાર્થ :** એ અજિત (કોઈથી પરાજિત ન થનાર) અમૃત સ્વરૂપ - યોગરૂપી નિદ્રામાં પડેલા, પોતાનાં કર્મથી મોહ અવસ્થામાં હોવા છતાંય અચ્યુત જ્ઞાન શક્તિવાળા (ગુરુ સાન્નિધ્ય લક્ષણરૂપી) ઉષઃ કાળમાં જેમ બંદીજનો રાજાને તેનાં પરાક્રમનાં વર્ણન કરી જગાડે તેમ શ્રુતિરૂપી બંદિગીતથી હે ભગવાન, હે દેહત્રયના અધિપતિ પ્રમાદ રૂપી નિદ્રાનો ત્યાગ કરી જાગૃત થાઓ જાગૃત થાઓ. ||=||

**વિવરણ :** આ શ્લોક 'આત્મપૂજા'નો હોઈ તેના પર પૂજનીય સ્વામી મહારાજશ્રીની વિસ્તૃત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ શ્રી દત્તપુરાણ, સસ્તું સાહિત્ય, વ. કાર્યાલય, અમદાવાદ ગ્રંથમાં પૃ. ૧૫ પર આપ્યો છે. તેથી અહીં વિસ્તારના ભયથી વિવરણ આપ્યું નથી.

**નિત્યો હિ યસ્ય મહિમા ન હિમાનમેતિ**
**સત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડ્ય ।**
**ઉત્તિષ્ઠતિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈ**
**ગીર્તાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ।।૧।।**

**શબ્દાર્થ :** **नित्य - हि** = હંમેશાં જ, **यस्य** = જેમનાં, **महिमा** = માહાત્મ્ય, **न हिमानम् एति** = કયારેય ક્ષીણ થતો નથી, **स त्वं महेश** = એવા તમે મહેશ, **भगवन्** = ભગવાન, **मघवन् मुखेड्य** = ઈન્દ્ર આદિ દેવો દ્વારા પૂજાતા, **उत्तिष्ठ** = ઊભા થઈ, **अमृतैः तिष्ठदः** = અમૃતમય, **इव** = જેવા, **गीतागमैश्च** = આગમ-શાસ્ત્રમય ગીતોથી, **पुरुधा** = ધર્મના રક્ષક, **पुरुधामशालिन्** = ધર્મશીલ ।।૧।।

**શ્લોકાર્થ :** જેનો મહિમા હંમેશાં છે જ. કયારેય ન્યૂન થતો નથી. એવા હે મહાન ઈશ (પ.પૂ શ્રી દત્તાત્રેય) આપ ભગવાન ઈન્દ્ર



આદિ દેવોથી પૂજ્ય અમૃતસમા ગીતો તથા આગમ શાસ્ત્ર ગીતોથી જાગી - (ઊભા થઈ) ધર્મશીલ - ધર્મરક્ષકરૂપે રહો. ।।૧।।

**વિવરણ :** ભગવાન શ્રી દત્તાત્રેયના ધર્મરક્ષક-ધર્મશીલ સ્વરૂપનાં માહાત્મ્યને યાદ કરાવી આગમ આદિ શાસ્ત્રોનાં ગીતોથી જાગી, ઊભા થઈ રક્ષક બનવા માટેની પ્રાર્થના. શ્લોક સ્પષ્ટ છે ।।૧।।

**ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં**
**તલ્પં વિહાય સવિશેષ વિશેષ હેતો ।**
**યઃ શેષ એષ સકલઃ સકલઃ સ્વગીતૈ**
**સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ।।૨।।**

**શબ્દાર્થ :** **भक्तेषु** = ભક્તોમાં (ભક્તો પ્રત્યે), **जागृहि** = જાગો, **मुदा** = મોજથી, **हि** = નિશ્ચિત, **मुदारभावं** = આનંદના ભાવથી, **तल्पं** = શયન, **विहाय** = છોડીને, **सविशेष** = વિશેષ કરીને, **विशेष** = ખાસ, **हेतो** = કારણે, **यः** = જે, **शेष एष** = બાકીનું આ, **सकलः** = બધું જ, **सकलः** = કલા સહિત, **स्वगीतैः** = પોતાનાં ગીતોથી, **त्वम्** = તમે, **जागृहि** = જાગો, **श्रीतपते** = શ્રીના સ્વામી, **तपते** = તપ, **नमः ते** = આપને નમસ્કાર. ।।૨।।

**શ્લોકાર્થ :** ત્રણેય લોકને વ્યાપી રહેલા શ્રીપાત્ - તપસ્વી ભક્તોના આધાર આપનો અવતાર ખાસ કરીને જે વિશેષ હેતુ માટે છે તે કરવા આ ભક્તોના સમુદાયમાં શયન છોડીને ભક્તોની પ્રાર્થના આનંદપૂર્વક ઉદારભાવે સાંભળો, આપને પ્રણામ. ।।૨।।

**દૃષ્ટ્વા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-**
**સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિ હરોડત્ર દત્તઃ ।**
**અત્રેર્મુનેઃ સુતપસોડપિ ફલં ચ દાતું**
**બુધ્યસ્વ સ ત્વમિહયન્ મહિમા નિયત્તઃ ।।૩।।**

**શબ્દાર્થ : दृष्ट्वा** = જોઈને, **जनान्** = લોકોન, **विविध कष्टवशात्** = વિવિધ કષ્ટમાં પડેલા, **दयालुः** = દયાળુ, **त्र्यात्मा बभूव** = ત્રિઆત્મ સ્વરૂપ, **सकल आर्ति हरः** = બધાં જ દુઃખને હરનાર, **दत्तः** = શ્રી દત્ત, **अत्रे मुनेः** = અત્રિ મુનીના, **सुतपसः अपि** = સુંદર તપનું પણ, **फलं च दातुं** = ફળ આપવા માટે, **बुध्यस्व स** = એવા તમે જાગો, **त्वम्** = તમે, **इह** = અહીં, **यत्** = જે, **महिमा नियत्तः** = મહિમાવંત. ॥૩॥

**શ્લોકાર્થ :** લોકોને અનેક કષ્ટોમાં સપડાયેલાં જોઈને તથા અત્રિ મુનિના સુંદર તપનું ફળ આપનાર ત્રિદેવ આત્મસ્વરૂપ શ્રીદત્તરૂપે બધાં જ દુઃખ દૂર કરનાર શ્રી દત્તરૂપે અવતર્યા એવા એ અપાર મહિમાવાળા તમે જાગો. ॥૩॥

**આયાત્યશેષ વિનુતોઽપ્યવગાહનાય**
**દત્તોઽધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।**
**ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્યસિદ્ધા**
**સ્તસ્થુસ્તવાચમન દેશ ઈનોદયાત્પ્રાક્ ॥૪॥**

**શબ્દાર્થ : आयाति - अशेष** = નિઃશેષ પણે આવે છે, **विनुतः अपि** = પ્રેરાયેલા એવા, **अवगाहनाय** = સ્નાન કરવા, **दत्तः अधुना इति** = હમણાં શ્રીદત્ત એમ, **सुरसिन्धुः अपेक्षते त्वाम्** = સ્વર્ગ ગંગા તમારી રાહ જુએ છે. **क्षेत्रे तथा एव कुरुसंज्ञक** = કુરુક્ષેત્રમાં એ જ રીતે, **एत्य** = આવીને, **सिद्धाः तस्थु** = સિદ્ધો આવી ઊભા છે. **तव आचमन देश** = તમારાં આચમન પ્રદેશમાં, **इन उदयात् प्राक्** = સૂર્યોદય પૂર્વે. (**इन** = સૂર્ય) ॥૪॥

**શ્લોકાર્થ :** સ્વયં પ્રેરાયેલા એવાં શ્રી દત્તાત્રેય હમણાં જ સ્નાન કરવા આવે છે એમ માની સુરગંગા તમારા આવવાની રાહ જુએ છે. એ જ રીતે કુરુ નામનાં ક્ષેત્ર = કુરુક્ષેત્રમાં તમારાં આચમન દેશમાં સૂર્યોદય પૂર્વે જ સિદ્ધો આવીને ઊભા છે. ॥૪॥



**સન્ધ્યામુપાસિતુમભેપ્યધુનાગમિષ્ય-**
**ત્યાકાંક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।**
**કૃષ્ણાતટેઽપિ નરસિંહ સુવાટિકાયાં**
**સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥**

**શબ્દાર્થ : सन्ध्यां उपासितुं अजः अपि अधुना आगमिष्यति** = સંધ્યા કરવા માટે અજ (શ્રી દત્ત) હવે આવશે, **आकांक्षते** = એમ રાહ જુએ છે, **कृतिजनः** = કૃતાર્થ લોકો, **प्रतिवीक्षते त्वाम्** = તમારી પ્રતિ-ઈક્ષા = રાહ જુએ છે. **कृष्णा तटे अपि** = કૃષ્ણાના તટે પણ, **नरसिंह सुवाटिकायां** = સુંદર નરસિંહ વાડીમાં, **सारार्तिकः - स - आरार्तिकः** = આરતી લઈને (ઊભેલા), **कृतिजनः** = કૃતકૃત્ય લોકો, **प्रतिवीक्षते त्वाम्** = તમારી પ્રતિક્ષા કરે છે. ॥૫॥

**શ્લોકાર્થ :** અજ એવા શ્રી દત્તાત્રેય સંધ્યા વંદન કરવા આ રસ્તે જશે એમ ધારી કૃષ્ણા નદીના તટે તથા નરસોબાવા વાડીમાં આરતી લઈને ઉભેલાં કૃતાર્થ ભક્તો તમારી પ્રતીક્ષા કરે છે. ॥૫॥

**ગન્ધર્વસંજ્ઞકપુરેપિ સુભાવિકાસ્તે**
**ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।**
**મત્વાસ્થુરાચરિત સંનિયતાપ્લવાદ્યા**
**ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥**

**શબ્દાર્થ : गन्धर्व संज्ञक पुरे अपि** = ગંધર્વનગર-ગાણગાપુરમાં પણ, **सुभाविकाः ते** = તારા સુભાવિકો, **ध्यानार्थम् अत्र भगवान्**

= ભગવાન અહીં ધ્યાન કરવા, **सम्-उपैष्यति इति** = આવશે જ એમ. **मत्वा** = જાણીને, **स्थुराचरित** = **स्थुः आचरित - संनियत - आप्लव आदि** = નિયત સ્નાન વગેરે કરી ઉભા છે, **उत्तिष्ठ देव** = હે દેવ, **भगवन्-अत-एव** = માટે ભગવાન ઊઠો, **शीघ्रम्** = સ્તવરે ।। ६ ।।

**શ્લોકાર્થ :** તેમજ ભગવાનશ્રી દત્ત ધ્યાન કરવા માટે અહીં આવશે એમ માની ગાણગાપુરમાં પણ ભાવિક ભક્તો પોત પોતાનાં સ્નાન વગેરે નિત્યકર્મ પતાવી ઊભા છે માટે હે ભગવાન જલદી ઊઠો. ।।૬।।

**પુત્રી દિવઃ ખગગણાન્ સુચિરં પ્રસુપ્તા-**
**નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તૂષાઃ ।**
**કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂદ્યન્**
**તાર્ક્ષ્યાગ્રજોડયમવલોકય તં પુરસ્તાત્ ।।૭।।**

**શબ્દાર્થ : पुत्री दिवः** = સ્વર્ગ કન્યા (ઉષા), **खगगणान्** = પક્ષીઓ, **सुचिरं प्रसुप्तान्** = આખી રાત સૂતેલા, **उत्पातयति** = ઉઠાડે છે. **अरुणगाः** = અરુણ પાસે જઈ, **अधिरुह्य तूषा** = ઉદયાચલ પર ચડી, **काषायवस्त्रम् अपिधानम् अपावृणु-अद्य** = હવે આ ગેરુઆ રંગની (ઓઢેલી) છાટી આઘી કરી, **तार्क्ष्य - अग्रज - अयम् - अवलोकय** = ગરુડના અગ્રજ (સૂર્યને)ને, **अवलोकय** = જો, **तम्** = તેને, **पुरस्तात्** = સામે. ।।૭।।

**શ્લોકાર્થ :** આખી રાત સૂઈ રહેલા પક્ષીગણને દેવ કન્યા ઉષા ઉદયાચલ પર ચડી અરુણ પાસે જઈ ઊઠાડે છે. હવે તો આ ગેરુઆ રંગની છાટી ખસેડી જુઓ. પેલો ગરુડનો મોટો ભાઈ (સૂર્ય) ઊગેલો છે. ।।૭।।



**શાટીનિભાભ્ર પટલાનિ તવેન્દ્ર કાષ્ઠા**
**ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડતઃ ।**
**અસ્માભિરીષ વિદિતોહ્યુદિતોડયમેવ-**
**ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ।।૮।।**

**શબ્દાર્થ : शाटी निभा - अभ्र पटलानि** = છાટી જેવી પ્રભા વાળી વાદળ પંક્તિઓ, **तव-इन्द्र कांष्ठा - भागं** = તમારી ઈન્દ્ર (સ્વર્ગ) દિશા ભાગને, **यतीन्द्र** = હે યતીન્દ્ર, **रुरुधुः** = ખસેડીને, **गरुड** = ગરુડ, **अग्रजः अतः** = ગરુડના મોટા ભાઈ સૂર્યે તેથી, **अस्माभिः** = અમે, **इश** = હે પ્રભુ, **विदितः उदितः अयम् एव** = એમ માન્યું કે આ ઊગ્યો છે, **चन्द्रः अपि** = ચન્દ્ર પણ, **ते** = તમારી, **मुखरुचिं** = મુખની શોભાને, **चिरगां जहाति** = ચન્દ્ર આ કાંતિનો ત્યાગ કરી નિસ્તેજ બન્યો છે. ।।૮।।

**શ્લોકાર્થ :** હે યતીન્દ્ર! જુઓ. તમારી છાટી જેવા રંગના વાદળે પૂર્વ દિશામાં રોકી રાખેલો અરુણ બધાને ખસેડીને ઊગ્યો. પણ અમને એમ લાગ્યું કે તમારા મુખની શોભા હરનાર ચન્દ્ર ઊગ્યો છે પણ એ તો કાંતિહીન થઈને નિસ્તેજ થઈ ગયો છે. ।।૮।।

**દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યં**
**પ્રહ્લાદ એષ યદુરેષ મદાલસાજઃ ।**
**ત્વાં દ્રષ્ટુકામ ઈતરે મુનયોડપિ ચાહ-**
**મુત્તિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ।।૯।।**

**શબ્દાર્થ : द्वारे अर्जुनः तव** = તમારાં દ્વારે અર્જુન, **च** = અને, **तिष्ठति** = ઊભા છે, **कार्तवीर्यः** = કાર્તવીર્ય (સહસ્રાર્જુન), **प्रहलाद एष** = આ પ્રહ્લાદ, **यदुः एष** = આ યદુ, **मदालसाजः** = મદાલસા પુત્ર (અલર્ક), **त्वां** = તમને, **द्रष्टुकाम** = જોવાની ઈચ્છાવાળા,

**इतरे** = બીજા, **मुनयः अपि** = મુનીઓ પણ, **च अहं** = તથા હું, **उत्तिष्ठ** = ઊભા થાઓ, **दर्शय** = દેખાડો, **निजं** = પોતાનું, **सुमुखं** = સુન્દર મુખ, **प्रसीद** = પ્રસન્ન થાઓ. ॥૯॥

**શ્લોકાર્થ :** આ તમારા ભક્તો કાર્તવીર્ય અર્જુન, પ્રહ્લાદ, યદુ. મદાલસા પુત્ર અલર્ક, બીજા ઋષિઓ અને હું પણ તમારાં મુખકમળનાં દર્શન કરવાની ઈચ્છાથી કયારનાય તમારાં બારણે ઊભા છીએ તો કૃપા કરી સત્વરે ઊઠો અને તમારું સુંદર મુખ બતાવો. ॥૯॥

**વિવરણ :** પ્રભાત - કાકડ આરતી વખતે ભગવાનશ્રી દત્તાત્રેયને ઉઠાડી તેમનાં દર્શન માટે આતુર તેમના અનન્ય ભક્તોનાં આખ્યાનો શ્રી ગુરુલીલામૃત જ્ઞાનકાંડમાં દૃષ્ટવ્ય છે. ॥૯॥

**એવં પ્રબુદ્ધ ઈવ સંસ્તવનાદભૂત્સ**
**માલાં કમણ્ડલુમધોડમરું ત્રિશૂલમ્ ।**
**ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો**
**નિત્યં સ મામવતુ ભાવિત વાસુદેવઃ ॥૧૦॥**

**શબ્દાર્થ : एवं** = એમ, **प्रबुद्ध इव** = જાગ્યા જેવા, **संस्तवनाद्** = સ્તવનથી, **अभूत् - स** = તે થયા, **मालां** = માળા, **कमण्डलुम्** = કમણ્ડલ, **अधः** = નીચેના, **डमरुं त्रिशूलम्** = ડમરુ ત્રિશૂળ (વચલા કરમાં), **चक्रं च शंखम्** = ચક્ર અને શંખ, **उपरिस्थ करैः दधानो** = ઉપરના હાથમાં લીધેલા, **नित्यं** = નિત્ય, **स** = તે, **माम-अवतु** = મારા પર પ્રસન્ન થાઓ, **भावित** = ભાવથી પ્રસન્ન, **वासुदेवः** = વાસુદેવ. ॥૧૦॥

**શ્લોકાર્થ :** એમ, ભક્તોએ કરેલી સ્તુતિથી ભગવાન શ્રી દત્ત જાગ્યા જેવા લાગ્યા (તેઓ તો સદાય જાગૃત-સુષુપ્તિ જેવી અવસ્થાથી



પર). નીચેના હાથમાં માલા કમંડલ, વચલા હાથમાં ડમરુ ત્રિશૂલ અને ઉપરના હાથમાં શંખ ચક્ર ધારણ કરેલા શ્રી દત્તાત્રેય વાસુદેવાનંદના ભાવ (પ્રેમથી) ભાવિત (પ્રસન્ન) થઈ હંમેશાં અમારું રક્ષણ કરો. ॥૧૦॥

**વિવરણ :** આ પ્રબોધ સ્તોત્ર છે. સવારે ભગવાનને જગાડવા માટેનું સ્તોત્ર. જે સદ્‌ગુરુ ભગવાન અવસ્થાત્રય - જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ-થી પર છે તેમને જગાડવાના ઉપચારરૂપ આ સ્તોત્ર છે. આ સ્તોત્રનાં ગાનથી ભગવાન જાગ્યા જેવા લાગ્યા એ જ વખતે સદ્‌ગુરુ ભગવાનશ્રી વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામી મહારાજશ્રીને તેમનાં દર્શનની જે અનુભૂતિ થઈ તે અહીં દર્શાવી છે :

**માલા કમણ્ડલુ લસે કર નીચલામાં**
**ડમરુ ત્રિશૂલ વચલા કરમાં બિરાજે।**
**ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખ ચક્ર**
**એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત ॥**

❒

# 6 સ્તોત્રકાવ્ય : સંકલ્પના, સ્વરૂપ, રચના

**[1]**

સંસ્કૃતનાં અત્યંત વિશાળ સાહિત્યના વિવિધ કાવ્ય–પ્રકારોમાં સ્તોત્ર કાવ્યનું એક આગવું અને અતિ ખેડાણવાળું કાવ્ય સ્વરૂપ છે. સંસ્કૃતની ભાષાકીય લાક્ષણિકતા અનુસાર શબ્દને તેના વ્યુત્પત્તિજનિત અર્થમાં વિશ્લેષણાત્મક રીતે સમજવાનો પ્રયત્ન થાય છે. તદ્નુસાર **સ્તોત્ર** શબ્દનો વ્યુત્પત્તિજનિત અર્થ આ પ્રમાણે થાય :

→ સ્તોત્ર એટલે સ્તુતિ કરવારૂપ કાવ્ય પ્રકાર.

→ **स्तूयते अनेन इति** = જે કાવ્ય દ્વારા સ્તુતિ થાય છે, તે શબ્દ **ष्टुञ्** – **स्तुतौ** = સ્તુતિ કરવાના મૂળ ધાતુ પરથી કરણાર્થ પાણીનીય સૂત્ર **दाम्नीशस्** દ્વારા **ष्ट्रन** = त्र પ્રત્યય થતાં **स्तुत्र**માં પાણીનય સૂત્ર **तितुत्र** થી **इट्** ન થતાં પાણીનીય સૂત્ર **सार्वधातुकं** દ્વારા **स्तु** ના **ट** નો ગુણ થવાથી **स्तोत्र** શબ્દ નિષ્પન્ન થાય. તેથી **स्तोत्र** શબ્દ કોઈની સ્તુતિ (આગળ કહ્યું છે તેમ) **स्तूयते अनेन** इति એવો અર્થ ધરાવે છે.

**[2]**

આ સ્તોત્ર કાવ્યનાં સ્વરૂપ વિશેના વિભિન્ન અભ્યાસોમાં વિદ્વાન સંશોધકોએ મોટા ભાગનાં સ્તોત્ર મુખ્યત્વે **મુક્તક** પ્રકારનાં હોવાનું પ્રમાણ્યું છે. **મુક્તક** એટલે વાંચતાં કે સાંભળતાં જ ભાવકને ભાષાકીય, વૈચારિક જેવી બાબતે ચમત્કારનો અનુભવ કરાવે એવો એક જ શ્લોક. **મુક્તક** એવી પૂર્ણ કૃતિ છે જેને બીજી કોઈ અભિવ્યક્તિની



અપેક્ષા નથી. પૂર્વાપર સંબંધ વિનાની સંક્ષિપ્ત અભિવ્યક્તિ **મુક્તક** છે. એ અર્થમાં કોઈક ભક્ત હૃદયની ભાવપૂર્ણ ઊર્મિઓની અભિવ્યક્તિ સ્વરૂપે **સ્તોત્ર મુક્તક** પ્રકારનું કાવ્ય છે.

સંસ્કૃતનાં કાવ્યશાસ્ત્રમાં **મુક્તક**ના પ્રકારોની ચર્ચા થઈ છે. કાવ્યાત્મક યા કલાત્મક શાબ્દિક અભિવ્યક્તિનાં બે સ્વરૂપ : ગદ્ય અને પદ્ય. ઉભયમાં પદ્ય સાહિત્યિક અભિવ્યક્તિનું કર્ણપ્રિય–મધુર તેથી સહજ આસ્વાદ્ય હોવાથી બધી જ ભાષાનાં સાહિત્યમાં તેનું વિશેષ સ્થાન હોય છે.

આવાં પદ્યના પ્રકારોમાં મુક્તક, યુગ્મક, વિશેષક, કાલાપક અને કુલક નામના પાંચ પ્રકારનાં પદ્ય છે. તેની સંક્ષિપ્ત સ્પષ્ટતા આ પ્રમાણે છે :

(1) **મુક્તક** : **એક** શ્લોકમાં કથનનો અન્વય પૂર્ણ થઈ જતો હોય તે **મુક્તક** કહેવાય.

(2) **યુગ્મક** : **બે** શ્લોકમાં કથનનો અન્વય પૂરો થતો હોય તે **યુગ્મક** યા **સંદાનિત** કહેવાય.

(3) **વિશેષક** : **ત્રણ** શ્લોકમાં અન્વય પૂર્ણ થતો હોય તે **વિશેષક** કહેવાય.

(4) **કાલાપક** : ચાર શ્લોકમાં અન્વય પૂર્ણ થતો હોય તે **કાલાપક** કહેવાય.

(5) **કુલક** : ચારથી શરૂ કરી ચૌદ શ્લોક સુધીમાં જેનો અન્વય પૂરો થતો હોય તેને કુલક કહેવાય.

અલબત્ત, છ શ્લોકમાં અન્વય–અર્થ પૂર્ણ થતો હોય તેવી રચના **કરહાટક** પ્રકારની હોવાનું કાવ્યશાસ્ત્રમાં નોંધાયું છે. એ રીતે જોતાં મુક્તકના **છ** પ્રકાર થાય.

[3]

આ પ્રકારનાં કાવ્યોના સંગ્રહના ચાર પ્રકાર છે.

(1) **કોશ** : અન્યોન્ય અર્થ નિરપેક્ષ શ્લોક સમૂહનો સંગ્રહ તે **કોશ** છે. જેમ કે **સપ્તશતિ શતક** જેવા એક જ કવિ કે વધુ કવિઓની રચનાઓનો સંગ્રહ.

(2) **વિકર્ણક** : આ વસ્તુતઃ કોશ પ્રકારનો જ સંગ્રહ છે. જેમાં અનેક કવિઓ દ્વારા રચિત મુક્તકોનો સંગ્રહ હોય.

(3) **પ્રઘટ્ટક** : એક જ કવિ દ્વારા રચિત **પદસમૂહ** કાવ્ય–રચના સમૂહ પ્રઘટ્ટક કહેવાય.

(4) **સંઘાત** : પર્યાય બન્ધ

[4]

સ્તોત્ર પોતે અનેક કાવ્ય પ્રકારોમાંનો એક પ્રકાર છે તથા તે સ્તોત્રનાં પણ વિભિન્ન પ્રકારો છે :

(1) **યુગાનુસારી સ્તોત્ર** : માનવજાતના ભારતીય ઈતિહાસમાં અનેક યુગો થઈ ગયા, તે તે યુગની લોકોની આધ્યાત્મિક, ધાર્મિક શ્રદ્ધા, તે તે યુગનાં ઈશ્વરીય અવતાર સ્વરૂપો સંદર્ભે રચાયેલાં સ્તોત્ર. તેમાં (1) **વૈદિકસ્તોત્ર** – વેદમાં નિબદ્ધ સ્તુતિઓ. (2) **પૌરાણિકસ્તોત્ર** – વિભિન્ન પુરાણોમાંની સ્તુતિઓ. (3) **તાંત્રિકસ્તોત્ર** – જે યુગમાં તંત્ર સાધના પ્રવર્તમાન થઈ તે યુગનાં સ્તોત્રો (4) **શિષ્ટકાલીન** સ્વતંત્ર કાવ્યશૈલીવાળાં આધુનિક યુગનાં સ્તોત્ર.



(2) **દેવ–દેવતાનુસારી સ્તોત્ર** : તેમાં

(1) **શૈવ – સામ્પ્રદાયિકસ્તોત્ર** – શિવ પરિવાર : શિવજી, ગણપતિ, કાર્તિકેય, નન્દી આદિની સ્તુતિઓ.

(2) **વૈષ્ણવ સામ્પ્રદાયિકસ્તોત્ર** – તેમાં વિષ્ણુ તેમનાં અવતાર સ્વરૂપો તથા તે તે અવતારના પરિવાર – પારિવારિક સભ્યોની સ્તુતિઓ.

(3) **શાક્ત સામ્પ્રદાયિકસ્તોત્ર** : દેવી ભગવતીનાં વિવિધ સ્વરૂપોનાં સ્તોત્ર.

(4) **સૌર્યસ્તોત્ર** : સૂર્ય ઉપાસના સ્તોત્ર.

(5) **નવગ્રહસ્તોત્ર** : સૂર્ય આદિ ગ્રહોની સ્તુતિ.

(6) **નદીસ્તોત્ર** : નદી પ્રવાહ અને દેવી સ્વરૂપનાં સ્તોત્ર

(7) **તીર્થસ્તોત્ર** : વિભિન્ન તીર્થોનાં દૈવત સ્વરૂપનાં સ્તોત્ર

(8) **ગુરુસ્તોત્ર** : સદ્‌ગુરુનાં વિવિધ સ્વરૂપો, અવતારો, શિષ્યો તેમના મત–મતાંતરનાં સ્તોત્ર.

(3) **વિષયાનુસારી સ્તોત્ર** : વિભિન્ન વિષયોને કેન્દ્રમાં રાખી રચાતાં સ્ત્રોત :

(1) માનસપૂજા – આત્મપૂજા સ્તોત્ર. (2) નખ–શિખ વર્ણન જે તે દેવ–ભગવાનની દેહયષ્ટિનું વર્ણન કરતાં સ્તોત્ર. (3) અપરાધ ક્ષમાપન સ્તોત્ર. (4) રક્ષાસ્તોત્ર – રક્ષા, કવચ, વર્મ, પંજરિકા, આદિ. (5) લહરીસ્તોત્ર – ગંગાલહરી, કૃષ્ણાલહરી આદિ. (6) પ્રાતઃ સાયં સ્મરણ સ્તોત્ર. (7) પ્રપત્તિ (શરણાગતિ) સ્તોત્ર. (8) નામ સ્તોત્ર જેમ કે શતનામ, સહસ્રનામ આદિ.

(4) **પદ સંખ્યાનુસારી સ્તોત્ર :** પૂર્વે ક્રમાંક 3ના પદ્ય પ્રકારમાં વિવિધ સંખ્યાનુસારી સ્તોત્રનો પરિચય કરાવ્યો છે તે અનુસાર **પંદર સાંખ્યિક સ્તોત્ર** જેવાં કે (1) પંચક, (2) ષટ્ક, (3) અષ્ટક, (4) દશક, (5) વિંશિકા, (6) દ્વાત્રિંશિકા (બત્રીસ), (7) ષટ્ ત્રિંશિકા (છત્રીસ), (8) પંચાશત – પંચાશિકા (પચાસ), (9) શતક, (10) અધ્યર્ધ–શતક (150), (11) ત્રિશતી (300), (12) ચતુઃશતી, (13) પંચશતી, (14) સપ્તશતી (15) સાહસ્રી (હજાર) એ જ રીતે સ્તોત્ર પંક્તિ સંખ્યા અનુસાર જોઈએ તો 40 પંક્તિના **ચાલીસા,** 52 પંક્તિની **બાવની** એ પણ સ્તોત્ર પ્રકારમાં ગણાય.

**[5]**

સામાન્ય રીતે ભક્ત અને કવિ બે જુદી જ વ્યક્તિમત્તા છે. પ્રત્યેક કવિ ભક્ત હોય જ એ જરૂરી નથી; તેમ પ્રત્યેક ભક્ત કવિ હોય એ જરૂરી નથી, પરન્તુ **સ્તોત્ર** એક એવી કાવ્યરચના છે જેમાં ભક્ત અને કવિ બન્નેનો સમન્વય જોવા મળે છે. આવો ભક્તકવિ અગમ્ય–અગોચર એવાં પરમ તત્ત્વને સગુણ–ઈષ્ટદેવ સ્વરૂપે પિછાણી શ્રદ્ધા–વિશ્વાસમય ભક્તિ ભાવે નમ્ર, પ્રાસાદિક વાણીમાં સ્તવન કરતાં પોતાની દીન–હીન દશા, જીવ–જગતની અસારતા–અસહ્યતાના સંદર્ભે પરમકૃપાળુ પરમાત્માને તારણહારરૂપે જુએ છે. તેથી સ્તોત્ર રચનામાં પાંચ પ્રકારના ભાવનો ઉન્મેશ (ભાવોન્મેશ) સધાય છે – (1) ભક્તિરૂપ, (2) સ્તુતિરૂપ, (3) પ્રાર્થનારૂપ, (4) દર્શનરૂપ, (5) કાવ્યરૂપ.

**[5]**

ભારતમાં આધ્યાત્મિક ઈતિહાસ ઘણો સમૃદ્ધ છે. તેનાં એક સ્વરૂપે ભક્તિમાર્ગ વેદ–વેદાંગના શ્રુતિ ગ્રન્થોમાં ભક્તિ માર્ગની સ્થાપના થઈ એમ કહી શકાય. એ ભક્તિમાર્ગ શ્રીમદ્ ભાગવત જેવાં પુરાણોમાં નવધા ભક્તિ સ્વરૂપે પ્રતિષ્ઠિત થઈ વિભિન્ન સામ્પ્રદાયિક



સિદ્ધાન્તનિષ્ઠાની માધુર્યમયી ઉપાસનાઓની રાગાત્મિકતાથી સમ્પન્ન થતાં ભક્તિનાં વિવિધ સ્વરૂપો પ્રગટ થયાં. તેનું અતિ ઉજ્જવલ એવું સ્વરૂપ તે સ્તોત્ર કાવ્ય છે. સ્તોત્ર ભક્ત, ભગવાન અને ભાષાની ત્રિપુટીનો સંગમ સધાતાં તે એક વિલક્ષણ ભક્તિકાવ્ય બની રહે છે.

**[5.1]**

ભક્તિ શબ્દ **भज्** ધાતુ પરથી નિષ્પન્ન થયો હોઈ તેનો અર્થ **'ભગવાનની સેવા'** એવો થાય. ભગવદ્ સેવાની તમન્નાથી પરમતત્ત્વ કે તેમનાં સ્વરૂપભૂત દૈવી તત્ત્વ માટે ભક્તનાં હૃદયમાં શ્રદ્ધામયી, રાગ–રસમયી આસક્તિનો ઉદ્ભવ; અવ્યક્ત એવી ચિરન્તન સત્તાને વ્યક્તરૂપે અનુભવી તેની સાથે જીવંત–રાગાત્મક સંબંધ સ્થાપવો એ જ ભક્તિ છે. તેથી દેવર્ષિ નારદજીએ ભક્તિની વ્યાખ્યા : **सा तु अस्मिन् परम प्रेम रूपा, अमृत स्वरूपा च...** (1 2–3) અર્થાત્ તે ભક્તિ આ ઈશ્વરમાં પરમ પ્રેમ સ્વરૂપા અને અમૃત સ્વરૂપા છે. જ્યારે મહર્ષિ શાણ્ડિલ્યે : **सा परानुरक्तिरीश्वरे** (1.1.2) તે ભક્તિ ઈશ્વરમાં પરા અનુરક્તિ = અનુરાગ સ્વરૂપા છે, એમ કહીને તેની પરમ ઉત્કૃષ્ટતાનું નિરૂપણ કર્યું છે. પોતાનું સર્વસ્વ પરમાત્મા–પોતાના ઈષ્ટ પ્રભુને સમર્પી, તેમનાં સ્મરણમાં ગોપીઓની જેમ વ્યાકુળ થઈ જવું એ ભક્તિનું દર્શનીય સ્વરૂપ છે. તેથી જ પૂજનીય શ્રી અવધૂતજી કહે છે :

**कः धन्यः हरिभक्तः कौऽसौ यो नो विभक्तिमासहते ।**
**का भक्तिः प्रेममयी तस्मिन्नीशे परानुरक्तिर्या ॥**

**(श्रीरङ्ग–प्रश्नोत्तरमाला श्लो.7)**

અર્થાત્ અહીં ધન્ય કોણ છે ? ઉત્તર : શ્રીહરિનો ભક્ત જ ધન્ય છે... પ્રશ્ન છે : હરિભક્ત કોણ કહેવાય ? શ્રી અવધૂતજીએ ખૂબ સુનિશ્ચિત અર્થ રૂપ ઉત્તર ચિંતવ્યો છે : જે પોતાનાં ધ્યેયરૂપ શ્રી હરિથી વિભક્ત થવાનું બને તો તે સહન કરી શકતો નથી

તે હરિભક્ત છે. એવી વિભક્ત અવસ્થાની વ્યાકુળતાનું ચિત્રણ શ્રીમદ્ ભાગવતમાં દ્રષ્ટવ્ય છે :

**यदा ग्रहग्रस्त इव क्वचिद्ध सत्याक्रन्दते ध्यायति वन्दते जनम् ।**
**मुहुः श्वसन्वक्ति हरे जगत्पते नारायणेत्यात्मगतिर्गतत्रपः ॥**
**(7/7/35)**

અર્થાત્ જ્યારે તે (ભક્ત) ગ્રહગ્રસ્ત ગાંડાની જેમ ક્યારેક હસે, કયારેક રડે, કયારેક ધ્યાનસ્થ થઈ જાય, તો કયારેક ભગવદ્ ભાવથી લોકોને વન્દન કરવા માંડે. જ્યારે તે ભગવાનમાં જ તન્મય થઈ જાય ત્યારે જોર જોરથી લાંબા શ્વાસ લેતાં લેતાં બધી જ શરમ–સંકોચ છોડીને "હરે, જગત્પતે, નારાયણ !!" કહીને પોકારી ઊઠે... અનન્ય પ્રેમ, અસીમ પ્રેમ – દાસ્ય ભાવ યુક્ત એકાન્તિક અનન્ય પ્રેમ જ, **શ્રી રૂપગોસ્વામી** કહે છે તેમ રાગાત્મિકાભક્તિ છે : **तन्मयी या भवेभ्दक्तिः साऽत्र रागात्मिकोदिता** એ જ ઉત્તમ ભક્તિ છે. ભક્તિભાવ વિનાનું જ્ઞાન, કર્મ, શ્રવણ, દર્શન, પૂજન બધી જ ક્રિયા નિષ્ફળ હોઈ, પૂજ્યશ્રી અવધૂતજી કહે છે : **भक्तिर्दम्भो विना भावम्** = ભાવ વિનાની ભક્તિ દમ્ભ છે.

ભક્તિભાવથી, પ્રેરિત ભક્ત–કવિ પોતાના ઈષ્ટ દેવને પ્રત્યક્ષ અનુભવે છે; એ ક્ષણે ભક્ત કવિની અનુભૂતિનું વાણીમાં પરિણમવું એ સ્તોત્ર છે. સ્તોત્ર રચનાનું પ્રધાન પ્રેરક બળ ભક્તિ છે. ભક્તિ–ભાવથી અભિભૂત ભક્ત કવિનો હૃદય–ઉદ્ગાર કાવ્ય સ્વરૂપે સ્તોત્ર છે.

**[6]**

ભક્તિનું ક્રિયાત્મક માધ્યમ **उपासना** = **उपगम्य आसनम् इति उपासना** = સમીપ જઈને બેસવું એ ઉપાસનાનો સામાન્ય અર્થ છે. મન, વચન, શરીર, કર્મથી સર્વ અવસ્થામાં આરાધ્ય દેવીની સમીપ રહી તેની ઉપાસના કરવી. ઉપાસ્ય પરમાત્માનાં સ્વરૂપ, ગુણ વગેરેમાં



પોતાની ચિત્તવૃત્તિને કેન્દ્રિત કરનાર ઉપાસક છે. એવા ઉપાસક અને સ્તોત્ર કવિની ભક્તિ ભાવનાનું **તરંગદીર્ઘતા [Wavelength]** એક સમાન હોવાનું સમજાય છે.

ઉપાસક–ઉપાસ્ય–ઉપાસના એ ત્રિપુટીમાંથી **ઉપાસ્ય** (જેની ઉપાસના કરવાની છે તે) સામાન્યતઃ આત્મા, પરમાત્મા, પરબ્રહ્મ સ્વરૂપે સર્વોપરી હોઈ તે ઉપાસ્ય કહેવાય. એ પરમાત્માનાં વિવિધ અવતાર–સ્વરૂપોની વિભિન્ન વિભાવનાઓ [Concepts] માંથી વિવિધ દૈવી સ્વરૂપો ઉપાસ્ય બને. એવાં વૈદિક, પૌરાણિક ભેદ સન્દર્ભે ત્રિમૂર્તિ – બ્રહ્મા–વિષ્ણુ–મહેશ, ગુરુશ્રી દત્તાત્રેય, પંચાયતન, દેવોની સ્વરૂપભૂતા શક્તિ સ્વરૂપ દેવીઓ ઉપાસ્ય સ્વરૂપ થાય. આમ, ઉપાસ્ય અનેકવિધ હોતાં ઉપાસકો પણ ઐશ, વૈષ્ણવ, ગાણેશ, સૌર્ય, શાકત્ય આદિ ભેદથી અનેક હોય. એ બધાંની સ્તોત્ર રચનાઓ હોઈ સ્તોત્રોનું વિશ્લેષણ પણ શિવ–સ્તોત્ર, વિષ્ણુસ્તોત્ર, શક્તિસ્તોત્ર, દત્તાત્રેયસ્તોત્ર આદિ વિવિધરૂપે થાય.

**[7]**

પરમ તત્ત્વનાં બે સ્વરૂપો – સગુણ અને નિર્ગુણ હોઈ ઉપાસના પણ, (1) સગુણ ઉપાસના, (2) નિર્ગુણ ઉપાસના, બે સ્વરૂપે થાય. સગુણ ઉપાસનાની વિધિઓમાં :

(1) ઉપાસ્ય દેવનાં નામ, રૂપ, ગુણ, લીલા, ધામનાં માહાત્મ્યનું ધ્યાનપૂર્વક વર્ણન.

(2) ઉપાસ્ય દેવ સાથે સમ્બન્ધ સ્થાપિત કરવો. ઉપાસ્ય–ઉપાસકનો સમ્બન્ધ પાંચ પ્રકારના ભાવયુક્ત હોય :

**(क) શાન્તભાવસમ્બન્ધ :** શમ, દમ, તિતિક્ષાપૂર્વક મૌન ભાવે, સમ્પૂર્ણ વાનપ્રસ્થ જીવન ઉપાસ્ય દેવની આરાધનામાં સમર્પિત.

(ख) **દાસ્ય–ભાવ સમ્બન્ધ :** આરાધ્ય દેવના સેવક, ચાકર દાસ–દાસી બની તેમની સર્વથા મૌન ભાવે સમર્પણપૂર્વક સેવા કરવી.

(ग) **સખ્ય–ભાવ સમ્બન્ધ :** આરાધ્ય દેવને પોતાના પૂજનીય મિત્ર–સખા જેમ ગણી પૂરા આદરપૂર્વક પોતાની બધી જ વાતો એમને નિવેદિત કરવી – એ જ આરાધના.

(घ) **વાત્સલ્યભાવ :** ઉપાસ્ય દેવના પોતે છોરુ યા શિષ્ય ભાવે સમ્બન્ધ બાંધી એ રીતે ઉપાસના કરવી.

(ङ) **શૃંગાર ભાવ સંબંધ :** ગોપીઓની જેમ ઉપાસ્ય દેવને પતિ–પ્રિયતમ સ્વરૂપે પ્રેમમયી ઉપાસના કરવી.

સગુણ ભક્તિ સ્તોત્રોમાં આવાં વિવિધ ભાવ–સમ્બન્ધનાં સ્તોત્ર નોંધપાત્ર છે.

(2) જ્યારે નિર્ગુણ ઉપાસનામાં ધ્યાનયોગસિદ્ધિ અન્તિમ વાસ્તવ સ્વરૂપને પિછાણવાની જિજ્ઞાસાયુક્ત ઉપાસના હોવાનું સમજાય છે.

**[7.1]**

ઉપાસનાના ચાર અંગ છે :

(1) **અર્ચના :** અર્ચના–પૂજા. મૂર્તિ–પ્રતીકની ઉપાસના. મૂર્તિ ધાતુ, પંચધાતુ, પાષાણની હોય યા મનઃકલ્પિત પણ હોય. માનસપૂજા–આત્મપૂજા આદિમાં જે સ્તોત્ર રચાયાં તેમાં વ્યક્ત થતાં ઉપાસના સ્વરૂપ અર્ચના પ્રધાન એટલે કે અર્ચા–વિગ્રહ = મૂર્તિ–પ્રતિમાને ઉદ્દેશીને રચાતું સ્તોત્ર.

(2) **સ્તુતિ : स्तु – स्तूयते इति** ધાતુ પરથી નિષ્પન્ન સ્તુતિ શબ્દનો અર્થ ઉપાસ્ય દેવના ગુણોની પ્રશંસા ગુણાનુવાદ



– કીર્તનરૂપ સ્તુતિ સ્તોત્ર કાવ્યનું મહત્ત્વ પૂર્ણ સ્વરૂપ છે. સ્તુતિ ત્રણ પ્રકારની હોય.

(क) **વૈદિક સ્તુતિ :** વેદમાંની સ્તુતિઓ મોટે ભાગે **સૂક્ત** = શોભન ઉક્તિ વિશેષ પ્રકારની છે. વેદમાં નિબદ્ધ દેવસ્તુતિઓનો નિશ્ચિત મંત્ર સમૂહ. જેમ કે – **"अग्निमीळे..."** આદિ અગ્નિ–સૂક્ત છે. "સહસ્રશીર્ષ..." ...આદિ પુરુષ સૂક્ત છે. **"हिरण्य वर्णाम्..."** શ્રી સૂક્ત છે.

(ख) **પુરાણગ્રથિત સ્તુતિ :** પુરાણોમાં વિવિધ પ્રસંગ, કથા પ્રસંગે થયેલી સ્તુતિઓ. વસ્તુતઃ ભગવદ્‌ગુણાનુવાદ સ્વરૂપ કાવ્ય રચનાનો નોંધનીય પુરસ્કાર શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં થયો હોવાનું સમજાય છે. દ્વાદશ સ્કન્ધના અધ્યાય બારમાં સૂતજી કહે છે **"संकीर्त्यमानो..."** (શ્લો. 47 થી 56)માં "જે વાણી દ્વારા ઘટ–ઘટવાસી અવિનાશી ભગવાનનાં નામ, લીલા, ગુણનું ઉચ્ચારણ ન થાય તે વાણી ભાવપૂર્ણ હોય તો પણ નિરર્થક... અસત્કથા છે. જે વાણી વચન ભગવાનના ગુણોથી પૂર્ણ હોય એ જ પરમ પાવન, મંગલમય અને પરમ સત્ય છે." આદિ

(ग) **તાન્ત્રિક સ્તોત્ર :** તન્ત્ર શાસ્ત્રના ગ્રન્થોમાં નિબદ્ધ સ્તુતિઓ.

(3) **જપ :** મન્ત્ર જપ પ્રસિદ્ધ છે. તેમાં ઉપાસ્ય દેવ – પદ ચતુર્થી વિભક્તિમાં (**नमस्करणे चतुर्थी**) મૂકી, આદિમાં **પ્રણવ–ॐ** મૂકી મન્ત્ર રચના થાય. જેમ કે **ॐ નમઃ શિવાય**, પછી તેમાં બીજમન્ત્ર મૂકીને મન્ત્રને વધુ વ્યાપક

અર્થસભર અને વધુ પ્રભાવક બનાવાય. કયારેક મન્ત્ર ૐ કાર તેમજ ચતુર્થીના પ્રયોગ વિના રચાયેલા હોય છે. જેમ કે, “હરે રામ હરે રામ, દિગમ્બરા દિગમ્બરા, દત્તાત્રેય હરે કૃષ્ણ” આદિ પૂજનીય સ્વામી મહારાજશ્રી, પૂજનીય શ્રી અવધૂતજી જેવાએ આવા મન્ત્રોને સ્તોત્રમાં ગૂંથી મન્ત્ર ગર્ભ સ્તોત્રોની રચના કરી હોવાનું પ્રસિદ્ધ છે.

(4) **ધ્યાન :** ઈષ્ટ દેવનાં સગુણ રૂપનું ધ્યાન, તેમાં તલ્લીનતા દ્વારા નિર્ગુણ સ્વરૂપની અભિવ્યક્તિ થતાં તે અનુભૂતિ પણ તત્ત્વતઃ પૂજાનું સ્વરૂપ છે એમ કહી શકાય.

**[7.2]**

સ્તોત્ર અને સ્તુતિ લગભગ સમાનાર્થી હોવા છતાં ય રચના તથા નિરૂપ્ય વિષયની દૃષ્ટિએ સ્તુતિ સ્તોત્ર કરતાં વ્યાપક અર્થ ધરાવે છે. સ્તુતિ કવચિત પ્રશસ્તિ પ્રકારની પણ હોઈ શકે. સ્તોત્રમાં સ્તોતા ભક્ત અને સ્તુત્ય આરાધ્ય દેવ વચ્ચેનો પ્રત્યક્ષ સમ્બન્ધ છે. સ્તુતિ ગુણવાન વ્યક્તિઓ–મનુષ્યોની પ્રશસ્તિ રૂપે પણ હોઈ શકે. ટૂંકમાં, ઈષ્ટ દેવતાની ‘સ્તુતિ’ સ્વરૂપતઃ સ્તોત્રકાવ્ય હોય એમ કહી શકાય.

**[8]**

ભક્તિનું પ્રત્યક્ષ ક્રિયાત્મક સ્વરૂપ ઉપાસ્યની **પૂજા** છે. **પૂજ્** ધાતુ પરથી નિષ્પન્ન પૂજામાં શબ્દ તેમજ પુષ્પ આદિ ઉપચારો દ્વારા અર્ચનાનો અર્થ નિહિત છે. હિન્દુ ઋષિ–મુનિઓ, ધર્મશાસ્ત્ર પ્રવર્તકો અને પુરાણોમાં નિરૂપિત પૂજા પદ્ધતિ તેના પ્રયોગની દૃષ્ટિએ અત્યન્ત ચુસ્ત છે. પૂજાના પાંચ (પંચોપચાર), સોળ (ષોડશોપચાર), અઢાર, ચોંસઠ જેટલા ઉપચારોનું વિધાન છે. તેમાં મૂળ ગૃહીત [assumption] **યથા पिण्डे तथा ब्रह्मांडे** = જેવું મનુષ્ય તરીકે મારે જરૂરી છે તે બધું જ મારા દેવને પણ જરૂરી છે = **यथा देहे तथा देवे.** તેથી ઉપચારોમાં ધ્યાન, આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન (અભિષેક–



મહાભિષેક), વસ્ત્ર, યજ્ઞોપવિત, ગન્ધ (ચન્દન), ધૂપ, દીપ. નૈવેદ્ય, તામ્બૂલ, પ્રદક્ષિણા, દક્ષિણા, વિશેષ અર્ઘ્ય, આરતી–નિરાજન અને વિસર્જન જેવા ઉપચાર ઈષ્ટમન્ત્ર (જેમકે પુરુષસૂક્ત) પરમાત્માને સમર્પિત કરવાના હોય.

પૂજા અને સ્તોત્રમાં સમાનતાનો પ્રશ્ન જ નથી, બન્ને જુદી બાબત છે; પણ પૂજાની વિધિમાં વૈદિક સૂક્ત સ્તોત્ર, સ્તુતિનો ઉપયોગ અનિવાર્ય છે. પ્રત્યેક ઉપચાર સાથે કોઈક મન્ત્ર, સ્તોત્રનો સતત પાઠ થતાં ઉભય વચ્ચે સામ્ય સધાય છે.

**[8.1]**

સ્તુતિ અને પ્રાર્થના બન્ને લગભગ સમાન એવા ભક્તિ ભાવનું વહન કરનારા શબ્દો છે, છતાંય જ્યાં સ્તુતિમાં ઈષ્ટનું યશ–ગાન યા ગુણાનુવાદ મુખ્ય છે ત્યાં પ્રાર્થના – **उपयाञ्चायाम्** – યાચનાનો ભાવ છે. અર્થ શબ્દમાં પ્ર પૂર્વગ લાગતાં પ્રાર્થ–પ્રાર્થના શબ્દમાં પોતાનાથી ઉચ્ચ એવી સત્તા–દેવ, પરમાત્મા પાસે દીનતાપૂર્વકની યાચના છે. સ્તુતિમાંની પ્રશંસા–ગુણકીર્તન ઉપરાંત પ્રાર્થનામાં યાચના ભાવ રહેલો છે. એ સંદર્ભમાં ભક્તના ચાર પ્રકાર – (1) અર્થાર્થી, (2) આર્ત, (3) મુમુક્ષુ યા જિજ્ઞાસુ અને (4) જ્ઞાની યા મુક્તમાં અર્થાર્થી ભક્તનું સ્તોત્ર પ્રાર્થનામય, જેમાં ક્ષમાયાચના, રક્ષાયાચના, કરુણાયાચનાનો સમાવેશ થાય.

**[8.2]**

સ્તોત્રમાં ભક્તિનાં વિવિધ સ્વરૂપો જોવા મળે છે. નવધાભક્તિનું નિરૂપણ શ્રીમદ્ ભાગવતમાં થયું છે :–

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ॥**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥**

આ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ(ચરણ) સેવા, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદનરૂપ નવધા ભક્તિમાં મધુરા, પ્રેમા,

રાગાનુગા ભક્તિનું નિરૂપણ વૈષ્ણવ સમ્પ્રદાયના ગ્રન્થોમાં થયું છે. **નારદભક્તિ સૂત્ર**માં આરાધ્ય પ્રત્યેની ભક્તની અગિયાર આસક્તિ–ભક્તિ બતાવી છે – (1) ગુણ માહાત્મ્ય આસક્તિ, (2) રૂપાસક્તિ, (3) પૂજાસક્તિ, (4) સ્મરણાસક્તિ, (5) દાસ્યાસક્તિ, (6) સખ્યાસક્તિ, (7) કાન્તાસક્તિ, (8) વાત્સલ્યાસક્તિ, (9) આત્મનિવેદનાસક્તિ, (10) તન્મયાસક્તિ, (11) પરમવિરહાસક્તિ.

પૂજનીય પ.પ.શ્રી વાસુદેવાનન્દ સરસ્વતીનાં સ્તોત્રોમાં અહીં દર્શાવેલ સ્તોત્ર લક્ષણો મૌલિક રચના સ્વરૂપે દર્શનીય છે, આસ્વાદ્ય અને સદ્ય સુબોધ છે.

❒

# 7 સ્વામી મહારાજશ્રીની સ્તોત્ર રચના : અવલોકનાત્મક ભૂમિકા

**(1)**

પ.પૂ. સદ્‌ગુરુ ભગવાનશ્રી વાસુદેવાનન્દ સરસ્વતી ઈશ અભિન્ન દત્તાવતાર સ્વરૂપ હોવા બાબતે હવે કશી શંકાને સ્થાન નથી. શ્રેષ્ઠ શ્રી દત્તોપાસક-શ્રી દત્તભક્ત શ્રી ગણેશ ભટ્ટ તથા સૌ. રમાબાઈનાં દામ્પત્યજીવનમાં વ્યાપ્ત ધર્માચરણ, પ્રભુપરાયણતા અને સદ્‌ગુરુ સેવાની ઉત્કટતા જોઈને પ્રસન્ન થયેલા શ્રી દત્ત મહારાજશ્રીએ ભગવતી રમામાતાને સ્વપ્નમાં દર્શન આપી કહ્યું : ''તમે અત્રિ ગોત્રના મારા પિતાશ્રીના જ ગોત્રજ છો. તેથી તમારી સેવાથી સન્તુષ્ટ થઈ હું જગદુઉદ્ધાર માટે તમારા ઉદરે જ જન્મ લઈશ; ચિન્તા કરવાની જરૂર નથી.'' એ જ રીતે સંન્યાસ લેવા ઉદ્યુત થયેલા શ્રી ગણેશ ભટ્ટને કાશી ક્ષેત્રમાં સ્વપ્ન દર્શનમાં સદ્‌ગુરુ ભગવાને કહ્યું : ''તું સંન્યાસ ના લઈશ. તરત જ તારે ગામ-ઘરે પાછો જા (**''ઘરે જા ગણેશ પાછો...''**). હવે તત્કાલ શ્રી દત્તાત્રેય તારે ત્યાં અવતાર ધારણ કરનાર છે; એ જ તારો ઉદ્ધાર કરશે. શ્રી ગણેશ ભટ્ટ આ આજ્ઞા માથે ચડાવી તત્કાળ **માણગૉંવ** આવ્યા અને યથાસમયે પૂજનીય સ્વામી મહારાજશ્રીનો વાસુદેવ નામે અવતાર થયો.

**(2)**

માનવીય દેહે વિદ્યાર્થી અવસ્થામાં સ્વામી મહારાજશ્રી અધ્યયનની બાબતમાં પ્રમાણમાં ઘણો ઓછો સમય આપી શક્યા હતા. આગળ જતાં એમણે અધ્યયન પૂર્ણ કર્યું. અલબત્ત, એમને જ્યોતિષ શાસ્ત્ર સુપેરે અવગત હતું; છતાંય એ પ્રકારનાં અધ્યયન-અભ્યાસથી સર્વશાસ્ત્ર

વેત્તા થવું તથા તેમણે રચેલા ગ્રન્થોમાં ઊડીને આંખે વળગે તેવું **પ્રમેયગ્રન્થ**નું રચના સામર્થ્ય નિતાન્ત આશ્ચર્યકારક છે. એમણે રચેલા ગ્રન્થો વ્યાકરણ, સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, પૂર્વ-ઉત્તર મીમાંસા તથા સાહિત્ય-કાવ્યશાસ્ત્રનાં તત્ત્વોથી પરિપૂર્ણ છે. આવાં બધાં જ શાસ્ત્રોનાં તત્ત્વોથી સાંગોપાંગ સમ્પૂર્ણ ગ્રન્થો સ્વામી મહારાજશ્રી સિવાય ભાગ્યે જ કોઈ રચી શકે એવું લાગે છે. આમ, તેમનાં જીવન ચરિત્રની અઘટિત ઘટનાપટીય વિશિષ્ટતાઓ જોતાં આવા દેવપુરુષની પરાવાણીમાં નિબદ્ધ ગ્રન્થોનું અધ્યયન અધિકાર સમ્પન્ન અધ્યેતા માટે શ્રદ્ધેય બની રહે એ સ્વાભાવિક છે. એ અભ્યાસક્રમમાં તેમણે રચેલાં સ્તોત્રોનું અધ્યયન વિશેષ આનન્દ અને સવિશેષ ફળદાયી છે.

**(3)**

સ્તોત્ર એટલે જ સ્તુતિ રૂપે પરમકૃપાળુ પરમાત્માને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન. બધા જ બ્રહ્માદિ દેવો સ્તુતિપ્રિય છે. અલબત્ત, પરમકૃપાળુ પરમાત્મા તત્ત્વતઃ **આપ્તકામ**, **પૂર્ણકામ**, **નિષ્કામ** હોઈ; તેમને બીજા દ્વારા થતી પોતાની સ્તુતિની અપેક્ષા ન જ હોય એ સ્વાભાવિક છે. આમ છતાંય જીવસૃષ્ટિનું કલ્યાણ કરવા માટે, તેનો ઉદ્ધાર કરવા માટે તેમણે પોતે થઈને **સગુણતા = સવિશેષતા** સ્વીકારી પ્રાણીઓનું શ્રેય કરવા માટે પોતે સ્તુતિ પ્રિય હોવાનું સ્વીકાર્યું છે. સ્તવનથી ઈષ્ટદેવ સત્વરે પ્રસન્ન થતાં તેમના કૃપા-પ્રસાદથી જીવોને ભુક્તિ-મુક્તિસ્વરૂપ શ્રેયની પ્રાપ્તિ થાય છે. સ્વયંશ્રી ભગવાને શ્રીમદ્ભાગવતમાં મહાત્મા ઉદ્ધવજીને **ઉપાસન-અર્ચા ક્રિયાયોગ** બતાવતાં કહ્યું છે કે -

**स्तवैरुच्चावचैः स्तोत्रैः पुराणैः प्राकृतैरपि ।**
**स्तुत्वा प्रसीद भगवन्निति वन्देत दण्डवत् ॥ भा. ११।२७।४५**



અર્થાત્ પ્રાચીન ઋષિઓ દ્વારા યા પ્રાકૃત ભક્તો દ્વારા રચાયેલાં નાનાં મોટાં સ્તવ યા સ્તોત્ર દ્વારા મારી સ્તુતિ કરીને પ્રાર્થના કરવી : ''હે ભગવાન, આપ મારા પર પ્રસન્ન થાઓ અને આપના કૃપા પ્રસાદથી મને સભર બનાવી દો.'' ત્યાર પછી દણ્ડવત પ્રણામ કરવા. આ ચર્ચાના સન્દર્ભમાં સ્વામી મહારાજશ્રી વિરચિત સ્તોત્ર રચનાનું બને એટલું તાત્ત્વિક અવલોકન કરવું ઘટે.

**(4)**

સ્તોત્ર રચના સ્વરૂપતઃ ભક્તિભાવપરક હોવા છતાંય સ્તોત્રમાં ભક્તિભાવ વિવિધ ઉદ્દેશથી પ્રગટ થતાં સ્તોત્રનાં સ્વરૂપમાં વૈવિધ્ય દેખાઈ આવે - પ્રાર્થના, ક્ષમાયાચના, સ્તુતિ, ધ્યાન, ભજન, ચિન્તન, પૂજન નામ-સ્મરણ, વિનવણી, આરતી, માનસપૂજા, આવાહનાદિ ષોડષોપચાર પૂજા આદિ બધાં ભક્તિભાવનાં જ વિવિધ સ્વરૂપો છે તેથી તદ્ વિષયક રચાતી રચના સ્તોત્ર જ છે.

સંસ્કૃતનું વિપુલ સ્તોત્ર સાહિત્ય મૂલતઃ જ્ઞાન, કર્મ, ભક્તિરૂપ ત્રણ કાંડમાં વિભાજિત હોવા છતાંય તે બધાં જ **રસાત્મક વાક્ય** સ્વરૂપે એક જ પ્રકારનાં હોવાનું સમજાય છે.

શ્રી દત્તાવતાર પૂજનીય સ્વામીમહારાજશ્રી તેમની મૈલિક શ્રી દત્તાત્રેય પરકતા - **''वासुदेवः सर्वमिदम्''**ની જેમ **''दत्तदेवः सर्वमिदम्''**ની સ્થાપના સ્વરૂપ એક નોખું જ વ્યક્તિસ્વરૂપ હતા. ભગવાનશ્રી દત્તાત્રેયનાં અનેકવિધ સ્વરૂપે બધા જ દેવો તેમનાં દર્શનમાં પ્રત્યક્ષ થતા હતા. **શ્રીદત્ત પ્રાર્થનાતારાવલી** સ્તોત્રમાં કહે છે :

**तत्त्वोऽखिलं जातमिदं हि विश्वं**
**त्वमेव सर्वं परिपासि विश्वम् ॥**
**त्वं शक्तितो धारयसीह विश्वं**
**त्वमेव भो संहरसीश विश्वम् ॥३॥**

અર્થાત્ આ સમગ્ર વિશ્વ (હે પ્રભુ !) આપનામાંથી જ ઉદ્ભવ્યું છે; આપ જ આ અખિલાઈનું પરિપાલન કરો છો. આપ જ આપની શક્તિથી સમસ્ત વિશ્વને ધારણ કરો છો અને હે ઈશ આપ જ વિશ્વનો સંહાર કરો છો. આમ, સ્વામી મહારાજશ્રીની અનુભૂતિ પ્રમાણે ભગવાનશ્રી દત્તાત્રેય જ સર્જક, પાલક, ધારક, સંહારક સમસ્ત દેવરૂપ છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, ભગવતી શક્તિ આદિ શ્રીદત્તનાં જ સ્વરૂપો છે. તેઓ જ સચ્ચિદાનન્દ સ્વરૂપે યોગીજનોનું ધ્યેય છે. **प्रार्थनास्तोत्रम्**માં કહે છે :

**त्वमसि मम दैवतं त्वमसि मम जीवितम्**
**त्वमसि मम सकलहित जातमेतत् ।**
**त्वमसि ममचालक स्त्वमसि मम पालक**
**स्त्वमसि मम तारको दत्तदेव ॥३॥**

અર્થાત્ હે પ્રભુ શ્રી દત્તદેવ ! આપ જ મારું દૈવત, આપ જ મારું જીવન, આપ જ મારું સર્વ હિતરૂપ આ બધું જ છો. આપ જ મારા ચાલક, આપ જ મારા પાલક અને આપ જ મારા તારક દેવ છો.

આમ, શ્રી દત્તાત્રેય પ્રભુને ઉદ્દેશીને એમણે અનેક અભંગ (ગેયસ્તુતિ), પાળણા (હાલરડાં-Lullaby), ભૂપાલી (પ્રભાતિયાં સ્વરૂપે ગવાતી એક રાગિણી), પદ (ગેય રચના) રચ્યાં છે. શ્રીદત્તાત્રેયના સોળ અવતાર, શ્રી દત્ત-અષ્ટોતરશતનામ, શ્રીદત્તસહસ્રનામ, શ્રીસત્યદત્તકથા, શ્રીસત્યદત્તપૂજા;, **नित्योहि यस्य महिमा**... આદિ ભાવગંભીર શબ્દોમાં શ્રીદત્તપ્રબોધ, પ્રાતઃ સ્મરણ, ભજન, આદિ.

## (5)

પૂર્વે થયેલા મહાન ભક્ત સર્જકોની કૃતિઓ અનુસાર વિચાર સમ્પદાનું પોતાની વાણીમાં કરેલું નિરૂપણ અનોખું અને અદ્ભૂત છે. જેમ કે;



(૧) **श्रीकृष्णालहरी** તથા **श्रीनर्मदालहरी** રચનાઓ એક બાજુ ભગવત્પાદ શંકરાચાર્યના **श्रीसौन्दर्यलहरी** તથા **आनन्दलहरी** સ્તોત્રની અર્થગંભીરતા અને નિરૂપણ વિદગ્ધતા તથા બીજી બાજુ પણ્ડિતરાજ જગન્નાથ વિરચિત શ્રી ગઙ્ગાલહરીની પ્રાસાદિકતા, માધુર્ય તથા કાવ્યાત્મક ચાતુર્યનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે.

(૨) ભગવત્પાદ શંકરાચાર્યના પ્રસિદ્ધ **परापूजा** સ્તોત્રની સ્મૃતિ કરાવે તેવું **मानसपूजा** સ્તોત્ર તેનાં રચના પ્રયોજનની દૃષ્ટિએ ઘણું અર્થસભર છે.

(3) ભગવત્પાદ શ્રી શંકરાચાર્યના **દેવ્યપરાધ સ્તોત્ર** જેવું જ સ્વામી મહારાજશ્રીનું **श्री दत्तात्रेय क्षमापराध** સ્તોત્ર, **श्रीरामरक्षा स्तोत्र** તથા રુદ્રયામલના પ્રસિદ્ધ **श्री दत्तात्रेय कवच** જેવું જ તેમનું **श्री दत्तात्रेयकवच** સ્તોત્ર ઉપાસકો માટે ઉપાદેય છે. શ્રીવિષ્ણુસહસ્રનામ જેવાં જ **दकारादिश्रीदत्तसहस्रनाम** સ્તોત્રની વિશેષતા એ છે કે તેમાં શ્રી દત્તાત્રેય ભગવાનના લીલાવિગ્રહોની ગાથાની ગૂંથણી સાથે આખી રચના દકાર-આદિ ક્રમમાં નિબદ્ધ છે; તેમજ સમગ્ર રચનામાં કયાંય શ્રી દત્તભક્તનાં નામનો ઉલ્લેખ નથી.

## (6)

**गीतिपूर्वकश्रीगणपतिस्तोत्र** માં **सुमुख** અને **वक्रतुण्ड** નામોની વ્યુત્પત્તિ એવી રીતે ગૂંથી છે કે સ્તોત્ર આસ્વાદ્ય બની રહે છે. ‘‘જે લોકો વિહિત કર્મ-ધર્મ ત્યજી નિષિદ્ધનું આચરણ કરે છે તેમને ભગવાન **वक्रतुण्डः वक्रास्तान्तुण्डत्येष वक्रतुण्ड प्रकीर्तितः** । અહીં, **तुण्ड** શબ્દમાં શ્લેષઅલંકાર છે; એ શબ્દના બે અર્થ થાય. **तुण्ड** એટલે મુખ-સૂંઢ

= વક્રતુંડ અને વાંકુ છે મુખ (સૂંઢ) જેનું તે. **तुण्ड** ધાતુ (૧.આ.પ.) **तुण्डते**... એટલે તોડવું, રડાવવું. અર્થાત્ અવળા માર્ગે જનાર લોકોના મોઢાં (ડાચાં) તોડી નાખતા હોવાને કારણે ગણપતિ **वक्रतुण्ड** કહેવાય છે. (અહીં નોંધવું ઘટે કે પુણેથી પ્રકાશિત સ્તોત્ર સંગ્રહમાં **तुण्डयत्येष** - એ છાપ ભૂલ છે. શબ્દ **तुण्डयति** નથી.)''

ખાસ તો વિભિન્ન ભગવત્ સ્વરૂપોમાં સમન્વય સ્થાપિત કરવાનો સ્વામી મહારાજશ્રીનો અભિગમ સર્વથા સ્તુત્ય અને પ્રેરક છે. દેવ પંચાયતન સ્તોત્રોમાંના ''**विष्णोः**'' સ્તોત્રમાં એમણે કરેલું પ્રતિપાદન આત્મસાત કરવા જેવું અને જીવનમાં ઊતારવા જેવું છે :

**विष्णुः शिवो गणेशोऽर्कः शक्तिश्चेति पृथङ् न हि ।**
**एकोऽजः पञ्चधा जातः कुतो भेदोऽस्ति दैवतैः ॥१२॥**

અર્થાત્ શ્રી વિષ્ણુ, શિવ, ગણેશ, અર્ક, શક્તિ એ જુદા નથી. એક જ **અજ** = **અજન્મા** પાંચ સ્વરૂપે પ્રગટ્યું છે. તેમના દૈવતમાં ભેદ કઈ રીતે સંભવે? માટે :-

**देवद्रोहस्ततस्त्याज्यस्तद् भक्तस्यापि सर्वदा ।**
**यथारूचीश्वरः सेव्यो नान्यया भेदमाचरेत् ॥**

માટે દેવના કોઈ પણ સ્વરૂપનો દ્રોહ-વિદ્રોહ તેમજ જે તે દેવના જે તે ભક્તોનો દ્રોહ સર્વથા ત્યાજ્ય છે. દરેકે પોત-પોતાની રુચિ પ્રમાણે (આ પાંચમાંથી જે ગમે તે) દેવનું સેવન-ભજન કરવું. અન્ય પ્રત્યે ભેદ દાખવશો નહીં.

## (6.1)

**वेदान्तपररामायणम्** અને **वेदान्तपरभागवतम्** સ્તોત્રોમાં મહારાજશ્રીએ દર્શાવેલી વેદાન્તી વિચારધારા તથા તે બે મહાન ગ્રન્થોમાં નિહિત આધ્યાત્મિક રૂપકનું સ્પષ્ટીકરણ સહજ સંવેદ્ય છે.



**આત્મપૂજા** અને **માનસપૂજા**ની મૌલિક દૃષ્ટિ, શ્રી નરસોબાવાડી - **श्री दत्तपादुकाष्टकम्** સ્તોત્ર દ્વારા ગુરુમહારાજશ્રીની કીર્તિનો દિગન્ત વ્યાપ દર્શનીય અને આસ્વાદ્ય છે.

પૂજનીય સ્વામી મહારાજશ્રીનું સાહિત્ય સહિત સકલશાસ્ત્ર પરનું પ્રભુત્વ તથા સંસ્કૃત ભાષા પ્રત્યેનો લોકોત્તર અનુરાગ એમની ગ્રન્થ રચનાઓમાં સર્વત્ર સરળતાથી જોઈ શકાય છે; તો કાવ્યરચના માટેની અલૌકિક બીજભૂત સર્ગશક્તિ તેમનાં સ્તોત્ર કાવ્યોમાં સહૃદય શ્લાધ્ય અને ભક્ત હૃદયને પ્રેરણાપ્રદ બની રહે છે. શબ્દાલંકાર, અર્થાલંકાર, પ્રસાદાદિ ગુણ, મંત્રગર્ભ રચના, ચિત્ર બન્ધયુક્ત શબ્દ યોજના, વિદગ્ધ ભાવાનુરૂપ રસાત્મક રચના શૈલી, તાલ-લય બદ્ધ પદરચના, સહજ સ્મરણીય એવી ધ્રુવપદ (પાલુપદ-ટેક) યોજના આદિ એમનાં સ્તોત્ર સાહિત્યની કેટલીક વિશિષ્ટતાઓ છે. તેમાંની કેટલીક વિશેષતાઓ અહીં નોંધવી અસ્થાને નહીં ગણાય.

(1) શ્રી **रामचन्द्रस्तोत्र** આઠ શ્લોકનું છે. પ્રત્યેક શ્લોકના ૧, ૩, ૫ (વિષમ ચરણ)ના પ્રથમ અક્ષરને ઊભી હારમાં વાંચતાં **श्री राम जय राम जय जय राम** મંત્ર તથા ૨, ૪, ૬ (સમચરણ)ના પ્રથમ અક્ષરને ઊભી હારમાં વાંચતાં **ॐ नमो भगवते दत्तात्रेयाय** મન્ત્ર ગર્ભિત હોવાનું સ્પષ્ટ થાય છે.

(2) શ્રી મારુતીસ્તોત્રના નવ શ્લોકના પ્રત્યેક ચરણ (વિષમ ચરણ)ના પ્રથમ અક્ષરને ઊભી હારમાં વાંચતાં ॐ **नमो भगवते आञ्जनेयाय महाबलाय स्वाहा** મન્ત્ર નિષ્પન્ન થાય છે.

(3) એ જ રીતે **श्री अन्नपूर्णा स्तोत्रम्**માં ચારમન્ત્રગર્ભિત છે. **सप्तपुरीस्तोत्रम्**માં સાતે ય પુરીનાં નામ ગૂંથાઈ ગયા છે. **श्री विनायक स्तोत्रम्** પ્રત્યેક પંક્તિના પ્રથમ અક્ષરને ઊભી

હારમાં વાંચતા **वासुदेवानन्द सरस्वती कृत विनायक स्तोत्रमिदं समन्त्रकं** તથા પ્રત્યેક પંક્તિના અક્ષર ક્રમાંક ૫, ૯ અને ૧૨ વાંચતા અનુક્રમે **दत्तात्रेयाय विद्महे अवधूताय धीमहि तन्नो दत्तः प्रचोदयात् = श्री दत्तगायत्री, एक दन्ताय विद्महे वक्र तुण्डाय धीमहि तन्नो दंती प्रचोदयात् = श्री विनायक गायत्री** તથા **तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि तन्नो रुद्रः प्रचोदयात् = श्रीरुद्रगायत्री** થાય છે.

(4) ખૂબ જ આશ્ચર્યકારક સ્તોત્ર તો મન્ત્રગર્ભ **श्री दत्तात्रेयाष्टोत्तर शतनाम स्तोत्रम्** છે. ૧૨ શ્લોક ૨૪ પંક્તિના આ સ્તોત્રમાં શ્રી દત્તાત્રેયના એક સો આઠ નામની ગૂંથણી એવી રીતે કરી છે કે તેમાં ૧૨ મન્ત્ર ગર્ભિત થાય છે.

(5) **दत्तभजनम्** આમ તો ભજન છે, પરન્તુ તેની ૬૪ ગેય કંડિકા-પંક્તિઓ શ્રીમદ્દત્તપુરાણ મહાગ્રન્થના ૬૪ અધ્યાયની અનુક્રમણિકા છે.

**(7)**

સંસ્કૃત કાવ્ય સાહિત્યમાં **ચિત્રકાવ્ય** સર્જન એક વિશિષ્ટ કાવ્ય સ્વરૂપ છે. કદાચ વિશ્વનાં બીજાં કોઈ ભાષા સાહિત્યમાં ક્યાંય **ચિત્રકાવ્ય** સ્વરૂપ હોય એવું મારી જાણમાં નથી. અતિ ઉત્કટ સર્ગશક્તિ સમ્પન્ન મહાન કવિ જ છન્દોબદ્ધ રચનામાં અક્ષર-યોજના એવી રીતે કરે જેથી સમગ્ર કાવ્ય દ્વારા ખડ્ગ (ખડ્ગનું ચિત્ર), મુરજ (મૃદંગ), હાર, ગોમૂત્ર રેખા જેવાં શબ્દ-રેખાચિત્રો તૈયાર થાય. પૂજનીય સ્વામી મહારાજશ્રીએ પોતાનાં સ્તોત્રોમાં આવાં ચિત્ર-બન્ધ કાવ્યોની રચના કરી છે. ચિત્ર કાવ્યની રચના અર્થગ્રહણની દૃષ્ટિએ ઘણી દુર્બોધ બની રહે એ સ્વાભાવિક છે. છતાંય સ્વામી મહારાજની રચનાઓ પ્રમાણમાં સુબોધ હોવાનું જોઈ શકાય છે.



**(8)**

ચિત્રકાવ્યની જેમ જ **चम्पूकाव्य** પ્રકાર પણ સંસ્કૃત ભાષા સાહિત્યનું એક મનભાવન કાવ્ય સ્વરૂપ છે. આવું કાવ્ય સ્વરૂપ વિશ્વનાં બીજાં કોઈ કાવ્ય સાહિત્યમાં હશે કે કેમ તે વિશે મને શંકા છે. **चम्पू** કવિની અદ્ભૂત પ્રજ્ઞા પ્રચૂર સર્ગશક્તિ દ્વારા રચાતી વિદગ્ધ અને ચમત્કૃતિ પૂર્ણ ગદ્ય-પદ્યાત્મક રચના છે. ભગવાન શ્રી દત્તાત્રેયના લીલા વિગ્રહનું રસદર્શન કરાવતી **श्री दत्तचम्पू** કાવ્યરચના પર સ્વામી મહારાજશ્રીની સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા પણ છે. તે ઉપરાંત **श्री नरसिंह वाटिकावर्णमय्** ચમ્પૂ રચના અનુપમ અને પરમ આસ્વાદ્ય એવું કાવ્ય સ્વરૂપ છે.

**(9)**

કોઈક રાગ-રાગિણીમાં સૂરયોજના અનુસાર ગેય પદરચનામાં ધ્રુવપદ (પાલુપદ) હોય જ, પણ અહીં છન્દોબદ્ધ સ્તોત્ર રચનામાં ધ્રુવપદની રચના કવિની મૌલિકતાનું નિદર્શન બની રહે છે. જેમ કે;

(1) **श्री कृष्णालहरी**માં

**नमः श्री कृष्णे ते जयशमिततृष्णे गुरुमते ।**

આ કાવ્યનું ધ્રુવપદ છે. કવિ કહે છે : સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય, શ્રીપાદશ્રીવલ્લભ, શ્રી નરસિંહસરસ્વતીની માનિતી, પોતાના ભક્તોની તૃષ્ણા (તરસ અને તીવ્ર ઈચ્છા)નું શમન કરનારી હે કૃષ્ણે તારો જય થાઓ; એટલે કે પ્રવાહ સ્વરૂપનો નિત્ય ઉત્કર્ષ થાઓ. આ ધ્રુવ પદનો વિભિન્ન સન્દર્ભમાં અનેકવિધ નૂતન અર્થ પ્રગટ થતાં સમગ્ર રચના ભાવકના સંવેદન તન્ત્રને ભક્તિ રસમય બનાવે છે.

(2) શ્રી દત્તાત્રેયની સ્તુતિમાં ત્રણ સ્તોત્રોના ધ્રુવપદ જેમ કે :

**(क) धोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ।**

**(ख) स्मर्तृगामी स माऽवतु ।**

**(ग) मम चित्तं स्थिरीकुरु** । આદિ આમ તો ધ્રુવપદવાળાં સ્તોત્રોની સંખ્યા સારી એવી છે.

(3) **श्री दत्तात्रेयअपराधक्षमापनस्तोत्रम्**માં **क्षमस्वापराधं क्षमस्वापराधम्...** ધ્રુવપદ તથા **द्विसाहस्री (श्री गुरुचरितम्)** ભગવાનશ્રી નરસિંહ સ્વામીના અભિવન્દન માટેનાં બન્ને સ્તોત્રમાંના ધ્રુવપદ -

- **वन्दे श्रीनृहरे सरस्वती वरं ते श्री पदाब्जद्वयम् ।**
- **वन्दे नृसिंहेश्वर पाहिमाम् त्वम् ।**

આમ, સ્તોત્ર રચનાની વૈદગ્ધ્યપૂર્ણ રસાત્મકતા તથા તેની બોધાત્મકતા ઉપરાંત રચનાશૈલીની રોચકતા, શબ્દરચનાનું નાદમાધુર્ય એ આ સ્તોત્રોની અનોખી વિશેષતા અને વિલક્ષણ એવી સમગ્રતા છે, એમ કહી શકાય.

❒